કલાપૂર્ણ સ્વાધ્યાય
૧૫

# શ્રી દશવૈકાલિક સૂત્ર સાર્થ
## અધ્યયન ૬-૭-૮

મુનિ અમિતયશ વિ.

।। અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીને નમઃ ।।

।। શ્રી પદ્મ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ।।

કલાપૂર્ણ સ્વાધ્યાય

૧૫

# શ્રી દશવૈકાલિક સૂત્ર સાર્થ
## (અધ્યયન ૬-૭-૮)


❧ દિવ્યાશિષ ❧

પૂ.આ.શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

❧ શુભાશિષ દાતા ❧

પૂ.આ.શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.

❧ સંપાદક ❧

મુનિશ્રી અમિતયશવિજયજી મ.સા.

મુનિશ્રી આગમયશવિજયજી મ.સા.



❧ લાભ લેનાર ❧

શ્રી વાગડ વિશા ઓશવાળ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ

જે.પી. રોડ, ડી.એન. નગર, સીતલાદેવી મંદિરની બાજુમાં,

અપના બજારની સામે, અંધેરી (વે), મું.-૫૩. ફોન : ૨૬૨૪ ૨૨૧૩

# પ્રસ્તાવના

આ જગતમાં જીવોને સાચી શાંતિ મેળવવી હોય તો દેવગુરૂ અને ધર્મના શરણે જવું જોઈએ. અને સાથે દર્શન, જ્ઞાન અને ચારિત્રની સાધનામાં ઉજ્જમાળ બનવું જોઈએ.

સ્વાધ્યાય વડે ક્ષણે ક્ષણે આત્મા આનંદમાં રહી શકે છે. સ્વાધ્યાય એ સાધુ જીવનનો પ્રાણ છે. આ પુસ્તકમાં દશ વૈકાલિક અધ્યયન ૬, ૭ અને ૮ના અર્થ આપેલા છે. તે અર્થ પૂ. આ.ભ. શ્રી ભદ્રંકરસૂરિ મ.સા. એ બહાર પાડેલ દશ વૈકાલિક પુસ્તકમાંથી નાની પુસ્તિકા સાધુ સાધ્વીજી મ.ને વધારે ઉપયોગમાં આવે તે માટે તેનું સંપાદન કરવામાં આવેલ છે. કુલ ચાર પુસ્તક કલાપૂર્ણ સ્વાધ્યાય ભાગ ૧૩, ૧૪,

મુનિ અમિતયશ વિ.

# છઠ્ઠું મહાચારકથા અધ્યયન

આ અધ્યયનમાં ઉદ્યાનમાં પધારેલા ગીતાર્થ ગુરુની સમક્ષ રાજા અને બીજા પણ બ્રાહ્મણ-ક્ષત્રિય વગેરે નગરવાસી જનોએ પૂછવાથી જ્ઞાની ગુરુએ 'વયછક્કં કાયછક્કં' ગાથામાં કહેલા સાધુના અઢાર આચારોની દુષ્કરતા સાથે તેનું વિસ્તૃત વર્ણન કરેલું છે. એમ આચારની કથા હોવાથી 'આચારકથા' અને ત્રીજા અધ્યયનમાં કહેલા ક્ષુલ્લક આચારોની અપેક્ષાએ અહીં કહેલા આચારો મોટા હોવાથી 'મહાચારકથા' એવું નામ છે.

પાંચમા અધ્યયનની ૧૦૮મી ગાથામાં જણાવ્યા પ્રમાણે ગોચરી ગયેલા સાધુને ઉપદેશ કરવાનો નિષેધ હોવાથી, ગોચરી ફરતા કોઈ સાધુને ગૃહસ્થોએ ધર્મનું સ્વરૂપ પૂછયું, ત્યારે તેણે ઉદ્યાનમાં જઈ ગુરુ પાસે ધર્મ સાંભળવા કહ્યું, તેથી રાજા વગેરે ઉદ્યાનમાં આવી જ્ઞાની ગુરુને ધર્મ પૂછે છે અને ગુરુ તેનો ઉત્તર આપે છે. એ રીતે પાંચમાની પછી આ અધ્યયનનો સંબંધ છે.

**નાણદંસણસંપન્નં, સંજમે અ તવે રયં ।**
**ગણિમાગમસંપન્નં, ઉજ્જાણંમિ સમોસઢં ।।૧।।**

**રાયાણો રાયમચ્ચા ય, માહણા અદુવ ખત્તિઆ ।**
**પુચ્છંતિ નિહુઅપ્પાઓ, કહં મે આયારગોયરો ।।૨।।**

જ્ઞાન દર્શન (શ્રદ્ધા)થી યુક્ત, (પાંચ આશ્રવના રોધરૂપ) સંયમમાં અને (બાર પ્રકારના) તપમાં રક્ત તથા આગમસંપન્ન-વિશિષ્ટ શ્રુતજ્ઞાની, એવા ઉદ્યાનમાં સમોસઢં-સમવસરેલા (પધારેલા) ગણિ-આચાર્ય ભગવંતને (૧) રાયાણો-રાજાઓ, રાયમચ્ચા-રાજાના અમાત્યો (મંત્રીઓ), માહણા-બ્રાહ્મણો, અદુવ-અને ખત્તિઆ-ક્ષત્રિયો (શેઠીઆઓ, સેનાપતિઓ વગેરે) નિહુઅપ્પાણો-શાન્ત ચિત્તવાળા (અર્થાત્ ભ્રમરહિત બે હાથથી અંજલિ કરીને) પૂછે છે કે મે-(હે ભગવંત!) આપનો આયારગોયરો-આચાર વિષય (અર્થાત્ ક્રિયારૂપ આચાર) કહં ?-કેવો છે ? (૨)

પહેલી ગાથામાં ગચ્છાધિપતિ આચાર્યનું સ્વરૂપ જણાવ્યું છે અને બીજી ગાથામાં રાજા વગેરે ધર્મના સ્વરૂપને પૂછે છે. એમાં એ સાર છે કે - રાજા-મંત્રી-શેઠ-શાહુકાર દરેકે પોતપોતાના કર્તવ્યને ધર્મગુરુ દ્વારા સમજવું જોઈએ. ધર્મગુરુ

માનવજાતિના નેતા છે, સર્વને પોતાના પૂર્વકૃત કર્મોના ઉદયથી મળેલી ભિન્નભિન્ન અવસ્થાઓ અને પ્રાપ્ત થયેલા સુખદુ:ખના નિમિત્તોને આત્મોપકારક બનવાનો માર્ગ બતાવનારા છે.

આર્યરાજાઓ રાજ્યતંત્ર ચલાવવામાં ગુરુની સલાહને અનુસરે તો તેઓનું રાજ્યસંચાલન ધર્મરૂપ બને, રાજ્યધર્મ અખંડ રહે અને રાજ્ય ચલાવવા છતાં સદ્ગતિને પામે. અન્યથા રાજ્ય નરક જેવી માઠી ગતિનું કારણ બને. ભૂતકાળના રાજાઓનો ઈતિહાસ આ હકીકતથી ભરપૂર છે. તે કાળની પ્રજા અને રાજાના સંબંધ પિતા-પુત્ર જેવા હતા અને ન્યાય, નીતિ, સદાચાર, ધર્મવ્યવહારો, નિર્વિઘ્ને પળાતા, તેમાં ધર્મગુરુઓની સલાહ મુખ્ય રહેતી.

સર્વ જીવો પ્રાય: સુખ-દુ:ખને ભોગવવાની આવડત વિનાના હોય છે, બહુધા મનુષ્ય સુખમાં ઉન્માદી અભિમાની અને દુ:ખમાં દીન બની જાય છે. તેને સુખ-દુ:ખમાં સમભાવ કેળવીને સ્વ-સ્વ અવસ્થાને ઉચિત કર્તવ્ય શિખવાડવું એ ગુરુનું કર્તવ્ય છે. માટે ગુરુપદને પામેલ આત્મા વિશિષ્ટ જ્ઞાની અને નિર્મળ-નિર્દોષ આચારવાળા તથા જીવમાત્રના કલ્યાણની ભાવનાવાળા હોવા જોઈએ. એવા વિશિષ્ટ

ગુણોવાળા કે તેવા ગુણવાનની આજ્ઞામાં જીવનારો સાધુ સ્વ-પરનું હિત સાધી શકે છે. અન્યથા સાધુ પણ કર્તવ્યભ્રષ્ટ થવાથી સદ્ગતિને પામી શકતો નથી. ૧-૨

**તેસિં સો નિહુઓ દંતો, સવ્વભૂયસુહાવહો ।**
**સિક્ખાએ સુસમાઉત્તો, આયક્ખઈ વિઅક્ખણો ।।૩।।**

નિહુઓ-ભ્રમરહિત ઔચિત્યયુક્ત, દંતો-(મન-ઈન્દ્રિયોને) દમનાર, સવ્વભૂયસુહાવહો-સર્વ પ્રાણીઓનું હિત કરનાર, સિક્ખાએ-(ગ્રહણ અને આસેવન) શિક્ષા (અર્થાત્ જ્ઞાન ક્રિયાને) સુસમાઉત્તો-સમ્યક્ પાળનાર (જ્ઞાન ક્રિયાનું ઐક્ય સાધનાર) અને ઉપદેશ આપવામાં વિઅક્ખણો-પંડિત, એવા સો-તે આચાર્ય તેસિં-તેઓને આયક્ખઈ-કહે છે કે - (૩)

ઉપદેશ કરનાર ધર્મગુરુમાં આ ગુણો હોવાથી તેનું વચન સ્વાર્થ વિનાનું અને સર્વેને ગ્રાહ્ય-ઉપકારક બને છે. અન્યથા બોલવામાં ચતુર છતાં વાસ્તવિક ઉપકાર કરી શકતો નથી, માત્ર ક્ષણિક અસર ઉપજાવે છે અને આખરે તેનો ઉપદેશ નિરર્થક બને છે. એથી આગળ વધીને ઉપદેશક અવગુણી હોય તો શ્રોતાઓને હાનિ પણ થાય છે. આ કારણે જ વિદ્વાન પણ જડના રાગથી રંગાએલો ગૃહસ્થાદિ ઉપદેશક

બની શકતો નથી. સામાન્ય જ્ઞાની પણ ધર્મગુરુ સદાચારી અને આત્માનુલક્ષી હોવાથી તેની પાસેથી ઉપદેશ સાંભળવાનો વ્યવહાર છે તે હિતકર છે. ૩

**હંદિ ધમ્મત્થકામાણં, નિગ્ગંથાણં સુણેહ મે ।**
**આયારગોઅરં ભીમં, સયલં દુરહિટ્ઠિઅ ।।૪।।**

હંદિ–અવ્યય ઉત્તર આપવા અર્થમાં છે, અર્થાત્ હે શ્રોતાજનો! ધમ્મત્થકામાણં–ધર્મના પ્રયોજનરૂપ મોક્ષની ઈચ્છાવાળા (એવા ચૌદ પ્રકારના અભ્યન્તર અને નવવિધ બાહ્ય) નિગ્ગંથાણં–પરિગ્રહથી રહિત સાધુઓનો કર્મરૂપ શત્રુઓને ભીમં–ભયંકર સયલં–સંપૂર્ણ અને સત્ત્વ વિનાના જીવોથી દુરહિટ્ઠિઅં–દુ:ખે પાળી શકાય તેવા (દુ:શક્ય) આયારગોઅરં–આચારરૂપ ક્રિયાકાણ્ડને મે–મારા કથનને સુણેહ–સાંભળો । (૪)

સત્ત્વગુણ વિના જડ ઈચ્છાના ત્યાગરૂપ આચારોનું પાલન દુષ્કર બને છે. કારણકે જડનો રાગ સદાચારોમાં આદર–બહુમાન પ્રગટવા દેતો નથી. માત્ર બાહ્યદષ્ટિએ પળાતા–મનને નહિ ગમતા આચારો દુષ્કર ને હોય તો પણ દુષ્કર લાગે છે. સત્ત્વશાળી જીવ જડના રાગને તોડવા શક્તિમાન્ હોવાથી દુષ્કર આચારો તરફ પણ આદર–બહુમાન પ્રગટાવી

શકે છે. માટે અહીં સાધુના ધમ્મત્થકામાણં વિશેષણનો અર્થ 'ચારિત્રધર્મ દ્વારા મોક્ષરૂપ અર્થને મેળવવાની ઈચ્છાવાળા' એવો કર્યો છે.

અનાદિ કાળથી અર્થાન્તરે જીવનું એ વિશેષણ તો છે જ, પણ તેનો અર્થ 'ધર્મ દ્વારા અર્થ એટલે ધન વગેરે મેળવવાની ઈચ્છાવાળો' એવો કરે છે. એ રીતે વ્યવહારનયથી અનેકવાર બાર વ્રતો રૂપ ગૃહસ્થનો અને ક્ષમા વગેરે દશ પ્રકારનો સાધુનો ધર્મ પાળવા છતાં જીવનો સંસાર તૂટયો નથી, તેમ વર્તમાનમાં પણ ધર્મના કડક આચારો પાળવા છતાં અર્થ અને કામની (વિષયોની) ઈચ્છા ન મરે તો સંસારથી મુક્તિ થાય તેમ નથી. માટે અહીં નિર્ગ્રન્થ સાધુનું સ્વરૂપ બતાવવા એ વિશેષણ દ્વારા એવું સૂચન કર્યું છે કે 'ધર્મ દ્વારા જે મોક્ષરૂપ અર્થને (પ્રયોજનને) સાધવા ઈચ્છે' તેવા મોક્ષાર્થી સાધુના આ આચારો કહું છું. અર્થાત્ સાધુએ આચારોનું પાલન અર્થ-કામની ઈચ્છાઓનો નાશ કરી મોક્ષની એક ઈચ્છાથી કરવું જોઈએ. અન્યથા એ ઈચ્છાઓથી ક્રોધાદિ કષાયો ઈચ્છા ન હોય તો પણ પોષાતા રહે છે અને સંસાર વધી જાય છે. ૪

**સાધુના આચારોનું મહત્ત્વ જણાવે છે કે -**

**નન્નત્થ એરિસં વુત્તં, જં લોએ પરમદુચ્ચરં ।**
**વિઉલટ્ઠાણભાઇસ્સ, ન ભૂયં ન ભવિસ્સઇ ।।૫।।**

જં-જે (સામાન્ય રીતે) લોકમાં (પ્રાણીઓને) પરમદુચ્ચરં-અતિદુશ્ચર (દુષ્કર) છે, તે એરિસં-આવા આચારને (વ્રતપાલનરૂપ ક્રિયાનુષ્ઠાનને) અન્નત્થ-બીજે (અન્ય ધર્મ શાસ્ત્રોમાં) ક્યાં ન વુત્તં-કહ્યું નથી. વસ્તુત : વિઉલટ્ઠાણભાઈસ્સ -વિપુલસ્થાન (મોક્ષ)ને ભજનારા મુમુક્ષુને (જૈન મત સિવાય બીજે આવું આચરણ વર્તમાનમાં છે નહિ), ન ભૂયં-ભૂતકાળે થયું (મલ્યું) નથી અને ન ભિવસ્સઈ-ભવિષ્યમાં થવાનું (મળવાનું) નથી. (૫)

રાગનો સર્વથા નાશ કર્યા વિના મુક્તિ નથી અને એવો નાશ વીતરાગ સિવાય બીજા કોઈએ ત્રણે કાળમાં કર્યો નથી, માટે વીતરાગ સિવાય મુક્તિનો શુદ્ધ અને પૂર્ણ ઉપાય કોઈ કહી શકે તેમ નથી. એ જ કારણે મુક્તિના અહીં કહેલા આચારોનું મુક્તિની ઈચ્છાવાળાને જ્યારે ત્યારે પણ આ પાલન કરવું જ પડશે. આજે તે અજ્ઞાનતાથી અન્ય દર્શનના કડક આચારોને પાળતો હોય પણ વીતરાગ-

કથિત ચારિત્રના સ્પર્શ વિના ત્રણ કાળમાં કોઈની મુક્તિ શક્ય નથી. આથી એ સૂચવ્યું છે કે આ આચારો દુષ્કર અને દુર્લભ છે, માટે તેની દુષ્કરતાથી દીનતા સેવવી નહિ પણ સત્ત્વને પ્રગટાવીને પ્રસન્નપણે આરાધના કરવી. કારણકે ગમે ત્યારે પણ આ આચારો વિના મુક્તિ નથી જ. તો વર્તમાનમાં મળેલાને કેમ ન પાળવા ? ૫

**સખુડ્ડગવિઅત્તાણં વાહિઆણં ચ જે ગુણા ।**
**અખંડફુડિઆ કાયવ્વા, તં સુણેહ જહા તહા ।।૬।।**

સખુડ્ડગવિઅત્તાણં-બાળસહિત વૃદ્ધોને, વાહિઆણં-રોગીઓને ચ-અને નિરોગીઓને જે ગુણા-જે આચારો જહા-જે રીતે અખંડફુડિઆ-દેશવિરાધના અને સર્વવિરાધના રહિત કાયવ્વા-કરવા પાળવા યોગ્ય છે તં-તેને (હું કહું) તહા-તે રીતે સુણેહ-સાંભળો ! (૬)

બાળના ૧-ઉમ્મરથી બાળ અને ૨-ઉમ્મર વધારે છતાં બુદ્ધિ-પરિણતિથી બાળ એમ બે, તથા વૃદ્ધના પણ ઉમ્મરથી વૃદ્ધ અને પરિણતથી વૃદ્ધ એમ બે ભેદો જાણવા. દેશવિરાધનાથી રહિત તે અખંડ અને સર્વવિરાધનાથી રહિત એ અસ્ફુટિત, એમ ભેદ સમજવો. અર્થાત્ હવે કહેવાશે તે આચારો બાળ-

વૃદ્ધ, રોગી-નિરોગી સર્વને નિરતિચાર અખંડ પાલન કરવા યોગ્ય છે. ૬

**દસ અટ્ઠ ય ઠાણાઇં, જાઇં બાલોડવરજ્ઝઇ ।**
**તત્થ અન્નયરે ઠાણે, નિગ્ગંથત્તાઓ ભસ્સઇ ॥૭॥**

(વિરાધનાના) દશ અને આઠ (એટલે અઢાર) સ્થાનો છે, જેને બાળ (અજ્ઞાન) હોય તે જ અવરજ્ઝઇ-અપરાધે છે. (આચરે છે, કારણકે) તત્થ-તેમાંના અન્નયરે-કોઈ એક પણ સ્થાનને આચરવાથી નિગ્ગંથત્તાઓ-નિર્ગ્રન્થપણાથી ભસ્સઇ-ભ્રષ્ટ થાય છે. (૭)

રાજાદિએ પૂછવાથી આચાર્ય 'દુષ્કર અઢાર આચારોને અખંડ આરાધવા તે સાધુનો ધર્મ છે' એમ કહી તેની વિરાધનાના અઢાર પ્રકારો કહીને આરાધનાનું સ્વરૂપ સમજાવે છે. અર્થાત્ આરાધના માટે વિરાધનાનું સ્વરૂપ કહે છે. જે રોગના કારણો જાણે નહિ તે નિરોગી રહી શકે નહિ, જે દુઃખને જાણે નહિ તે સુખના ઉપાયો કરી શકે નહિ, તેમ વિરાધનાને જાણે નહિ તે ધર્મની આરાધના કરી શકે નહિ. માટે સર્વત્ર વિરાધનાનું જ્ઞાન અતિ આવશ્યક છે, એમ સમજાવ્યું છે. ૭

**એ વિરાધનાને નામપૂર્વક કહે છે -**

**વયછક્કં કાયછક્કં, અકપ્પો ગિહિમાયણં ।**
**પલિયંકં નિસિજ્જા ય, સિણાણં સોહવજ્જણં ।।૮।।**

વયછક્કં-છ વ્રતો (ની વિરાધના) ૬, કાયછક્કં-છકાય (જીવોની હિંસા) ૧૨, અકપ્પો-અકલ્પ-૧૩, ગિહિમાયણં-ગૃહસ્થનાં પાત્ર-૧૪, પલિયંકં-પલંગ (વગેરે સુવાનાં સાધનો) ૧૫, (એક કે અનેક) નિસિજ્જા-ઘર (અથવા આસનો)-૧૬, (થોડું કે સંપૂર્ણ) સિણાણં-સ્નાન-૧૭, અને (વસ્ત્ર-આભૂષણાદિથી શરીરની કે પાત્ર-ઉપકરણાદિની) સોહ-શોભા-૧૮, એ સર્વનું વજ્જણં-વર્જન કરવું જોઈએ. (૮)

અહીં અંતે 'વર્જવાનું' કહેવાથી 'વયછક્કં' નો અર્થ છ વ્રતોને વિરાધના તજીને પાળવાં, ઈત્યાદિ દરેકમાં એમ સમજવું. અકલ્પ એટલે શૈક્ષ્યસ્થાપનાકલ્પ અને અકલ્પસ્થાપનાકલ્પ આગળ કહેવાશે, તેને નહિ પાળવારૂપ અકલ્પ સમજવો. આ ગાથા મૂળસૂત્રની નથી, પણ દશવૈકાલિક ઉપર શ્રીભદ્રબાહુસ્વામીએ રચેલી નિર્યુક્તિની છે, તેથી ટીકાકારે મૂળમાં રાખી નથી. પણ ઘણા ગ્રન્થોમાં મૂળ ગાથા તરીકે છે તેથી અહીં પણ આઠમી મૂળ ગાથા

તરીકે લીધેલી છે. નિર્યુક્તિમાં 'પલિયંકનિસેજ્જા ય' એ પ્રમાણે ત્રીજા પાદમાં પાઠાન્તર છે, પણ સમાસાન્ત હોવાથી અર્થથી ભેદ નથી. ૮

**હવે એ અઢાર પ્રકારોનું ક્રમશઃ વર્ણન કરે છે.**

**તત્થિમં પઢમં ઠાણં, મહાવીરેણ દેસિઅં ।**
**અહિંસા નિઉઆ દિટ્ઠા, સવ્વભૂએસુ સંજમો ।।૯।।**

**જાવંતિ લોએ પાણા, તસા અદુવ થાવરા ।**
**તે જાણમજાણં વા, ન હણે ણો વિધાયએ ।।૧૦।।**

**સવ્વે જીવા વિ ઇચ્છંતિ, જીવિઉં ન મરિજ્જિઉં ।**
**તમ્હા પાણિવહં ઘોરં, નિગ્ગંથા વજ્જયંતિ ણં ।।૧૧।।**

તત્થ-તેમાં ભગવાન શ્રી મહાવીરદેવે પહેલું સ્થાન ઇમં-આ દેસિઅં-કહ્યું છે. શું કહ્યું છે ? 'અહિંસા' નામનું ૧૮ આચારોમાં પહેલું સ્થાન કહ્યું છે. (અહીં પ્રશ્ન થાય કે અહિંસા તો સર્વધર્મવાળાઓએ કહી છે, એમાં નવું શું છે ? તેનો ઉત્તર એ છે કે 'આધાકર્મ' વગેરે દોષોનો ત્યાગ કરવાનું જણાવીને હિંસા થાય તેવું કોઈ કાર્ય કરવા, કરાવવા અને અનુમોદવાનો પણ નિષેધ કરેલો હોવાથી) શ્રી મહાવીર દેવે

કહેલી અહિંસા નિઉણા–સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. (એવી અહિંસામાં જ) સવ્વભૂએસુ–સર્વ જીવો પ્રત્યે સંજમો–સંયમ (દયા–રક્ષા) થાય છે. (૯)

(એ જ સ્પષ્ટ જણાવે છે કે –) લોકમાં જેટલા ત્રસ અથવા સ્થાવર જીવો છે, તેઓને જાણં–જાણવા છતાં (રાગાદિને વશ મારવાની બુદ્ધિથી) કે અજાણં–અજાણપણે (પ્રમાદ–અનુપયોગ વગેરેથી) પણ સ્વયં નો હણે–હણે નહિ અને બીજા પાસે ણો વિઘાયએ–હણાવે નહિ તથા ઉપલક્ષણથી હણનારને અનુમોદે પણ નહિ. (૧૦)

(કારણકે–) સર્વ પણ જીવો જીવવાને ઈચ્છે છે, મરવાને ઈચ્છતા નથી, તમ્હા–તે માટે દુઃખના કારણભૂત ઘોરં–ભયંકર પાણિવહં–જીવવધને (હિંસાને) નિર્ગ્રન્થ સાધુઓ વર્જે છે. (૧૧)

'અહિંસા પરમો ધર્મ:' એમ કહેવા છતાં અહિંસાનું પાલન થાય તેવા આચારો ન કહ્યા હોય તો અહિંસા કહેવા માત્ર છે. સોનાનો ગીલેટ ચડાવેલા પિત્તળ જેવી છે, છેદ કે તાપની પરીક્ષામાં ટકે તેવી નથી. હેય–ઉપાદેય તત્ત્વોનું અથવા કર્તવ્ય–અકર્તવ્યનું વર્ણન જેવું કર્યું હોય અને તેવી રીતે

પાળી શકાય તેવા આચારો પણ કહ્યા હોય તો તે કથન સત્ય કહેવાય. જૈનશાસનમાં અહિંસાનું જેવું વર્ણન (વિધાન) કરેલું છે, તે જ રીતે તેનું પાલન થાય તેવા આચારો પણ કહેલા છે.

જેમ સોનાની પરીક્ષા કસોટીથી, છેદથી અને તાપથી કરાય છે, તેમ ધર્મશાસ્ત્રોની પણ પરીક્ષા કષ, છેદ અને તાપથી કરવાની છે. ત્રણે પરીક્ષામાં શુદ્ધ હોય તે શાસ્ત્ર શુદ્ધ ગણાય છે. કરણીયનું વિધાન અને અકરણીયનો નિષેધ કહેલો હોય તે શાસ્ત્ર કષશુદ્ધ ગણાય અને વિધિ-નિષેધને અનુસરતા આચારો જેમાં કહેલા હોય તે છેદશુદ્ધ ગણાય. હિંસા વગેરે પાપોનો નિષેધ કરવા છતાં ધર્માનુષ્ઠાનો હિંસાદિ પાપકારક જણાવ્યાં હોય તો છેદ પરીક્ષામાં અશુદ્ધ-અસત્ય ગણાય. એ બન્ને છતાં આત્માદિ દ્રવ્યો એકાન્ત નિત્ય કે અનિત્ય જણાવ્યાં હોય તો ધર્મનું ફળ આત્માને મળે જ નહિ, માટે વસ્તુને એકાન્ત નિત્ય કે અનિત્ય જણાવાનારાં શાસ્ત્રો તાપથી અશુદ્ધ સમજવાં. જે શાસ્ત્રમાં સ્યાદ્વાદ દષ્ટિથી આત્માદિ પદાર્થોને કથંચિત્ નિત્યાનિત્ય વગેરે જણાવ્યા હોય તે જ શાસ્ત્ર તાપથી પણ શુદ્ધ હોવાથી સમ્પૂર્ણ શુદ્ધ ગણાય.

પ્રભુ મહાવીરે કહેલી અહિંસા કષ-છેદ-તાપથી શુદ્ધ અને સૂક્ષ્મ છે, તેના પાલન માટે મન અને ઇંદ્રિયોનો પૂર્ણ સંયમ જરૂરી છે. માટે ત્રિવિધ ભાંગે હિંસાનો ત્યાગ કરી અહિંસાનું પાલન કરવું તે શ્રમણ આચારોનું સ્થાન કહ્યું છે.

**હવે બીજું સ્થાન કહે છે -**

**અપ્પણટ્ઠા પરટ્ઠા વા, કોહા વા જઇ વા ભયા ।**
**હિંસગં ન મુસં બૂઆ, નો વિ અન્નં વયાવએ ।।૧૨।।**

**મુસાવાઓ ઉ લોગમ્મિ, સવ્વસાહૂહિં ગરિહિઓ ।**
**અવિસ્સાઓ અ ભૂઆણં, તમ્હા મોસં વિવજ્જએ ।।૧૩।।**

અપ્પણટ્ઠા-પોતાના અર્થે, અથવા પરના અર્થે કોહા વા-ક્રોધને વશ થઈને જઇ વા-અથવા ભયા-ભય પામીને હિંસગં-પરપીડાકારી એવા મુસં-મૃષાવચનને (સ્વયં) ન બૂઆ-બોલે નહિ અને બીજાને મુખે નો વયાવએ-બોલાવે નહિ. (૧૨) કારણકે લોકમાં મૃષાવાદને સર્વ સાધુઓએ ગરિહિઓ-ગર્હ્યો છે (દુષ્ટ કહ્યો છે). મૃષાવાદથી ભૂઆણં-પ્રાણીઓને અવિસ્સાઓ-અવિશ્વાસ થાય છે, તે માટે મૃષા બોલવાનું વર્જે. (૧૩)

'હું બીમાર છું, મારે અમુક જરૂર છે,' એમ પોતાને અર્થે અથવા એ રીતે બીજાને અર્થે પણ ક્રોધથી 'તું દાસ છે' વગેરે કડવું કે અસત્ય નહિ બોલવું. એમ માનથી 'હું બહુશ્રુત છું' વગેરે, માયાથી કોઈ કામ ન કરવા માટે 'મારા પગ દુ:ખે છે' વગેરે અને લોભથી અણગમતી વસ્તુ કલ્પ્ય હોય તો પણ મનગમતી મેળવવા અકલ્પ્ય કહેવી, વગેરે પણ ન બોલવું. એમ પ્રાયશ્ચિતના ભયથી ભૂલ કરવા છતાં 'મેં નથી કરી' વગેરે પણ ન બોલવું, એવું હાસ્ય વગેરે નોકષાયોને વશ થઈને પણ ન બોલવું. ગાથામાં ક્રોધથી અને ભયથી કહેલું છે, તેના ઉપલક્ષણથી ચારે કષાયો અને નવ નોકષાયોને વશ મૃષા ન બોલવાનું, નહિ બોલાવવાનું અને નહિ અનુમોદવાનું પણ સમજી લેવું.

મૃષાવાદથી જ્ઞાનાવરણીય ઘાતીકર્મોનો બંધ ઉપરાંત અશાતા, અશુભનામકર્મ, નીચગોત્ર વગેરે દુષ્ટ કર્મોનો બંધ થાય છે. અન્ય ભવમાં એકેન્દ્રિય જાતિમાં જન્મ, પંચેન્દ્રિય થાય તો પણ જીહ્વાના રોગ, મુખના રોગ, મુંગા-બોબડાપણું તથા અનાદેય, દુ:સ્વર, અપયશ દુર્ભાગ્ય વગેરે વિવિધ દુ:ખોને વશ થવાય છે. મૃષાવચન વસ્તુત: જિનવચન વિરૂદ્ધ

હોવાથી ભવાન્તરમાં જિનવચનનો વિશ્વાસ કે દ્રવ્યથી પ્રાપ્તિ પણ થતી નથી. આ જન્મમાં પણ વિવિધ કષ્ટો ભોગવવાં પડે છે. એમ મૃષાવાદથી આત્માને ઘણું અહિત થાય છે. સત્ય વચન સાથે તેવું આચરણ કરે તેના દેવો પણ દાસ બને છે. ૧૩

**હવે ત્રીજું સ્થાન કહે છે –**

**ચિત્તમંતમચિત્તં વા, અપ્પં વા જઇ વા બહું ।**
**દંતસોહણમિત્તં પિ, ઉગ્ગહંસિ અજાઇયા ।।૧૪।।**

**તં અપ્પણા ન ગિણ્હંતિ, નોડવિ ગિણ્હાવએ પરં ।**
**અન્નંવા ગિણ્હમાણં પિ, નાણુજાણંતિ સંજયા ।।૧૫।।**

મનુષ્ય, પશુ કે ફળ ફૂલાદિ ચિત્તમંતં–સચિત્ત કે (સોનું-રૂપું–વગેરે) અચિત્ત, તે પણ મૂલ્યથી કે માપથી અપ્પં–અલ્પ કે બહુ–ઘણું, વધારે શું કહેવું ? દંતસોહણમિતંપિ–દાંત ખોતરવા માટે ઘાસની સળી માત્ર પણ તે જેના ઉગ્ગહંસિ–અવગ્રહમાં (સત્તામાં) હોય તેને અજાઇઆ–યાચ્યા સિવાય (૧૪) સંજયા–સાધુઓ અપ્પણા–સ્વયં ન ગિણ્હંતિ–લેતા નથી. બીજા દ્વારા લેવરાવતા નથી અને બીજા લેનારને પણ ન અણુજાણંતિ–અનુમોદતા નથી. (૧૫)

અન્ય જન્મમાં દરિદ્રતા, દુર્ભાગ્ય અને પરિણામે નરકગતિનાં માઠાં દુઃખો ભોગવવાં, આ જન્મમાં પણ ભયથી શલ્યની જેમ દુઃખે જીવવું, સ્વજન પરજનોનો પણ અનાદર થવો, વગેરે અદત્તાદાનનાં ફળો ભોગવતાં અનેક જીવો પ્રત્યક્ષ દેખાય છે. અદત્ત લેવાથી આકરું પણ સંયમનું અનુષ્ઠાન નિષ્ફળ જાય છે અને આખરે જીવ દુર્ધ્યાનથી મરે છે. ભાગ્ય કરતાં અધિક સુખ ભોગવવાની લાલસા અદત્ત લેવામાં મુખ્ય કારણ છે. પરંતુ એથી હોય તે સુખ પણ ભોગવી શકાતું નથી.

સ્વકૃત કર્મોદયને અનુસારે મળેલી સામગ્રીમાં સંતોષ-સમતા કેળવવી એ જ સંયમનો સાર છે. અદત્ત લેવાનું ત્યારે બને કે તે વસ્તુથી જીવ પરાધીન બન્યો હોય, તેના વિના ચલાવી લેવાનું સત્ત્વ ન હોય. જો આવી પરિસ્થિતિ હોય તો વાસ્તવિક વૈરાગ્યની જ ખામી ગણાય. જિનાજ્ઞા મુજબ મળે તેમાં જ પ્રસન્ન રહી સંયમ માટે વાપરવું એ વૈરાગ્ય છે. વૈરાગ્ય વિના સંયમનો સ્વાદ સમજાતો નથી. બીજો આપે તેમાં પણ અનાસક્તિ કેળવવાના ધર્મવાળા સાધુને અદત્ત લેવાનું કોઈ કારણ નથી. ૧૫

હવે ચોથું સ્થાન કહે છે -

અબંભચરિઅં ઘોરં, પમાયં દુરહિટ્ઠિઅં ।
નાયરંતિ મુણી લોએ, ભેયાયયણવજ્જિઓ ।।૧૬।।

મૂલમેયમહમ્મસ્સ, મહાદોસસમુસ્સયં ।
તમ્હા મેહુણસંસગ્ગં, નિગ્ગંથા વજ્જયંતિ ણં ।।૧૭।।

અબંભચરિઅં-અબ્રહ્મચર્ય (વિષયોનું સેવન) લોએ-મનુષ્યલોકમાં ઘોરં-ભયંકર (દુઃખદાયી) પમાયં-પ્રમાદરૂપ (જડના બંધનરૂપ) અને અનંતસંસારનું કારણ હોવાથી દુરહિટ્ઠિઅં-દુષ્ટ આશ્રવરૂપ (દુરાચાર) છે, એ કારણે ભેયાયયણ-ચારિત્રની વિરાધનાના સ્થાનોને વજ્જિણો-વર્જનારા મુનિઓ તને ન આયરંતિ-સેવતા નથી. (૧૬) એઅં-આ અબ્રહ્મચર્ય અહમ્મસ્સ-પાપનું મૂળ છે (એથી પરલોકમાં વિવિધ કષ્ટોનું કારણ છે અને આ લોકમાં ચોરી-અસત્ય-હિંસા વગેરે) મહાદોસસમુસ્સયં-મોટા દોષોનો ભંડારછે તે કારણે નિર્ગ્રન્થ મુનિઓ મેહુણસંસગ્ગં-મૈથુનના સંસર્ગને (સ્ત્રીઓ સાથે વિના કારણે બોલવું વગેરે સામાન્ય પણ) વર્જે છે. (ણં-અવ્યય વાક્યની શોભા પૂરતા સમજવો.) (૧૭)

બ્રહ્મચર્ય વાસ્તવિક અર્થ 'બ્રહ્મ એટલે આત્મા, તેના સ્વરૂપમાં રમવું' એવો અને વ્યવહારથી મૈથુન તજીને વીર્યની રક્ષા કરવી એવો થાય છે. ત્રણે જગતમાં બ્રહ્મચર્યનું મહત્ત્વ સર્વાધિક રહ્યું છે. દેવોને પણ તે અસાધ્ય છે. દૈવી શક્તિ ન કરી શકે તેવાં દુષ્કર કાર્યો બ્રહ્મચારી મનુષ્ય કરી શકે છે. આત્માના ન્હાના મોટા સર્વ ગુણોનો વિકાસ બ્રહ્મચર્યથી થાય છે. તેનું પાલન દુષ્કર–અતિદુષ્કર હોવાથી તેને મહાવ્રતમાં ગણ્યું છે.

મનુષ્યની જ મુક્તિ થઈ શકે છે, કારણકે બ્રહ્મચર્યને યથાર્થરૂપે મનુષ્ય જ પાળી શકે છે. એ શક્તિ હોવાથી જ જ્ઞાનીઓએ મનુષ્યને મુક્તિની સાધનાનો ઉપદેશ કર્યો છે. બ્રહ્મચર્ય દ્વારા વીર્યની રક્ષા કર્યા વિના શેષ સ્થાનોનું પાલન દુ:શક્ય છે. વીર્ય મનુષ્યની સર્વદેશીય શક્તિ છે.

વીર્યને 'ધાતુ' પણ કહેવાય છે જેમ ગમ રમ નમ વગેરે ધાતુઓથી અનેક શબ્દો બને છે, સુવર્ણ, ત્રાંબુ, વગેરે ધાતુઓથી સર્વ સમ્પતિ સર્જી શકાય છે, તેમ શરીરની વિવિધ શક્તિઓનું મૂળ વીર્ય નામની ધાતુ છે. વીર્યમાં ઉષ્ણતા, પ્રકાશ, વીજળી, આકર્ષણ વગેરે એવી શક્તિઓ છે, કે

જેના બળે શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક શક્તિો ખીલે છે અને તેનાથી જગતનાં સ્થૂલ કે સૂક્ષ્મ સર્જનો થઈ શકે છે. વીર્યથી શરીરબળ, તેમાંથી મનોબળ, તેમાંથી બુદ્ધિ અને બુદ્ધિથી આત્મબળ પ્રગટ છે. વસ્તુત: મૈથુનસેવનથી વિકાર ઘટતો નથી, પણ વૃદ્ધિ પામે છે અને તેથી શારીરિક તેમજ આધ્યાત્મિક બળ નાશ પામે છે. બ્રહ્મચર્ય દ્વારા વીર્યની રક્ષાથી પ્રગટેલા સત્ત્વગુણથી અનાદિ વાસના ઉપર વિજય મેળવી શકાય છે.

મનુષ્ય જેમ જેમ ક્ષીણવીર્ય બને તેમ તેમ પાંચે ઈન્દ્રિયોની વાસના વધે છે અને પ્રકૃતિ ઉપરનો કાબૂ ગુમાવે છે, કોઈ ઉન્માદી પાગલ પણ બને છે અને કોઈ મોતને વશ પણ થાય છે. બ્રહ્મચર્યથી વીર્યની રક્ષા કરનાર યોગીનું સત્ત્વ ખીલતું જાય છે, તેથી કાયા વચન અને મન ઉપર પણ કાબૂ મેળવીને તેના દ્વારા ક્રમશ: સમ્યગ્ દર્શન, જ્ઞાખ અને ચારિત્રને વિકસાવતો યાવત સંસારથી મુક્તિ પણ મેળવે છે.

શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ પણ વીર્યરક્ષાને આધીન છે, માટે અન્ય ધર્મીઓ બ્રહ્મચર્યાશ્રમને પહેલો માને છે અને એ અવસ્થામાં

સર્વ કળાઓનું જ્ઞાન આપે છે. સર્વકાળે સર્વ દેશોમાં વિદ્યાભ્યાસ માટે પ્રાથમિક વય યોગ્ય મનાઈ છે. તેનું મુખ્ય કારણ એ અવસ્થામાં અબ્રહ્મનો અભાવ (બ્રહ્મચર્ય) છે. કામ ક્રોધાદિ અંતરંગ શત્રુઓ ઉપર વિજય મેળવવા પણ વીર્યનું રક્ષણ અતિ આવશ્યક છે, વગેરે અનેક કારણે બ્રહ્મચર્યનું અન તે માટે બાળદીક્ષાનું મહત્ત્વ છે.

વીર્યના રક્ષણની સાથે તેની શુદ્ધિ માટે આહાર પણ નિર્દોષ, અહિંસક અને પવિત્ર જોઈએ. માટે જૈન સાધુની ભિક્ષાનો વિધિ સર્વથી વિશિષ્ટ – નિર્દોષ અને અહિંસક કહ્યો છે. આહારશુદ્ધિ ન હોય તો બ્રહ્મચર્યથી વીર્યરક્ષા કરવા છતાં જીવ કામ–ક્રોધાદિને વશ થઈ બ્રહ્મચર્યનો નાશ કરે છે. અતિશયોક્તિ વિના એમ કહી શકાય કે સર્વ આશાઓ અને ઈચ્છાઓનો જય કરવા માટે બ્રહ્મચર્ય એક અમોઘ અને સર્વશ્રેષ્ઠ ઉપાય છે.

કર્મસાહિત્યમાં 'વીર્યાન્તરાય' નામનું કર્મ માન્યું છે, તેના ક્ષયોપશમાદિ બ્રહ્મચર્યથી થાય છે. વિનય, વૈયાવચ્ચ કે અનશન–ઉપવાસાદિ તપ વગેરે પણ અપેક્ષાએ બ્રહ્મચર્યના જ અંશ છે. માટે તેનાથી વીર્યાન્તરાયનો ક્ષયોપશમ વગેરે

થાય છે. સ્પર્શેન્દ્રિયના જયની સાથે પાંચ ઈન્દ્રિયોનો જય કરવાથી બ્રહ્મસ્વરૂપ પ્રગટે છે, માટે પૂર્ણ બ્રહ્મચર્ય પાંચે ઈન્દ્રિયોના વિજયરૂપ છે.

વીર્ય જેમ મૈથુનથી નાશ પામે છે, તેમ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે વિષયોમાં આસક્તિથી, રાગ-દ્વેષ કરવાથી, કષાયોથી, ચિંતાથી, વગેરે અનેક દોષોથી નાશ થાય છે. કામની બાવીશ અવસ્થાઓમાં દશ અસંપ્રાપ્ત કામની અને બાર સંપ્રાપ્ત કામની છે, તે દરેકથી બ્રહ્મચર્યનો નાશ થાય છે. એનું સ્વરૂપ અન્ય ગ્રન્થોથી જાણીને બ્રહ્મચર્યનું પાલન કરવું અતિ આવશ્યક છે.

વીર્યનું અપર નામ 'બીજ' પણ છે. કારણકે તે સર્વ સુખોનું બીજ છે. શિવસંહિતામાં એક 'બિન્દુનું પતન એટલે મરણ અને બિન્દુની રક્ષા એટલે જીવન' કહ્યું છે, તે વચન પણ એની શક્તિનું જ્ઞાપક છે. સોળમા ઉત્તરાધ્યયનની ૧૩મી ગાથામાં પણ બ્રહ્મચર્યને ધ્રુવ, નિત્ય અને શાશ્વતધર્મ કહી એના બળે અનંતા આત્માઓ સિદ્ધિપદને વર્યા, વરે છે અને વરશે, એમ કહ્યું છે. સર્વધર્મોમાં બ્રહ્મચર્યનું મહત્ત્વ

વિશેષતયા ગાયું છે. એનું યથાર્થ સ્વરૂપ તો જ્ઞાનીથી પણ વર્ણવી શકાય તેમ છે જ નહિ.

આ ગાથાઓમાં અબ્રહ્મની દુષ્ટતા વર્ણવી છે તે અર્થાપત્તિથી બ્રહ્મચર્યના મહત્ત્વને જણાવવા માટે છે. અબ્રહ્મ એ પ્રમાદ, દુરાચાર, અધર્મનું મૂળ અને મહાદોષોનું ઘર છે અને ભયને આપનારું છે. તેથી વિરુદ્ધ બ્રહ્મચર્ય અપ્રમાદ, સદાચાર, ધર્મનું મૂળ અને સર્વ ગુણોનું નિધાન છે તથા કલ્યાણને કરનાર છે. એના વિના અહિંસાદિ શેષ સ્થાનોનું પાલન શક્ય નથી, માટે એનું મહત્ત્વ સર્વાધિક છે. એની રક્ષા માટે કહેલી નવ વાડોને બ્રહ્મચર્ય જેટલું જ મહત્ત્વ આપી તેનું પાલન કરવાથી બ્રહ્મચર્યનું રક્ષણ થઈ શકે છે. નવ વાડોનો અનાદર કરનાર મહાયોગીનું પણ બ્રહ્મચર્ય સુરક્ષિત રહી શક્યું નથી અને રહી શકે તેમ પણ નથી. ૧૭

હવે પાંચમું સ્થાન કહે છે –

**બિડમુબ્ભેઇમં લોણં, તિલ્લં સપ્પિં ચ ફાણિઅં ।**
**ન તે સંનિહિમિચ્છન્તિ, નાયપુત્તવઓરયા ।।૧૮।।**

**લોહસ્સેસ અણુફાસે, મન્ને અન્નયરામવિ ।**
**જે સિઆ સન્નિહિં કામે, ગિહી પવ્વઇએ ન સે ।।૧૯।।**

જં પિ વત્થં વ પાયં વા, કંબલં પાયપુંછણં ।
તં પિ સંજમલજ્જટ્ઠા, ધારંતિ પરિહરંતિ અ ।।૨૦।।

ન સો પરિગ્ગહો વુત્તો, નાયપુત્તેણ તાઇણા ।
મુચ્છા પરિગ્ગહો વુત્તો, ઇઇ વુત્તં મહેસિણા ।।૨૧।।

સવ્વત્થુવહિણા બુદ્ધા, સંરક્ખણ પરિગ્ગહે ।
અવિ અપ્પણો વિ દેહંમિ, નાયરંતિ મમાઇયં ।।૨૨।।

નાયપુત્ત-વઓ-રયા-જ્ઞાતપુત્ર શ્રી વર્ધમાનસ્વામીના (નિસ્સંગતાને જણાવનારા) વચનમાં રક્ત (જિનાજ્ઞાપાલક મુનિઓ) બિડં-બીડ લવણને (અથવા અચિત્ત લવણને), ઉબ્ભેઇમં-સમુદ્ર વગેરેના લૂણને (અથવા સચિત્ત લૂણને), તિલ્લં-તેલને સપ્પિં-ઘીને, અને ફાણિઅં-પ્રવાહી ગોળને (તથા બીજી પણ એવી કોઈ ખાદ્ય-પેય વસ્તુને) રાત્રે સન્નિહિં-વાસી રાખવાને ઈચ્છતા નથી. (૧૮)

સંનિધિ શબ્દની વ્યુત્પત્તિ શાસ્ત્રકારે એવી કરી છે કે જેનાથી આત્માની નરક વગેરે દુર્ગતિમાં સંનિધિ કરાય (સ્થાપના થાય), તે સંનિધિ કહેવાય. જ્ઞાનીઓનું વચન કદાપિ અન્યથા થતું નથી, એમ સમજીને સંનિધિદોષથી બચવું જોઈએ. સાધુનો આચાર મુખ્યતયા એવો છે કે – ઔષધાદિ આવશ્યક અને

દુર્લભ વસ્તુ પણ જરૂર હોય તો ગૃહસ્થને ઘેરથી પ્રતિદિન જરૂર જેટલી લે, પણ એક સાથે લઈ પોતાની પાસે ન રાખે. ૧૮

કારણકે એસ લોહસ્સ અણુફાસે–આ (સંનિધિ) લોભનો અનુસ્પર્શ છે. (લોભસ્વરૂપ છે) (શ્રી તીર્થંકરો અને ગણધરો એવું) મન્ને–કહે છે કે જે અન્નયરામવિ–કોઈ અલ્પ પણ સંનિધિને (વાસી રાખવાને) સિયા–કોઈ પ્રસંગે કામે–ઈચ્છે (રાખે), સે ગિહિ–તે ગૃહસ્થ છે, ન પવ્વઇએ–પ્રવજિત (સાધુ) નથી. (૧૯)

આ ગાથામાં પ્રાકૃતશૈલીથી મન્નેનો અર્થ 'કહે છે' એવો કરેલો છે. સંનિધિ રાખનાર બાહ્યદૃષ્ટિએ સાધુનો વેષ ધારણ કરવા છતાં તત્ત્વદૃષ્ટિએ 'સંનિધિરૂપ ગૃહસ્થને ઉચિત કાર્ય કરતો હોવાથી ગૃહસ્થ છે' એમ અહીં કહ્યું, તેમાં એ હેતુ જણાવ્યો છે કે પ્રવજિત (સાધુ) દુર્ગતિમાં જાય નહિ અને સંનિધિથી દુર્ગતિ થાય માટે તે પ્રવજિત ગણાય નહિ. વસ્તુત: સંનિધિની ઈચ્છા લોભરૂપ છે અને લોભ એવો દુષ્ટ કષાય છે કે તેનો સૂક્ષ્મ વિકાર પણ આત્માને શ્રેણીથી ભ્રષ્ટ કરે છે. ૧૯

અહીં કોઈ પૂછે કે તો વસ્ત્રાદિ કેમ રખાય ? તેને કહે છે કે શાસ્ત્રોક્ત રીતે જં પિ-જે પણ વસ્ત્ર, કે પાત્ર અથવા કામળ કે રજોહરણને ધારંતિ-રાખે છે અથવા પરિહરંતિ-પહેરે છે (ભોગવે છે) તે સંયમ અને લજ્જાર્થે છે. (૨૦)

પાત્ર વગેરેને સંયમ માટે અને વસ્ત્રોને લોકવ્યવહારરૂપ લજ્જાને અર્થે રાખવાં આવશ્યક છે. પાત્ર વિનાનો કે ગૃહસ્થનાં ભાજનને વાપરનારો સાધુ સંયમ પાળી શકતો નથી. પાત્ર વિના આહારમાં ભક્ષ્ય-અભક્ષ્ય વસ્તુનો વિવેક કે કોઈ ત્રસજીવ હોય તો તેની રક્ષા થઈ શકે જ નહિ. પાત્ર ભોજનની અનુકૂળતા માટે નથી, પણ જીવરક્ષા અને સિંહભક્ષિતાદિ વિધિપૂર્વક ભોજન માટે આવશ્યક છે. વસ્ત્રો વિના સ્ત્રી આદિની હાજરીમાં લજ્જાનો નાશ (નિર્લજ્જતા) થાય. સંયમીને લજ્જા ગુણ વ્યવહારનયથી ઉપકારક છે. નિશ્ચયદષ્ટિએ વિશિષ્ટ જ્ઞાનીઓને લજ્જા હોતી નથી, તો પણ લોકવ્યવહારને અનુસરીને તેઓ વસ્ત્રનો ઉપભોગ કરે છે. હા, એમાં શરીરને આરામ આપવાનું ધ્યેય ન હોવું જોઈએ.

ખુદ તીર્થંકર ભગવંતો પણ બહુધા સલેચક હતા. ઈન્દ્રના

કલ્પ પ્રમાણે તે લક્ષમૂલ્ય દેવદુષ્ય વસ્ત્ર તીર્થંકરોના ખાંધે દીક્ષા વખતે સ્થાપન કરે છે અને ગુહ્ય ભાગ ઢંકાય તે રીતે તે રહે છે, એ જગપ્રસિદ્ધ છે. વસ્તુતઃ તીર્થંકર દેવોનો ગુહ્યભાગ શરીરમાં ગુપ્ત (અદૃશ્ય) હોય છે, તેઓનો કલ્પ વિશિષ્ટ છે, તથાપિ વ્યવહારને તેઓ અનુસરે છે અને ગણધરાદિ સર્વ તો વસ્ત્રોના ધારક હોય છે. મૂર્છા વિના જેમ શરીરનો સાથ લેવાય છે, તેમ વસ્ત્રાદિને પણ નિર્મમભાવે વાપરવાં એ જ યુક્તિયુક્ત છે. આ ગાથાના પરિહરંતી ને સ્થાને પરિહિંતિ એવો પાઠ પણ છે. ૨૦

કર્મબન્ધનો હેતુ નથી માટે તાઇણા–ત્રાતા (સ્વપરની રક્ષા કરવામાં સમર્થ) નાયપુત્તેણ–શ્રી વર્ધમાનસ્વામીએ (નિર્મમભાવે વસ્ત્રપાત્રાદિ રાખવાં) તેને પરિગ્રહ નથી કહ્યો. (કિન્તુ અસત્ વસ્તુમાં પણ કરેલી મૂર્છા કર્મબંધનું કારણ હોવાથી તત્ત્વથી) મૂર્છાને પરિગ્રહ કહ્યો છે. ઇઇ–એ પ્રમાણે (તીર્થંકર પાસેથી જાણીને) મહેસિણા–ગણધર ભગવંતે વુત્તં–(સૂત્રમાં) કહ્યું છે. (૨૧)

શ્રીશય્યંભવસૂરિજીએ મનકમુનિને તીર્થંકરોએ કહેલી અને ગણધરોએ સૂત્રરૂપે ગ્રન્થમાં ગૂંથેલી – આ પરિગ્રહની વ્યાખ્યા

કહી છે. તત્ત્વથી જે કર્મબંધનો હેતુ બને તે શાસ્ત્રવિહિત પણ તજવું જોઈએ અને જેથી કર્મબંધ ન થાય તે સંયમની દૃષ્ટિએ સૂત્રનિષિદ્ધ પણ કરવું અહિતકર નથી. એનાં દૃષ્ટાન્તો મહાત્મા સ્થૂલભદ્રજી અને સિંહગુફાવાસીમુનિ વગેરે છે. નવ વાડનું પાલન શાસ્ત્રવિહિત છતાં સ્થૂલભદ્રજી વેશ્યાને ત્યાં રહી સંયમની રક્ષા કરી શક્યા અને ઉગ્રતપસ્વી છતાં સિંહગુફાવાસી મુનિ વેશ્યાને દેખવા માત્રથી સંયમથી ચલિત થયા. વર્તમાનમાં વિશિષ્ટ જ્ઞાનીઓનો અભાવ હોવાથી શાસ્ત્રોક્ત વિધિનિષેધોને અનુસરવું હિતકર છે છતાં દૃષ્ટિ તત્ત્વને અનુસરતી હોવી જોઈએ. ૨૧

અહીં પ્રશ્ન થાય કે વસ્ત્રાદિના અભાવે પણ મમત્વ થાય તો વસ્ત્રાદિ રાખવા છતાં કેમ ન થાય ? તેનું સમાધાન એ છે કે મમત્વ વસ્તુતઃ અજ્ઞાનથી થાય છે, જ્ઞાનીઓએ મમત્વ થવામાં બીજભૂત અજ્ઞાન ટળી જવાથી વસ્ત્રાદિ હોવા છતાં મમત્વ ન થાય. એ વાત કહે છે કે વસ્ત્રાદિ ઉવહિણા-ઉપધિ સહિત એવા પણ બુદ્ધા-જ્ઞાની મુનિઓ સવ્વત્થ-સર્વદા-સર્વ ક્ષેત્રમાં છ જીવનિકાયના સંરક્ખણ-પરિગ્ગહે-સંરક્ષણ માટે વસ્ત્રાદિ રાખવા છતાં અવિ-પણ મમાઇઅં-

મમત્વને ન આયરંતિ-કરતા નથી. એટલું જ નહિ, અપ્પણો દેહંમિ વિ-પોતાના શરીરમાં પણ મમત્વને કરતા નથી. (૨૨)

જડ-ચેતનના જ્ઞાનથી આત્મામાં પ્રગટેલો વિવેક સર્વ આરાધનાનું મૂળ છે. સમ્યગ્જ્ઞાનીઓમાં એ વિવેક પ્રગટે છે. એથી જ છતી પણ વસ્તુને-ભોગોને-સંપત્તિને તજીને અણગાર (સાધુ) બને છે, તેઓ આહાર-વસ્ત્ર-પાત્રાદિ રાખવા કે ભોગવવા છતાં જે શરીરને માટે એનો ઉપયોગ કરે છે, તે શરીરને પણ પર-અનિત્ય સમજતા હોવાથી શરીરની વેઠ સમજે છે. માત્ર કર્મનિર્જરામાં એનો સાથ જરૂરી હોવાથી સાથ આપે ત્યાં સુધી એની રક્ષા માટે સંયમને હાનિ ન પહોંચે તે રીતે વર્તે છે. જ્યારે શિથિલ બનતાં સંયમની સાધનામાં સહાયક નથી આપતું ત્યારે શરીરને પણ વોસિરાવે છે-અનશન કરે છે અને ત્યાં સુધી પણ મમતા વિના આહારાદિ આપે છે. ૩૩

**હવે છઠ્ઠું સ્થાન કહે છે -**

**અહો નિચ્ચં તવોકમ્મં, સવ્વબુદ્ધેહિં વણ્ણિઅં ।**
**જા ય લજ્જાસમા વિત્તી, એગભત્તં ચ ભોઅણં ।।૨૩।।**

સંતિમે સુહુમા પાણા, તસા અદુવ થાવરા ।
જાઈં રાઓ અપાસંતો, કહમેસણિઅં ચરે ? ।।૨૪।।

ઉદઉલ્લં બીઅસંસત્તં, પાણા નિવડિઆ મહિં ।
દિઆ તઈં વિવજ્જિજ્જા, રાઓ તત્થ કહં ચરે ? ।।૨૫।।

એઅં ચ દોસં દઠ્ઠુણં, નાયપુત્તેણ ભાસિઅં ।
સવ્વાહારં ન ભુંજંતિ, નિગ્ગંથા રાઇભોઅણં ।।૨૬।।

અહો ! (આશ્ચર્ય છે કે-) સવ્વબુદ્ધેહિં-સર્વ તીર્થંકરોએ તપ અનુષ્ઠાનને નિચ્ચં-નિત્યં (અપ્રતિપાતિ) કહ્યું છે, તે તપ અનુષ્ઠાન કેવું છે ? જા-જે લજ્જા-સંયમ સમા-તુલ્ય (સરખી-સંયમને અનુસરતી) વિત્તી-દેહની રક્ષા કરવી અને એગભત્તં ભોયણં-એકવાર ભોજન કરવું. (એ સાધુનો અપ્રતિપાતી તપ છે.) (૨૩)

તપ નિત્ય-અપ્રતિપાતી એ કારણે છે કે તેમાં અહિત કંઈ થતું નથી અને તપ ઉપરાંત બીજા પણ ગુણોની વૃદ્ધિ થાય છે. એમ એકાન્ત લાભનો વ્યાપાર હોવાથી તે નિત્ય છે, અર્થાત્ કદાપિ નુકસાન કરતો નથી. લજ્જા એટલે સંયમને બાધા ન થાય-સંયમમાં અનુકૂળ રહે તેવી શરીરની રક્ષાપૂર્વક

એકવાર ભોજન કરવું. તેમાં સંતોષ, લોલુપતાનો અભાવ, રસનાનો વિજય અને સંયમની વૃદ્ધિ વગેરે વિશિષ્ટ ગુણોનું ધ્યેય હોવાથી ઉપવાસાદિ તપ કરતાં પણ વધારે નિર્જરા છે. એકભક્તના દ્રવ્યથી અને ભાવથી એમ બે ભેદો છે. તેમાં એકવાર ભોજન લેવું. દ્રવ્યથી એકભક્ત અને કર્મબંધ ન થાય તેમ રાગ-દ્વેષ વગેરે તજીને લેવાથી એક એટલે શ્રેષ્ઠ-અદ્વિતીય માટે ભાવથી એકભક્ત સમજવું તે માત્ર દિવસે જ અને રાગ-દ્વેષાદિ દોષો સેવ્યા વિના કરે તો જ બને અન્યથા દ્રવ્યથી એકવાર ભોજન કરવા છતાં ભાવથી એકભક્ત ન ગણાય. ૨૩

રાત્રિભોજનમાં દોષો હોવાથી તે એક (શ્રેષ્ઠ) ન ગણાય, કિન્તુ સાથે કર્મબંધ થતો હોવાથી બે ગણાય. તે દોષો કહે છે કે ઇમે-આ ત્રસ અથવા (અને) સ્થાવર પાણા-જીવો એવા સુહુમા-સૂક્ષ્મ સંતિ-છે કે જાઇં-જે રાઓ-રાત્રે (દેખાય નહિ, તેને) અપાસંતો-નહિ દેખી શકતો સાધુ રાત્રે એસણિઅં-નિર્દોષ આહાર માટે કહં-કેવી રીતે ચરે ? ફરે ? અર્થાત્ ન ફરે. (૨૪)

રાત્રે પાત્ર પડિલેહણ ન થાય કારણ કે એવા પણ જીવો

ઊડતા હોય કે જે દેખાય નહિ અને દેખવા છતાં અહિંસા પાળી શકાય નહિ. ૨૪

ઉદઉલ્લં–પાણીથી ભીંજાએલું કે નીતરતું, તથા બીઅસંસત્તં–સચિત્ત બીજોથી મિશ્ર (અથવા બીઅં–અનાજના કણ વગેરે એને સંસત્તં–ત્રસાદિ જીવસંસક્ત, એમ બીજી રીતે અર્થ જુદો કરવો) તથા મહિં નિવડિઆ પાણા–ભૂમિ ઉપર પડેલા જીવો (એ સર્વ હોય) તાઇં–તેને દિઆ–દિવસે તો વિવજ્જિજ્જા–વર્જી શકાય રાઓ–રાત્રે તત્થ–ત્યાં કહં ચરે ?–કેવી રીતે ચાલે ? અને એ સર્વની યતના શી રીતે કરી શકે ? (૨૫)

માટે એ દોષોને જોઈને (જ્ઞાનથી જાણીને) જ્ઞાતપુત્ર શ્રી વર્ધમાનસ્વામીએ કહ્યું છે કે – નિર્ગ્રન્થ સાધુઓ અશનપાન–ખાદિમ–સ્વાદિમ, એમ સવ્વાહારં–સર્વ આહારનો રાત્રે ભોજન કરતા નથી. (૨૬)

મનુષ્યને મળેલાં નેત્રોનો સદુપયોગ જીવરક્ષા અને તેને માટે અધ્યયન વગેરે કરવા સિવાય બીજો કોઈ જ નથી. એની ઉપેક્ષા કરીને રાત્રે ચાલનાર–ફરનારને નેત્રોનો અનાદર થવાથી અન્યભવમાં છતે નેત્રે અંધત્વ કે એકેન્દ્રિયાદિ જાતિમાં ઉપજવાનું થાય. મનુષ્યને માટે સામાન્ય રીતે એમ કહી

શકાય કે તે શરીર-ઈન્દ્રિયો, સમ્પત્તિ, બુદ્ધિ, બળ વગેરે પુણ્યથી જે કંઈ મળે છે, તેનો તે દુરુપયોગ કે અનાદર કરે તો અન્યભવમાં તે તે વસ્તુની પ્રાપ્તિ ન થાય, કે થાય તો પણ હિતને બદલે અહિત કરે. એ કારણે મનુષ્યે સર્વત્ર વિવેકી અને આત્મહિતના ધ્યેયવાળા બનવું જોઈએ. ૨૬

**છ વ્રતો કહીને હવે સાતમું સ્થાન કહે છે -**

**પુઢવિકાયં ન હિંસંતિ, મણસા વયસા કાયસા ।**
**તિવિહેણ કરણજોએણ, સંજયા સુસમાહિઆ ।।૨૭।।**

**પુઢવિકાયં વિહિંસંતો, હિંસઈ઼ ઉ તયસ્સિએ ।**
**તસે અ વિવિહે પાણે, ચક્ખુસે અ અચક્ખુસે ।।૨૮।।**

**તમ્હા એઅં વિયાણિત્તા, દોસં દુગ્ગઇવડ્ઢણં ।**
**પુઢવિકાયસમારંભં, જાવજીવાઇ વજ્જએ ।।૨૯।।**

સુસમાહિઆ-યતનામાં ઉદ્યત સંજયા-સાધુઓ મનથી, વચનથી અને કાયાથી તિવિહેણ કરણજોએણ-ત્રણ પ્રકારના કરણ દ્વારા પૃથ્વીકાય જીવોને હણતા નથી. (૨૭)

ત્રણ કરણ એટલે (મન-વચન-કાયાથી) હણવા હણાવવા કે હણનારની અનુમોદના કરવી, તે રીતે હિંસા (અર્થાત્

ચોથા અધ્યયનમાં કહ્યા પ્રમાણે આલેખન, વિલેખન, ઘટ્ટન, ભેદન, વગેરે) કરતા નથી. 'કાયસા' શબ્દની સિદ્ધિ પ્રાકૃતના 'આગમ્' સૂત્રથી કરી શકાય છે. ૨૭

પૃથ્વીકાયની હિંસા કરનારો – તયસ્સિએ–તેમાં આશ્રિત (રહેલા) ચક્ખુસે–ચક્ષુથી દેખાય તેવા અને અચક્ખુસે–ન દેખાય તેવા (બેઈન્દ્રિયાદિ) વિવિહે–વિવિધ જાતિના તસે–ત્રસ ચ–અને શેષ સ્થાવર પાણે–જીવોને હિંસએ–હણે જ છે. (૨૮)

તમ્હા–તે માટે દુર્ગતિ (રૂપ સંસારને) વધારનાર આ (પૃથ્વીજીવોના અને તેના આશ્રિત જીવોની હિંસારૂપ) દોષને વિયાણિત્તા–સમ્યગ્ જાણીને પૃથ્વીકાયના (આલેખન–વિલેખન વગેરે) આરંભને જીવતાં સુધી વર્જે. (૨૯)

**હવે આઠમું સ્થાન કહે છે –**

**આઉકાયં ન હિંસંતિ, મણસા વયસા કાયસા ।**
**તિવિહેણ કરણજોએણ, સંજયા સુસમાહિઆ ।।૩૦।।**

**આઉકાયં વિહિંસંતો, હિંસઈ ઉ તયસ્સિએ ।**
**તસે અ વિવિહે પાણે, ચક્ખુસે અ અચક્ખુસે ।।૩૧।।**

**તમ્હા એઅં વિયાણિત્તા, દોસં દુગ્ગઇવડ્ઢણં ।**
**આઉકાયસમારંભં, જાવજીવાઇ વજ્જએ ।।૩૨।।**

૩૦-૩૧-૩૨ ત્રણે ગાથાઓનો અર્થ અનુક્રમે ૨૭-૨૮-૨૯ ગાથા પ્રમાણે સમજવો. માત્ર 'આઉકાયં-અપકાયને' સમજવું. (૩૦-૩૧-૩૨)

પૂર્વે જણાવ્યા પ્રમાણે વિવિધ પ્રકારનું જળ એ અપકાય જીવોનાં શરીરોનો સમૂહ છે. તેના આશ્રયે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના વિવિધ જાતિના જીવો રહેલા હોય છે, તે સર્વની વિરાધના જળની વિરાધના કરવાથી થાય છે, માટે ચોથા અધ્યયનમાં જણાવ્યા પ્રમાણે 'આમર્ષ, સંસ્પર્શ' વગેરે સર્વ પ્રકારનો આરંભ વર્જવો. ૩૨

**હવે નવમું સ્થાન કહે છે -**

**જાયતેઅં ન ઇચ્છંતિ, પાવગં જલઇત્તએ ।**
**તિક્ખમન્નયરં સત્થં, સવ્વઓડવિ દુરાસયં ।।૩૩।।**

**પાઈણં પડિગં વા વિ, ઉડ્ઢં અણુદિસમવિ ।**
**અહે દાહિણઓ વાવિ, દહે ઉત્તરઓ વિ અ ।।૩૪।।**

ભૂઅ્ગણમેસમાધાઓ, હવ્વવાહો ન સંસઓ ।
તં પઈવપયાવટ્ઠા, સંજયા કિંચિ નારમે ।।૩૫।।

તમ્હા એઅં વિઆણિત્તા, દોસં દુગ્ગઇવડ્ઢણં ।
તેઉકાયસમારંભં, જાવજીવાઇ વજ્જએ ।।૩૬।।

ઘણા જીવોનો ઘાતક હોવાથી મુનિઓ પાવગં-પાપકારી એવા જાયતેઅં-અગ્નિને જલઇત્તએ-જગાવવાને (પ્રગટાવવા કે વધારવાને) ઈચ્છતા નથી. (કારણકે અગ્નિ) તિક્ખં-તીક્ષ્ણ એવું અન્નયરં-સર્વ શસ્ત્રોરૂપ સત્થં-શસ્ત્ર છે. તેથી તે સવ્વઓડવિ-સર્વથા પણ દુરાસયં-આશ્રય કરવા યોગ્ય નથી. (૩૩)

(એનું સર્વત: શસ્ત્રપણું કહે છે કે) (પાઈણં પડિણં વાવિ-તેની પૂર્વ અને પશ્ચિમમાં પણ તથા ઉડ્ઢં અણુદિસામવિ-ઊર્ધ્વ અને અનુદિશાઓમાં પણ તથા અહે-અધોદિશામાં અથવા દાહિણઓ-દક્ષિણ દિશામાં પણ તથા ઉત્તરઓ-ઉત્તરમાં પણ (જે હોય તે વસ્તુને) દહે-બાળે છે. અર્થાત્ ચારે દિશાઓ, વિદિશાઓ અને ઊર્ધ્વ-અધો, એમ દશે દિશામાં રહેલી વસ્તુને અગ્નિ બાળે છે. (૩૪)

એસ-આ હવ્વવાહો-અગ્નિ ભૂઆણં-(ત્રસ સ્થાવર વગેરે) જીવોનો આઘાઓ-ઘાતક છે (એમાં) ન સંસઓ-સંશય નથી. તેથી સંજયા-સાધુઓ તં-તેને પઈવપયાવટ્ઠા-પ્રકાશ કે તાપવાને અર્થે કિંચિ-લેશ પણ (સંઘટ્ટનાદિ પણ) નારભે-આરંભ કરે નહિ. (૩૫)

તમ્હા-તે કારણે આ દુર્ગતિ (રૂપ સંસાર) વધારનારા દોષને સમ્યગ્ જાણીને તેઉકાયનો (અગ્નિનો) સમારંભ જીવતાં સુધી વર્જવો જોઈએ.

**હવે દશમું સ્થાન કહે છે -**

**અણિલસ્સ સમારંભં, બુદ્ધા મન્નંતિ તારિસં ।**
**સાવજ્જબહુલં ચેઅં, નેઅં તાઈહિ સેવિઅં ।।૩૭।।**

**તાલિઅંટેણ પત્તેણ, સાહા-વિહુઅણેણ વા ।**
**ન તે વીઇઉમિચ્છંતિ, વેઆવેઉણ વા પરં ।।૩૮।।**

**જં પિ વત્થ વ પાયં વા, કંબલં પાયપુંછણં ।**
**ન તે વાયમુઈરંતિ, જયં પરિહરંતિ અ ।।૩૯।।**

**તમ્હા એઅં વિયાણિત્તા, દોસં દુગ્ગઇવડ્ઢણં ।**
**વાઉકાયસમારંભં, જાવજીવાઇ વજ્જએ ।।૪૦।।**

અણિલસ્સ-વાયુના આરંભને બુદ્ધા-તીર્થંકરો તારિસં-તેવાં (અગ્નિકાયના આરંભ તુલ્ય) મન્નંતિ-માને છે. એઅં ચ-અને એ સાવજ્જબહુલં-ઘણા પાપરૂપ છે. માટે તાઈહિ-જીવોના ત્રાતા-સાધુઓને એઅં-એને-વાયુના આરંભને ન સેવિઅં-સેવ્યો નથી. (૩૭)

એ વાતને સ્પષ્ટ કરે છે કે તાલિઅંટેણ-વીંઝણા વડે, વૃક્ષના પાંદડા(ના વીંઝણા) વડે, કે વૃક્ષની શાખાને હલાવવા વડે, (એવા કોઈ સાધનથી) તે સાધુઓ સ્વયં (પવનને) વીંઝવા ઈચ્છતા નથી, અથવા બીજા દ્વારા વીંઝાવવાનું ઈચ્છતા નથી (અને બીજા વીંઝનારને અનુમતિ આપતા નથી.) (૩૮)

વળી વસ્ત્ર, પાત્ર, કામળ કે રજોહરણ (વગેરે) જે ધર્મનાં ઉપકરણો રાખે છે તેનું અજયણાથી પડિલેહણ વગેરે કરવા દ્વારા પણ તે ન વાયં ઉઈરંતિ-પવનની ઉદીરણા કરતા નથી. કિન્તુ જયણાપૂર્વક પહેરે (વાપરે) છે (અને જયણાથી રાખે છે.) (૩૯)

વસ્ત્રાદિને ઝાટકવાથી, જોરથી, લેવાથી, મૂકવાથી, ફેંકવાથી, અતિપવન વાતો હોય ત્યાં સૂકવવાથી, કે રસ્તે ચાલતાં પણ

છેડો ઊડે તે રીતે પહેરવાથી, એમ અનેક રીતે વાયુજીવોની હિંસા થાય છે. ૩૯

તેથી આ દુર્ગતિને (સંસારને) વધારનારા દોષને જાણીને (સુસાધુઓ) જીવે ત્યાં સુધી વાયુકાયના સમારંભને વર્જે છે. (૪૦)

**હવે અગિયારમું સ્થાન કહે છે –**

**વણસ્સઇં ન હિંસંતિ, મણસા વયસા કાયસા ।**
**તિવિહેણ કરણજોએણ, સંજયા સુસમાહિઆ ।।૪૧।।**

**વણસ્સઇં વિહિંસંતો, હિંસઈ ઉ તયસ્સિએ ।**
**તસે અ વિવિહે પાણે, ચક્ખુસે અ અચક્ખુસે ।।૪૨।।**

**તમ્હા એઅં વિયાણિત્તા, દોસં દુગ્ગઇવડ્ઢણં ।**
**વણસ્સઇસમારંભં, જાવજીવાઇ વજ્જએ ।।૪૩।।**

આ ૪૧-૪૨-૪૩ ગાથાનો અર્થ અનુક્રમે ૨૭-૨૮-૨૯ ગાથા પ્રમાણે સમજવો. માત્ર ‘વણસ્સઇં-વનસ્પતિકાય જીવોને’ એટલો ભેદ સમજવો. (૪૧-૪૨-૪૩)

બારમું સ્થાન કહે છે -

તસકાયં ન હિંસંતિ, મણસા વયસા કાયસા ।
તિવિહેણ કરણજોએણ, સંજયા સુસમાહિઆ ।।૪૪।।

તસકાયં વિહિંસંતો, હિંસઈ ઉ તયસ્સિએ ।
તસે અ વિવિહે પાણે, ચક્ખુસે અ અચક્ખુસે ।।૪૫।।

તમ્હા એઅં વિયાણિત્તા, દોસં દુગ્ગઇવડ્ઢણં ।
તસકાયસમારંભં, જાવજીવાઇ વજ્જએ ।।૪૬।।

૪૪-૪૫-૪૬ ગાથાનો અર્થ અનુક્રમે ૨૭-૨૮-૨૯ ગાથા પ્રમાણે કરવો. માત્ર 'તસકાયં-ત્રસકાય જીવોને' એટલો ભેદ સમજવો. (૪૪-૪૫-૪૬)

અહીં સુધી કહ્યાં તે છ વ્રતો અને છકાયની જયણારૂપ બાર સ્થાનો સાધુના મૂળગુણો સમજવા. હવે તેની રક્ષા માટે વાડતુલ્ય 'અકપ્પો ગિહિભાયણં' વગેરે ઉત્તર ગુણોનાં છ સ્થાનો કહે છે, તેમાં પ્રથમ કલ્પ બે પ્રકારનો છે : ૧-શૈક્ષ્યકસ્થાપના કલ્પ અને ૨-અકલ્પસ્થાપના કલ્પ. પિંડ-નિર્યુક્તિ વગેરેને નહિ જાણતા અજ્ઞ શિષ્યના લાવેલા આહાર, વસ્ત્ર, પાત્રાદિ નહિ વાપરવા તથા ઋતુબદ્ધ કાળમાં અયોગ્યને

તથા વર્ષાકાળે યોગ્ય અયોગ્ય બન્નેને દીક્ષા નહિ આપવી, તે શૈક્ષ્યકસ્થાપના કલ્પ જાણવો, તેથી વિરૂદ્ધ અકલ્પ સમજવો. બીજો અકલ્પસ્થાપના કલ્પ ગ્રન્થકારો સ્વયં અહીં તેરમાં સ્થાનમાં કહ્યો છે.

હવે તેરમું સ્થાન કહે છે –

જાઇં ચત્તારિ ભુજ્જાઇં, ઇસિણાऽऽહારમાઇણિ ।
તઇં તુ વિવજ્જંતો, સંજમં અણુપાલએ ।।૪૭।।

પિંડં સિજ્જં ચ વત્થં ચ, ચઉત્થં પાયમેવ ચ ।
અકપ્પિઅં ન ઇચ્છિજ્જા, પડિગાહિજ્જ કપ્પિઅં ।।૪૮।।

જે નિઆગં મમાયંતિ, કીઅ–મુદ્દેસિ–આહડં ।
વહં તે સમણુજાણંતિ, ઇઇ વુત્તં મહેસિણા ।।૪૯।।

તમ્હા અસણપાણાઇં, કીઅમુદ્દેસિઆહડં ।
વજ્જયંતિ ઠિઅપ્પાણો, નિગ્ગંથા ધમ્મજીવિણો ।।૫૦।।

ઇસિણ–સાધુઓને (સંયમમાં અપકારી એવા) અભુજ્જાઇં- અકલ્પ્ય જાઇં–જે ચતારિ–ચાર આહારમાઇણિ–આહાર વગેરે (આહાર–વસ્ત્ર–પાત્ર અને વસતિ), તાઇં–તેને વિવજ્જંતો-

વર્જતો (ઉત્તમ સાધુ સત્તર પ્રકારના) સંજમં-સંયમને પાળે. (૪૬)

'ભુજ્જાઇં' પદમાં અકારનો લોપ સમજવો. અકલ્પ્ય આહારાદિના ત્યાગ વિના સંયમનો અભાવ કહ્યો છે. કારણકે મન-ઈન્દ્રિયોનો વિજય કરવો તે સંયમ છે, એ વિજય થયો હોય તો અકલ્પ્ય વસ્તુ લેવાનું કારણ રહે નહિ અને અકલ્પ્ય લે તો સંયમની રક્ષા બને નહિ. ૪૭

એ જ સ્પષ્ટ કરે છે કે અકપ્પિઅં-અકલ્પ્ય એવાં (અનશનાદિ ચારે પ્રકારના આહારરૂપ) પિંડને, શય્યાને (વસતિને), વસ્ત્રને અને પાત્રને (લેવાની) ન ઇચ્છિજ્જા-ઈચ્છા પણ ન કરવી પણ કપ્પિઅં-કલ્પ્ય (પિંડ વગેરેને) પડિગાહિજ્જ-ગ્રહણ કરવાં. (૪૮)

જે-જે વેષધારી સાધુઓ નિઆગં-નિત્ય પિંડને અને ક્રીત, ઔદેશિક તથા આહડં-અભ્યાહૃત (દોષવાળા) પિંડાદિમાં મમાયંતિ-મમત્વ કરે છે (ગ્રહણ કરે છે) તેઓ (એ પિંડાદિને અંગે ગૃહસ્થે કરેલા છકાય જીવોના) વહં-વધને સમણુજાણંતિ-અનુમોદે છે. ઇઇ-એમ મહેસિણા-શ્રી વર્ધમાનસ્વામીએ વુત્તં-કહ્યું છે. (૪૯)

નિત્ય આમંત્રણ કરનારના ત્યાંથી લેવાય તે નિત્યપિંડ, સાધુ માટે વેચાણ લાવેલો ક્રીતપિંડ, વગેરે ત્રીજા અધ્યયનમાં કહ્યું તેમ સમજવું. દાનરુચિથી ગૃહસ્થ દોષિત વસ્તુ તૈયાર કરે છતાં ન લેવાથી સાધુને દોષ લાગતો નથી. લેવાથી ઉપભોગ કરવારૂપ અનુમોદના થવાથી તે દોષ સાધુને પણ લાગે છે. તૈયાર થવાથી હિંસા તો થઈ ગઈ, હવે લેવામાં શો દોષ? એવો તર્ક કરવો તે અજ્ઞાન છે. વસ્તુતઃ દાનની ભાવનાથી ગૃહસ્થ તૈયાર કરે તો પણ તેનો દાન દેવાનો ધર્મ હોવાથી તેને લાભ છે. દોષિત જાણ્યા પછી સાધુએ લેવાનો ધર્મ નથી, છતાં લે તો અનુમોદના થવાથી દોષ લાગે જ. ન લેવાથી સાધુનો અને ગૃહસ્થનો ઉભયનો ધર્મ સચવાય અને બન્ને આરાધક બને. અહીં પ્રભુ મહાવીરદેવ અને જીર્ણશેઠનું દૃષ્ટાન્ત વિચારવું. ૪૯

તે માટે (ઉપર કહ્યાં તે) ક્રીત, ઔદેશિક અને અભ્યાહૃત (દોષવાળા) અશન પાન વગેરે (ચારે પ્રકારનો પિંડ, વસ્ત્ર, પાત્ર અને વસતિને) ઠિઅપ્પાણો–સત્ત્વવાળા ધમ્મજીવિણો–એક સંયમધર્મ માટે જીવનારા નિર્ગ્રન્થ સાધુઓ વર્જે છે (લેતા નથી.) (૫૦)

દોષોના પરિહારપૂર્વક નિર્મળ સંયમ પાળવા માટે ત્યાગ કરવાનું સત્ત્વ અને સંયમનો રાગ, બે ગુણો મહત્ત્વના છે, એમ અહીં આપેલા સાધુનાં વિશેષણોથી સૂચવ્યું છે. ૫૦

હવે ચૌદમું સ્થાન કહે છે -

**કંસેસુ કંસપાએસુ, કુંડમોએસુ વા પુણો ।**
**ભુંજંતો અસણપાણાઇં, આયારા પરિભસ્સઇ ।।૫૧।।**

**સીઓદગસમારંભે, મત્તધોઅણછડ્ડણે ।**
**જાઇં છિન્નંતિ (છિપ્પંતિ) ભૂઆઇં, દિટ્ઠો તત્થ અસંજમો ।।૫૨।।**

**પચ્છાકમ્મં પુરેકમ્મં, સિઆ તત્થ ન કપ્પઇ ।**
**એઅમટ્ઠં ન ભુંજતિ, નિગ્ગંથા ગિહિભાયણે ।।૫૩।।**

કંસેસુ-કચોળાદિમાં, કંસપાએસુ-થાળ કથરોટ વગેરેમાં અથવા કુંડમોએસુ-હાથીના પગના આકારવાળાં માટીનાં પાત્રોમાં (માટીનાં ઊભાં મોટાં કુંડામાં) અશન-પાન વગેરેનું ભોજન કરતો સાધુ આયારા-સાધુના આચારથી પરિભસ્સઇ-ભ્રષ્ટ થાય છે. (૫૧)

ગૃહસ્થજીવનના આચરણથી, વેષથી, કે તેવાં ભોજન-આસન-શયન ઈત્યાદિ વાપરવાથી 'હું સાધુ છું' એવો ખ્યાલ આવતો નથી અને એવા ખ્યાલ વિના સંયમની રક્ષા થતી નથી. એ કારણે સાધુજીવનના પ્રત્યેક વ્યવહારો ગૃહસ્થના વ્યવહારોથી ભિન્ન અને સંયમના આદર્શભૂત છે, તેને તજવાથી સંયમના પરિણામ પ્રગટતા નથી કે પ્રગટેલા હોય તે ટકતા નથી. ૫૧

ગૃહસ્થના ભાજનમાં ભોજન કરવાથી 'સાધુઓ ગૃહસ્થના ભાજનમાં ભોજન કરે છે' એવી માન્યતા થવામાં, અથવા તે ભાજનને ગૃહસ્થના વ્યવહાર પ્રમાણે શુદ્ધ કરતાં થનારા સીઓદગસમારંભે-શીત (સચિત્ત) પાણીના આરંભમાં તથા મત્તધોઅણ-પાત્રના ધોવણને છડ્ડણે-છાંડવામાં (કુંડા-કુંડી) વગેરેમાં ધોવણ નાખવામાં) જાઇં ભૂઆઇં-જે જીવો છિન્નંતિ (છિપ્પંતિ)-હણાય છે તત્થ તેમાં (કેવળજ્ઞાનીઓએ) અસંયમને (જાણ્યો) છે. (૫૨)

સાધુધર્મની હલકાઈથી જૈનશાસનની હલકાઈ છે. એના જેવો બીજો અધર્મ નથી અને શાસનની પ્રભાવના જેવો કોઈ શ્રેષ્ઠ ધર્મ નથી. ગૃહસ્થના જેવા વ્યવહારોથી છકાય

જીવોની વિરાધના થાય માટે એવા વ્યવહારો કરવાથી સાધુનું અહિંસાવ્રત સચવાય નહિ, વગેરે જાણીને જ્ઞાનીઓએ ગૃહસ્થનાં ભાજનોનો નિષેધ કર્યો છે. પૂર્વકાળે લાકડાના પાત્રામાં લાવેલું પાણી તેવું જ વાપરવાનો વ્યવહાર હતો અને આજે પણ સંયમના અર્થી કોઈ કોઈ એનું યથાશક્ય પાલન કરતા દેખાય છે. ૫૨

તત્થ-તેમાં (ગૃહસ્થના પાત્રમાં ભોજન કરવામાં) પશ્ચાત્કર્મ અને પુર:કર્મ દોષો સિયા-થાય, તે સાધુઓને ન કપ્પઇ-ન કલ્પે એઅમટ્ઠં-એ કારણે નિર્ગ્રન્થ મુનિઓ ગૃહસ્થના ભાજનમાં ભોજન કરતા નથી. (૫૩)

પશ્ચાત્કર્મ-પુર:કર્મનું સ્વરૂપ પાંચમા અધ્યયનની ૩૨-૩૫ ગાથામાં કહ્યું છે. ભોજન કર્યા પછી ભાજન ધોવાથી પશ્ચાત્કર્મ સ્પષ્ટ છે અને સાધુઓને ભોજન કરાવીને પછી ભોજન કરવાની ભાવનાવાળા ગૃહસ્થના ભાજનમાં પહેલું ભોજન કરવાથી પુર:કર્મ પણ લાગે. સાધુને ગૃહસ્થના ભાજનમાં કે ગૃહસ્થભાજનના આકાર જેવા લાકડા વગેરેના ભાજનમાં પણ ભોજન કરવું ઉચિત નથી, કારણ કે એથી સાધુ ગૃહસ્થ તુલ્ય દેખાય.

સ્થૂલદૃષ્ટિએ જોતાં આ દોષ સામાન્ય લાગે તેવો હોવા છતાં વિશેષ-મોટા દોષોનું કારણ હોવાથી તજવાનું વિધાન છે. જેમ કિલ્લાની એક ઇંટ નીકળ્યા પછી કિલ્લાની, સ્ટીમરમાં નાનું છિદ્ર પડતાં સ્ટીમરની કે શરીરમાં ન્હાનો રોગ થતાં શરીરની સલામતી રહેતી નથી, તેમ જીવનમાં એક નાનો પણ દોષ ધીમે ધીમે અનેક નાના દોષોને અને પરિણામે મોટા દોષોને પ્રગટાવી આખરે સંયમનો નાશ કરે છે. 'ઝાઝી કીડીઓ સાપને તાણે' તેમ નાના પણ દોષની ઉપેક્ષા એ સંયમની ઉપેક્ષા છે. ૫૩

**હવે પંદરમું સ્થાન કહે છે –**

**આસંદિ-પલિઅંકેસુ, મંચમાસાલએસુ વા ।**
**અણાયરિઅમજ્જાણં, આસઇત્તુ સઇત્તુ વા ।।૫૪।।**

**નાસંદી-પલિઅંકેસુ, ન નિસિજ્જા ન પીઢએ ।**
**નિગ્ગંથાડપડિલેહાએ, બુદ્ધવુત્તમહિટ્ઠગા ।।૫૫।।**

**ગંભીરવિજયા એએ, પાણા દુપ્પડિલેહગા ।**
**આસંદી પલિઅંકો અ, એઅમટ્ઠં વિવિજ્જિઆ ।।૫૬।।**

આસંદી-ભરેલી ગૂંથેલી ખુરશીઓ વગેરે આસનો તથા પલિઅંકેસુ-મોટા પલંગોમાં મંચં-નાના માંચામાં (ખાટલામાં) આસાલએસુ-પાછળ પીઠવાળાં આસનોમાં (આરામખુરશી વગેરેમાં) આસઇત્તુ-બેસવાનું અથવા સઇત્તુ-શયન કરવાનું અજ્જાણં-આર્યોને (સાધુઓને) અણાયરિઅં-અનાચરિત છે. (આચાર વિરુદ્ધ છે.) (૫૪)

બુદ્ધબુત્તમહિટ્ઠુગા-જ્ઞાનીઓના વચનને પાળનારા નિર્ગ્રન્થ સાધુઓ અપડિલેહાએ-ચક્ષુ આદિથી પ્રતિલેખન-પ્રમાર્જન કર્યા વિનાનાં આસનોમાં પલંગોમાં નિસિજ્જા-નિષધામાં (એક પાટિયાવાળા આસન ઉપર) પીઢએ-પીઠ ઉપર (નેતરના આસને) બેસે કે સૂવે ન-નહિ. (૫૫)

આ વિધાન કોઈ વિશિષ્ટ લાભના પ્રસંગે નિષિદ્ધ આસનાદિનો પણ અપવાદથી ઉપયોગ કરવો પડે ત્યારે પણ પ્રતિલેખનાપૂર્વક ઉપયોગ કરવા માટે છે, ઉત્સર્ગથી તો નિષેધ સમજવો. ગાથામાં બેસે-સૂવે એવા શબ્દો નથી તો પણ પ્રસંગાનુસાર સમજી લેવા. ઉપલક્ષણથી વર્તમાનમાં ગૃહસ્થો વાપરે છે, તેવાં કોઈ પણ આસનો-પલંગ-ખુરશી-ચેર-ટેબલ વગેરે સર્વનો નિષેધ સમજવો. ૫૫

એએ-એ આસન, પલંગ વગેરે અન્ય જીવોને રહેવાના ગંભીરવિજયા-ઊંડા આશ્રયો છે (અર્થાત્ તેમાં માંકડ વગેરે જીવો એવી રીતે ભરાઈને ગુપ્ત રહી શકે છે કે દેખી પણ ન શકાય) તેથી તેમાં રહેલા પાણા-પ્રાણીઓ દુપ્પડિલેહગા-પ્રતિલેખવા દુષ્કર છે. (જોવા, જયણા કરી બચાવવા વગેરે દુષ્કર છે) એઅમટ્ઠં-એ કારણે સાધુઓએ આસન, પલંગ અને અ-માંચા માંચી વગેરે સર્વને વિવજ્જિઆ-વર્જ્યાં છે (બેસવાનું સૂવાનું તજ્યું છે) (૫૭)

**હવે સોળમું નિષધા સ્થાન કહે છે -**

**ગોઅરગ્ગપવિટ્ઠસ્સ, નિસિજ્જા જસ્સ કપ્પઇ ।**
**ઇમેરિસમણાચારં, આવજ્જઇ અબોહિઅં ।।૫૭।।**

**વિવત્તી બંભચેરસ્સ, પાણાણં ચ વહે વહો ।**
**વણીમગપડિગ્ઘાઓ, પડિકોહો અગારિણં ।।૫૮।।**

**અગુત્તી બંભચેરસ્સ, ઇત્થીઓ વા વિ સંકણં ।**
**કુસીલવડ્ઢણં ઠાણં, દૂરઓ પરિવજ્જએ ।।૫૯।।**

**તિણ્હમન્નયરાગસ્સ, નિસિજ્જા જસ્સ કપ્પઇ ।**
**જરાએ અભિભૂઅસ્સ, વાહિઅસ્સ તવસ્સિણો ।।૬૦।।**

ગોચરી (ભિક્ષા) માટે (ગૃહસ્થના ઘરમાં) પવિટ્ઠસ્સ-ગએલા જસ્સ-જે સાધુને નિસિજ્જા-નિષદ્યા (આસનાદિ) કપ્પઇ-કલ્પે છે-અર્થાત્ જે ગૃહસ્થના ઘરમાં બેસે (રહે) છે, તે ઇમેરિસં-આ પ્રમાણે આવા (કહીશું તેવા) અણાયાર-અનાચારને આવજ્જઇ-પામે છે. વશ થાય છે. (તે જ કહે છે કે-) અબોહિઅં-અબોધિને પામે છે. (મિથ્યાત્વના બીજભૂત અબોધિને ઉપાર્જે છે.) (૫૭)

બંભચેરસ્સ-બ્રહ્મચર્યની વિવત્તી-વિપત્તિ, પાણાણં-પ્રાણીઓનો વહે-વધ થવાથી વહો-(સંયમનો) વધ, વણીમગ-બીજા ભીખારીઓનો પડિગ્ઘાઓ-પ્રતિઘાત (આક્રમણ) અને અગારિણં-ગૃહસ્થોનો પડિકોહો-ક્રોધ, એ વગેરે દોષો થાય. (૫૮)

ગૃહસ્થનાં ઘરમાં બેસવાથી કે રહેવાથી સ્ત્રીનો પરિચય, બ્રહ્મચર્યની વિરાધના અને સાધુ માટે ભોજનાદિ કરે તેમાં જીવહિંસા થાય, તેથી સંયમનો વધ, બીજા ભિક્ષુકો આવે તેને ગૃહસ્થ પાછા કાઢે તેથી તેઓ સામા થાય અને એથી ઘરના માણસોને પણ ક્રોધ વગેરે થાય, એમ સમજવું. ૫૮

સ્ત્રીઓનાં અંગોપાંગાદિ જોવાથી વિકાર થવારૂપ બ્રહ્મચર્યની અગુપ્તિ (વિરાધના) થાય અને ઇત્થીઓ-સ્ત્રી તરફથી પણ સંકણં-બ્રહ્મચર્યનો નાશ થવાની શંકા થાય. માટે જ્યાં કુસીલવડ્ઢણં-અસંયમની વૃદ્ધિ થાય તેવા ગૃહસ્થના ઠાણં-સ્થાનને દૂરઓ પરિવજ્જએ-દૂરથી વર્જે-એની ઈચ્છા પણ ન કરે. (૫૯)

જસ્સ-જે તિણ્હં-ત્રણમાંથી અન્નયરાગરસ-અન્યતર (કોઈ) અવસ્થાવાળાને (તેની અવસ્થાને ઉચિત હોવાથી ભિક્ષાર્થે ગયો હોય ત્યાં કારણે બેસવું વગેરે) કપ્પઇ-કલ્પે તે ત્રણ કહે છે-એક જરાએ-ઘડપણથી અભિભૂઅસ્સ-પરાભૂતને (અશક્ત બનેલાને), બીજા વાહિઅસ્સ-રોગીને અને ત્રીજા ક્લિષ્ટ તપ કરનારા તવસ્સિઓ-તપસ્વીને. (૬૦)

અપવાદ પણ જિનકથિત હોવાથી જિનાજ્ઞારૂપ છે. સંયમની રક્ષા માટે નિષ્કપટ ભાવે એનો આશ્રય લેનારને આરાધક કહ્યો છે. એથી વિપરીત વિના કારણે, પ્રમાદથી, કે કપટથી અપવાદ સેવે તે વિરાધક બને છે. ઉત્સર્ગ-અપવાદ બન્ને જિનકથિત હોવા છતાં અવસ્થાથી વિરૂદ્ધ અપવાદ સેવવાથી કે કારણ છતાં અજ્ઞપણે ઉત્સર્ગનો દુરાગ્રહ કરવાથી પણ

વિરાધક બને છે, અપવાદ સેવવા યોગ્ય ઉચિત અવસ્થાઓમાં જ અપવાદ સેવવો ઉચિત છે. ૬૦

**હવે સત્તરમું સ્થાન કહે છે -**

**વાહિઓ વા અરોગી વા, સિણાણં જો ઉ પત્થએ ।**
**વુક્કંતો હોઇ આયારો, જઢો હવઇ સંજમો ।।૬૧।।**

**સંતિમે સુહુમા પાણા, ઘસાસુ ભિલુગાસુ અ ।**
**જે અ ભિક્ખૂ સિણાયંતો, વિઅડેણુપ્પલાવએ ।।૬૨।।**

**તમ્હા તે ન સિણાયંતિ, સીએણ ઉસિણેણ વા ।**
**જાવજ્જીવં વયં ઘોરં, અસિણાણમહિટ્ઠગા ।।૬૩।।**

**સિણાણં અદુવા કક્કં, લુદ્ધં પઉમગાણિ અ ।**
**ગાયસ્સુવ્વટ્ટણટ્ઠાએ, નાયરંતિ કયાઇ વિ ।।૬૪।।**

વાહિઓ-રોગી અરોગી વા-કે અરોગી, જો ઉ-જે સાધુ સ્નાનને પ્રાર્થે (કરે) તેનો આયારો-આચાર (અસ્નાન-પરિષહ નહિ સહવાથી) વુક્કંતો-વ્યુત્ક્રાન્ત હોઇ-થાય (અર્થાત્ સાધુતા ચાલી જાય) અને (જીવરક્ષા વગેરે) સંયમ (જઢો-તજેલો થાય (અર્થાત્ સંયમનો પરિત્યાગ થાય). (૬૧)

ઇમે-આ (પ્રત્યક્ષ દેખાતા) સૂક્ષ્મ (કોમળ સંઘયણવાળા-બેઈન્દ્રિયાદિક) જીવો ઘસાસુ-પોલી ભૂમિમાં અને ભિલ્લુગાસુ-ફાટેલી ભૂમિમાં સંતિ-છે, કે જે-જેઓને સ્નાન કરતો ભિક્ષુક (સાધુ) સ્નાનક્રિયાથી ઢળતા વિઅડેણ-વિકૃત પાણીથી (મેલથી ઝેરી બનેલા અચિત્ત પાણીથી) ઉપ્પલાવએ-ડુબાડે (નાશ કરે). (૬૨)

પૃથ્વી અનેક જાતિના ત્રસજીવોને ઉપજવાનું અને રહેવાનું સ્થાન છે અને પાણીનો સ્વભાવ પૃથ્વીને ભેદીને નીચે જવાનો છે. શરીરનો મેલ એક ઝેરરૂપ છે, તેનાથી સ્નાનનું પાણી ઝેરી બને છે, અને તેથી તે અનેક જીવોના પ્રાણ લે છે. એમ સ્નાન કરવામાં અહિંસાવ્રતનો નાશ સ્પષ્ટ છે. ૬૨

તમ્હા-તે કારણે ઘોરં-અતિદુષ્કર એવા અસિણાણં-અસ્નાન વયં-વ્રતને અહિટ્ઠગા-પાળતા (સાધુઓ) જીવતાં સુધી સીએણ-ઠંડા ઉસિએણ વા-કે ઉષ્ણ પાણીથી ન સિણાયંતિ-સ્નાન કરતા નથી. (૬૩)

સ્નાન શરીરને આરામ આપે છે, મનને પ્રસન્ન કરે છે અને સદૈવ અંદરથી બહાર નીકળતા વિવિધ મેલને દૂર કરી સૌન્દર્યની વૃદ્ધિ કરે છે, ઈત્યાદિ કારણે બાહ્ય સુખના

અર્થી સર્વ જીવો સ્નાન વિના રહી શકતા નથી. એ પરિસ્થિતિમાં જીવન પર્યંત ન્હાના-મોટા સર્વ સ્નાનનો ત્યાગ કરવો એ આકરો મનોવિજ્ઞાન હોવાથી દુષ્કર છે, માટે એને ઘોરવ્રત કહ્યું છે. અન્યધર્મીઓએ બાહ્ય શૌચને મહત્ત્વ આપી જળસ્નાનને વિશેષતયા કરણીય માન્યું છે. જૈન શ્રમણ-શ્રમણીઓ જ સર્વ પ્રકારના ન્હાના કે મોટા સ્નાનનો ત્યાગ પાળે છે. કારણકે સ્નાન બ્રહ્મચર્યનું ઘાતક છે. સ્નાનથી પણ અધિક દેહશુદ્ધિ સચવાય તેવા જૈન સાધુના આચારો છે. ૬૩

(વળી તેઓ) ગાયસ્સ-શરીરના અવયવોના ઉવ્વણટ્ઠાએ-ઉદ્‌વર્તન અર્થે નાના-મોટા સ્નાનને, કક્કં-ચંદન રસાદિના, લુદ્ધં-લોધ્રના (લોદરના), પઉમગાણિ-કુંકુંમ-કેસર વગેરેના અને અ-બીજા પણ એવા કોઈ વિલેપનને કયાઇ વિ-કદી પણ નાયરંતિ-આચરતા નથી. (૬૪)

આહાર, નિહાર, વિહાર, વગેરેમાં જિનકથિત મર્યાદાનું પાલન કરવાથી આરોગ્ય, પવિત્રતા વગેરે અખંડ રહે છે, પરસેવો અલ્પ થવાથી મેલ પણ અલ્પમાત્ર થાય છે અને સદ્‌વિચારરૂપ માર્ગાનુસારિણી બુદ્ધિ પ્રગટવાથી મલિન

દેહાદિનું કષ્ટ થતું ન હોવાથી સ્નાનનું પ્રયોજન રહેતું નથી. ૬૪

**હવે શોભાવર્જનરૂપ અઢારમું સ્થાન કહે છે –**

**નગિણસ્સ વા વિ મુંડસ્સ, દીહરોમનહંસિણો ।**
**મેહુણા ઉવસંતસ્સ, કિં વિભૂસાઈ કારિઅં ? ।।૬૫।।**

**વિભૂસાવત્તિઅં ભિક્ખૂ, કમ્મં બંધઇ ચિક્કણં ।**
**સંસારસાયરે ઘોરે, જેણં પડઇ દુરુત્તરે ।।૬૬।।**

**વિભૂસાવત્તિઅં ચેઅં, બુદ્ધા મન્નંતિ તારિસં ।**
**સાવજ્જબહુલં ચેઅં, નેયં તાઈહિં સેવિઅં ।।૬૭।।**

નગિણસ્સ–નગ્નને, મુંડસ્સ–મુંડાએલાને, દીહરોમન હંસિણો–લાંબા રોમ નખવાળાને, અને મૈથુનથી ઉપશાન્તને (વિકાર રહિતને) વિભૂસાઇ–વિભૂષાનું કિં કારિઅં–શું પ્રયોજન છે ? અર્થાત્ કંઈ નથી. (૬૫)

અહીં સાધુને નગ્ન કહ્યા તે જીર્ણ–તુચ્છ વસ્ત્રધારીને ઉપચારથી, અથવા તદ્દન વસ્ત્રરહિત જિનકલ્પિકને અંગે સમજવું. મુંડ એટલે દ્રવ્યથી કેશાદિ રહિત અને ભાવથી કષાયાદિ રહિત સમજવા. કક્ષા વગેરેમાં લાંબા રોમવાળા

અને હાથે-પગે લાંબા નખવાળા તે જિનકલ્પિક સમજવા, ગચ્છવાસીઓને તો અંધારમાં બીજા સાધુઓને લાગે નહિ તેવાં પ્રમાણોપેત નખ હોય એમ સમજવું. આ રીતે શરીરની પણ ઉપેક્ષા કરનાર સાધુને વિભૂષા કરવી નિરર્થક છે. સ્નાનની જેમ વિભૂષા પણ બ્રહ્મચર્યની ઘાતક છે, માટે સાધુએ વર્જવી એ તાત્પર્ય છે. ૬૫

વિભૂષાવત્તિઅં-વિભૂષાનિમિત્તે (કરવાથી) સાધુ ચિક્કણાં (દારૂણ) કર્મ બાંધે, કે જેણં-જે કર્મબંધથી દુરુત્તરે-અતિ દીર્ઘ અને ઘોરે-ભયંકર એવા સંસારસમુદ્રમાં પડે. (૬૬)

વિભૂષાથી સાધુને એવું ચિક્કણું કર્મ બંધાય, તેનું કારણ એ છે કે તેણે જીવનપર્યન્ત વિભૂષાનો ત્યાગ કરેલો છે, એથી જિનાજ્ઞાની વિરાધનાના નિષ્ઠુર પરિણામ વિના સાધુ વિભૂષા કરે નહિ અને કરે તો પરિણામ નિષ્ઠુર થવાથી કર્મ આકરું બંધાય. ગૃહસ્થને એવા પરિણામ ન થાય, કે તજેલા ભાવને આચરતાં સાધુને જેવા નિષ્ઠુર પરિણામ થાય. આ કારણે સાધુનો નાનો પણ અતિચાર ગૃહસ્થના મોટા અતિચારથી પણ વધી જાય. એ યુક્તિસંગત છે. ૬૬

વિભૂષાવત્તિઅં-વિભૂષામાં વર્તતા ચેઅં-ચિત્તને (હું આમ કરું), તેમ કરું, વગેરે વિભૂષાના વિચાર પણ) રૌદ્ર કર્મબંધનું કારણ હોવાથી તેને બુદ્ધા-શ્રી તીર્થંકરો તારિસં-તેવું (વિભૂષાક્રિયાની તુલ્ય) માને છે અને ચેઅં-આવું ચિત્ત સાવજ્જબહુલં-ઘણું સાવદ્ય (દુષ્ટ ધ્યાનવાળું) હોવાથી તાઈહિં-ઉત્તમ સાધુઓએ એઅં-એવું ન સેવિઅં-સેવ્યું નથી. અર્થાત્ ઉત્તમ સાધુ આર્તધ્યાનાદિ રૂપ અકુશળ ચિત્તને સેવે નહિ. (૬૭)

અનિત્ય અને દુર્ગન્ધની પેટી જેવા શરીરની શોભા કરવા જ્ઞાની પુરુષો ઈચ્છે જ નહિ, કારણ કે તે સ્વરૂપે દુષ્ટ છે. શોભા કરવાથી જ્ઞાનીની દૃષ્ટિએ આત્માની શોભા ઘટે છે, માત્ર આત્મહિતમાં સહાયક થવા સિવાય બીજો કોઈ ગુણ શરીરમાં નથી. એથી જ્ઞાનીઓ શરીર દ્વારા એ સાધના કરી લેવામાં જ તન્મય હોય છે અને તે ઉદ્દેશથી જે તેની સંભાળ કરે છે. બહિરાત્મકભાવ તજીને અંતરાત્મદશામાં રમતા સાધુને સ્નાન, વિલેપન કે વિભૂષા સર્વ અકરણીય દેખાય છે, એવી ઈચ્છા પણ બહિરાત્મદશારૂપ છે, 'ગુણો જ સાચા અલંકારો' છે, એમ સમજતો સાધુ બાહ્ય વિભૂષાને કદી પણ ન ઈચ્છે. ૬૭

**હવે આ અઢાર સ્થાનોનું ફળ કહી ઉપસંહાર કરે છે –**

**ખવંતિ અપ્પાણમમોહદંસિણો,**
**તવે રયા સંજમઅજ્જવે ગુણે ।**
**ધુણંતિ પાવાઈં પુરેકડાઇં,**
**નવાઇં પાવાઇં ન તે કરંતિ ।।૬૮।।**

**અસોવસંતા અમમા અકિંચણા,**
**સવિજ્જવિજ્જાણુગાયા જસંસિણો ।**
**ઉઉપ્પસન્ને વિમલે વ ચંદિમા,**
**સિદ્ધિં વિમાણાઇં, ઉવેંતિતાઇણો–તિબેમિ ।।૬૯।।**

અમોહદંસિણો–અમૂઢ (યથાર્થ) દૃષ્ટિવાળા જે મુનિઓ સંજમઅજ્જવે ગુણે–સંયમ અને આર્જવ (ઋજુતા) જેના ગુણો છે, (તેવા બાર પ્રકારના શુદ્ધ) તવે રયા–તપમાં રક્ત રહીને અપ્પાણં–(બહિરાત્મદશાવાળા) પોતાના આત્માને (તે તે કુશળ ચિત્ત વડે) ખવંતિ–ખપાવે છે (ઉપશાન્ત કરે છે), તં–તેઓ પુરકડાઇં–પૂર્વે કરેલાં (જન્માન્તરીય) પાપોને ધુણંતિ–ખંખેરે છે (ખપાવે છે) અને નવાં પાપોને કરતા નથી. (૬૮)

વળી અસોવસંતા–સદા ઉપશાન્ત (ક્રોધરહિત), અમમા–મમત્વરહિત, (મિથ્યાત્વ વગેરે અભ્યંતર દ્રવ્યથી અને સુવર્ણાદિ બાહ્ય દ્રવ્યથી) અકિંચણા–ધનરહિત, (પરલોકોપકારક કેવળ શ્રુતજ્ઞાનરૂપ) સવિજ્જ–સ્વવિદ્યાથી વિજ્જાણુગયા–વિદ્યાવાળા અને (પારલૌકિક શુદ્ધ) જસંસિણો–યશવાળા એવા તાઇણો–સ્વપરતારક સાધુઓ ઉઉપ્પસન્ને–પ્રશાન્ત (શરદકાળ વગેરે) ઋતુના વિમલે–નિર્મળ ચંદિમા વ–ચંદ્રની જેમ (ભાવમેલથી રહિત થયેલા) સિદ્ધિં–સિદ્ધિગતિને અથવા વિમાણાઇં–(જેને કર્મ બાકી રહે તે) વૈમાનિક દેવભવને ઉવેંતિ–પ્રાપ્ત કરે છે તિબેમિ–એમ હું કહું છું. (૬૯)

ઉપર જણાવેલાં અઢારે સ્થાનોનું પાલન કરવાથી મોહનું જોર મંદ પડે છે. અનાદિ વાસનાઓ નિષ્ફળ થાય છે અને એથી અહીં કહેલા ગુણો કે જે આત્મસ્વરૂપ છે, તે (ઉપરનો મેલ દૂર થવાથી જેમ સુવર્ણ ઝળકે તેમ) પ્રગટ થાય છે. એમ ઉત્તરોત્તર પ્રગટેલા ગુણોનો આનંદ અનુભવતો આત્મા સંસારમાં પણ મુક્તિ જેવો આનંદ અનુભવીને આખરે સર્વ કર્મોનો ક્ષય કરી શકે છે.

અનાદિ મિથ્યાત્વ, કષાયો અને અજ્ઞાનરૂપી મહારોગોને દૂર કરવાનું પરમઔષધ આચારો છે, તેનાથી કર્મરોગ રહિત બનીને અનંતા આત્માઓ મુક્તિપદને વર્યા છે, વર્તમાનમાં વરે છે અને ભવિષ્યમાં અનંતા વરશે. કોઈ કાળે પણ જીવને આ શુદ્ધ આચારોના પાલન વિના સંસારનો અંત થાય તેમ નથી જ. માટે આત્માર્થીએ અહીં કહેલા શુભ આચારોનું પાલન બને તેટલું નિર્મળ અને અખંડ કરવું. ૬૯

**સમત્તં છટ્ઠં અજ્ઝયણમ્ ।**

# સાતમું વાક્યશુદ્ધિ અધ્યયન

સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગને શાસ્ત્રકારોએ અભ્યંતર યોગો કહ્યા છે. માનવનું (સાધુજીવનનું) મુખ્ય કાર્ય એ ગુણોને પ્રગટ કરી મુક્તિ મેળવવાનું છે અને તે ગુણસ્વરૂપ હોવાથી તેનું આવરણ કરનાર કર્મોનો વિલય થતાં તે આત્મામાં પ્રગટે છે. આ આવરણોને ટાળવાનાં સાધન તરીકે જીવને મળેલાં-મળતાં મન, વચન અને કાયા જો કે જડ છે, તથાપિ જિનાજ્ઞાને અનુસરીને કુશળ બનાવવાથી તે મોક્ષસાધક બની શકે છે. માનવદેહની કિંમત સર્વાધિક કહી છે, તેનું કારણ આ એક જ છે કે મનુષ્ય મન વગેરેને કુશળ બનાવી આ કાર્યને સાધી શકે છે.

મન, વચન, કાયાની કુશળ પ્રવૃત્તિથી જેમ મુક્તિ સાધી શકાય છે તેમ અકુશળ પ્રવૃત્તિથી મનુષ્યજન્મ નિષ્ફળ પણ બને છે. એટલું જ નહિ, ભયંકર સંસારવર્ધક પણ બની જાય છે. આ કારણે જ મનુષ્યની ધાર્મિક જીવન જીવવાની જવાબદારી ઘણી મોટી અને અનિવાર્ય છે. શ્રી તીર્થંકરદેવોએ મુખ્યતયા મનુષ્યને ઉદ્દેશીને ધર્મ ઉપદેશ્યો છે, તેનું કારણ પણ એ છે કે જો મનુષ્ય મન-વચન-કાયાનો સર્વશ્રેષ્ઠ

સદુપયોગ કરે તો મુક્તિ જેવા પરમોચ્ચ પદને તે પામી શકે છે અને દુરુપયોગ કરે તો અન્ય સર્વગતિના જીવો કરતાં સવિશેષ દુઃખી થાય છે. મનુષ્ય જેટલી લાભ કે હાનિ અન્ય ગતિના જીવોને શક્ય નથી. માટે મનુષ્યે ધર્મનું આરાધન કરવું એ અતિ આવશ્યક છે. સમગ્ર દ્વાદશાંગીના સારરૂપે મનુષ્યે 'ત્રણે યોગો દ્વારા કુશળ પ્રવૃત્તિ કરીને મુક્તિ સાધવી' એ જ ઉપદેશ છે, એમ કહી શકાય.

કાયાને સદાચારી બનાવવી દુષ્કર છે, વચનનો સદુપયોગ કરવો અતિદુષ્કર છે અને મનને ઉન્માર્ગથી રોકી શુભધ્યાનમાં જોડવું તે તો અત્યંત દુષ્કર છે, તો પણ એકે અશક્ય નથી. યોગ્ય આત્મા મનુષ્ય જીવનમાં જિનાજ્ઞાને બળે ત્રણે યોગોનો સદુપયોગ કરી શકે છે, માટે જિનેશ્વરદેવોએ એ માર્ગ તેને ઉપદેશ્યો છે.

જેમ કાયાને સદાચારી બનાવવાના ઉપાયો કહ્યા છે, તેમ વચનને કુશળ બનાવવાનો માર્ગ પણ બતાવ્યો છે. આ અધ્યયનમાં ભાષા, તેના પ્રકારો, વગેરે વર્ણવીને ક્યારે કેવા સંયોગોમાં કેટલું કેવું બોલવું કે ન બોલવું વગેરે સમજાવ્યું છે. ઉત્સર્ગ-અપવાદના પ્રસંગે બોલવા ન બોલવાના વિધિ-

નિષેધો જણાવીને સાધુજીવનને સફળ કરવાનો એકાન્ત કલ્યાણકારી માર્ગ બતાવ્યો છે.

ચારિત્રને જન્મ આપી તેનું રક્ષણ, પાલન અને પોષણ કરનારી આઠ પ્રવચનમાતાઓ ખરેખર ! સાધુની માતાઓ છે. તેમાંની ભાષા-સમિતિ અને વચનગુપ્તિ એ બેનું પાલન આ અધ્યયના અભ્યાસથી જ થઈ શકે તેમ છે. જેમ નેત્રોના અભાવે અંધ જોઈ શકતો નથી, કાન વિના બહેરો સાંભળી શકતો નથી, તેમ આ અધ્યયન ભણ્યા વિના સત્ય વચન બોલી શકાય તેમ નથી. જેઓ આના અભ્યાસ વિના બોલે છે, તેઓ દુઃસાહસ કરે છે અને સ્વ-પરનું અહિત કરીને દુર્ગતિને નોંતરે છે.

સામાન્ય રીતે સાધુ ઉપદેશક મનાય છે, બીજાની અપેક્ષાએ ઉપદેશકનું સ્થાન ઊંચું હોય છે, કારણકે તે સ્વ-પર ઉપકાર કરી શકે છે. લોક પણ તેનું બહુમાન સવિશેષ કરે છે, તેથી તેની જવાબદારી પણ મોટી છે. કહેવાય છે કે 'જીભમાં અમૃત અને ઝેર બન્ને રહેલાં છે' શ્રોતાના કષાયો શમે, જડની વાસના ઘટે અને નિષ્પાપ જીવનનો પક્ષ વધે, એવું બોલવું એ જીહ્‌વાનું અમૃત છે, એથી વિરૂદ્ધ કષાયો,

વાસનાઓ અને પાપવૃત્તિ વધે એવું બોલવું તે જીહ્વાનું ઝેર છે. બીજાં ઝેર એક જ જન્મનો નાશ કરે છે અને જીહ્વાનું ઝેર સ્વ-પર અનેક જન્મોનો નાશ કરે છે. મનની દુષ્ટતાથી બહુધા પોતાને હાનિ થાય છે અને વચનની દુષ્ટતાથી તો બીજા પણ અનેકાનેક આત્માઓને હાનિ થાય છે. ઈત્યાદિ બોલવાની જવાબદારી (જોખમ) સમજીને મનુષ્યે અને તેમાં પણ સાધુએ તો ભાષાનું સ્વરૂપ અવશ્ય જાણવું જોઈએ.

'જીહ્વા મળી છે માટે બોલવું' એ માન્યતા અજ્ઞાનમૂલક છે. બોલવાની આવશ્યક્તા હોય ત્યારે, પરિમિત, નિષ્પાપ, હિતકર અને સત્ય બોલવું, તો જ મળેલી જીહ્વાની સફળતા છે. એથી વિરૂદ્ધ ગમે તેમ બોલનાર વાચાળ ગણાય છે, તેનું વચન અનાદર પામે છે અને પરિણામે અન્ય જન્મમાં મુંગા-બોબડાપણું, જીહ્વાના વિવિધ રોગો, મૂર્ખતા, ઈત્યાદિ દુષ્ટ કષ્ટોને ભોગવવાના પ્રસંગો આવે છે. વર્તમાનમાં દેખાતા એવા મનુષ્યો કે તિર્યંચો વગેરે એનાં પ્રત્યક્ષ દૃષ્ટાન્તો છે, માટે દુર્લભ માનવભવને અને તેમાં પણ સાધુતાને પામેલા આત્માએ સ્વ-પરહિતાર્થે આ અધ્યયનનો વારંવાર અભ્યાસ કરીને ભાષાસમિતિ અને વચનગુપ્તિના પાલનપૂર્વક પોતાના અને પરના કલ્યાણને સાધવું જોઈએ.

**ચઉણ્હં ખલુ ભાષાણં, પરિસંખાય પન્નવં ।**
**દુણ્હં તુ વિણયં સિક્ખે, દો નભાસિજ્જસવ્વસો ।।૧।।**

ચઉણ્હં ખલુ-ચાર પ્રકારની ભાષાઓનું સ્વરૂપ પરિસંખાય-જાણીને પન્નવં-પ્રજ્ઞાવાન્ (બુદ્ધિમાન સાધુ) તેમાંની દુણ્હં બે દ્વારા વિણયં-શુદ્ધ ભાષાપ્રયોગને સિક્ખે-શીખે-જાણે. (અર્થાત્ 'આ બે ભાષાનું મારે પ્રયોજન છે' એમ સમજે) અને દો-શેષ બે સવ્વસો ન ભાસિજ્જ-સર્વથા ન બોલે. (૧)

શાસ્ત્રમાં ભાષાના ૧-સત્ય, ૨-અસત્ય, ૩-સત્યાસત્ય (મિશ્ર) અને ૪-ન સત્ય ન અસત્ય (વ્યવહાર), એમ ચાર પ્રકારો કહ્યા છે. તેમાં પહેલી અને ચોથી વિવેકપૂર્વક બોલવી અને બીજી-ત્રીજી સર્વથા ન બોલવી. અન્ય ગ્રંથોમાં ન બોલવા યોગ્ય ભાષાના છ પ્રકારો પણ કહ્યા છે. ૧-**હીલિતા**-બીજા પ્રત્યે અસૂયા-અવજ્ઞાપૂર્વક બોલવું, ૨-**ખિંસિતા**-નિન્દાવચન, ૩-**પરુષા**-કર્મશ-કઠોર વચન, ૪-**અસત્યા**-જૂઠું વચન, ૫-**ગાર્હસ્થી** ભાષાથી (સાધુએ પુત્ર, ભાણેજ, પિતા, માતા વગેરે) કહેવું અને ૬-**કલેશોદીરણી**-શાન્ત થએલા કલેશ-કષાય વગેરેને પુનઃ પ્રગટ કરનારી. આ છ ભાષાઓ ઉપરાંત

યોગશાસ્ત્રમાં તો 'અન્યને પીડા થાય' તેવું સત્ય પણ નિષેધ્યું છે.

ભાષાના ઉપર જણાવેલા ચાર પ્રકારો પણ વ્યવહારનયથી જાણવા. નિશ્ચયનયથી તો ૧-સત્ય અને ૨-અસત્ય, બે જ પ્રકારો કહ્યા છે અને તે યુક્તિસંગત પણ છે. તેની વ્યાખ્યા એવી કરી છે કે-જેનાથી સ્વ-પર હિત થાય થે સત્ય અને અહિત થાય તે અસત્ય અર્થાત્ આરાધક-વિરાધક બે ભાવો હોવાથી નિશ્ચયનયથી ભાષાના પણ બે જ પ્રકારો છે, બેમાં સર્વ પ્રકારો અંતર્ગત છે.

અહીં કહેલાચાર પ્રકારોને વિશેષયા સમજવા માટે તેના અનુક્રમે ૧૦-૧૦-૧૦ અને ૧૨ એમ ૪૨ ઉત્તર ભેદો કહ્યા છે.

તેમાં સત્યના દશ ભેદો ટૂંકમાં આ પ્રમાણે છે :

૧. જનપદસત્ય-જનપદ એટલે દેશ. તે તે દેશમાં બોલાતા રૂઢ શબ્દો બીજા ક્ષેત્રમાં તે અર્થમાં ન બોલાતા હોય તો પણ સત્ય માનવા તે.

૨. સમ્મતસત્ય-સર્વ લોકમાં સામાન્યતયા જે સત્ય મનાય તે. જેમ કે કુમુદાદિ-અન્ય કમળો પણ કાદવમાં (પંકમાં) ઊપજે છે, છતાં અરવિન્દ પુષ્પને જ સૌ 'પંકજ' માને છે.

૩. સ્થાપનાસત્ય-એકડાની સામે બે મીડાં સ્થાપવાથી સો, ત્રણથી હજાર, ચારથી દશહજાર, વગેરે મનાય છે, અથવા માટી-લેપ-ચૂનો-પત્થર, વગેરેની પ્રતિમાઓમાં તે તે વ્યક્તિની સ્થાપના કરી તેને 'અરિહંત' વગેરે મનાય છે તે.

૪. નામસત્ય-દરિદ્ર છતાં નામ કુબેર રાખ્યું હોય તેને નામ માત્રથી કુબેર (ધનપતિ) કહેવો-માનવો તે.

૫. રૂપસત્ય-સાધુતા વિના દંભથી સાધુવેષ ધારણ કરનારને સાધુ કે સ્ત્રીનો વેશ પહેરનાર પુરુષને સ્ત્રી વગેરે કહેવું તે.

૬. પ્રતીત્યસત્ય-કનિષ્ઠાની અપેક્ષાએ અંગુલીને મોટી અને મધ્યમાની અપેક્ષાએ ન્હાની કહેવી, ઈત્યાદિ અપેક્ષાથી બોલાય તે.

૭. વ્યવહારસત્ય–લોકવ્યવહારમાં 'ઘાસ બળવા છતાં પર્વત બળે છે, પાણી ગળવા છતાં ભાજન ગળે છે' વગેરે બોલાય છે તે.

૮. ભાવસત્ય–પાંચે વર્ણો હોવા છતાં 'ભમરો કાળો છે, શંખ ધોળો છે' વગેરે અમુક વર્ણાદિની વિશિષ્ટતાથી વસ્તુને તેવી કહેલી તે.

૯. યોગસત્ય–છત્ર રાખે તે છત્રધર. દંડ રાખનારને દંડી, વગેરે તે તે સંયોગથી વસ્તુને તેવી કહેવી તે.

૧૦. ઉપમાસત્ય–'મોટા તળાવને સમુદ્ર, બુદ્ધિહીનને પશુ' કહી તે તે ઉપમા આપવી તે.

બીજી અસત્ય ભાષાના ૧૦ ભેદો આ પ્રમાણે છે :

૧. ક્રોધ અસત્ય–ક્રોધને વશ થઈ દાસને દાસ, આંધળાને અંધ, વગેરે કહેવું તે.

૨. માન અસત્ય–અભિમાનને વશ થઈ સ્વામિ નહિ છતાં પોતાને સ્વામી કહેવો, વગેરે.

૩. માયા અસત્ય–અન્યને ઠગવા માટે માયાથી બોલવું તે.

૪. લોભ અસત્ય-લોભથી અલ્પમૂલ્યવાળી વસ્તુને બહુમૂલ્ય કહેવી તે.

૫. પ્રેમ અસત્ય-કામરાગને વશ બની સ્ત્રીને 'હું તારો દાસ છું' વગેરે રાગથી બોલવું તે.

૬. દ્વેષ અસત્ય-એ પ્રમાણે દ્વેષથી 'ગુણવાનને પણ નિર્ગુણી' વગેરે કહેવો તે.

૭. હાસ્ય અસત્ય-હાસ્ય (મશ્કરી)થી 'કૃપણને દાતાર' કહેવો તે.

૮. ભય અસત્ય-ભયથી ગભરાઈને યદ્વા તદ્વા બોલવું તે.

૯. આખ્યાયિકા અસત્ય-આખ્યાયિકા એટલે કથા. કથા કરતાં વાતચીત કરતાં જે વસ્તુ ન બની હોય તેવું પણ વર્ણન કરવું તે.

૧૦. ઉપઘાત અસત્ય-બીજાના વચનનો પ્રતિઘાત કરવા માટે 'ચોર કહેનારને તું ચોર' વગેરે બોલવું તે.

**ત્રીજી મિશ્રભાષાના દશ પ્રકારો આ પ્રમાણે છે :**

૧. ઉત્પન્નમિશ્રિત-ઉત્પન્ન થએલી વસ્તુ ન્યૂનાધિક છતાં

'દશ કમાયો, દશ બાળકો જન્મ્યાં. સો રૂપિયા આપીશ' વગેરે બોલવામાં 'બરાબર તેટલી જ સંખ્યા ન હોવાથી એટલે અંશે અસત્ય અને જન્મ્યાં, કમાયો, આપ્યા' વગેરે અંશો સત્ય હોવાથી મિશ્ર ગણાય.

૨. વિગત મિશ્રિત-નાશ પામેલી વસ્તુ માટે પણ ન્યૂનાધિક છતાં 'દશ મરણ થયાં, પચીસ ગુમાવ્યા, પચાસ માણસો પરદેશ ગયા' વગેરે બોલવું તે.

૩. ઉત્પન્નવિગત મિશ્રિત-ઉત્પન્ન અને વિગત બન્નેને આશ્રયીને બોલાય તે.

૪. જીવમિશ્રિત-ઘણા જીવતા અને થોડા મરેલા જીવોના સમૂહને 'આ બધા જીવે છે' કહેવું તે.

૫. અજીવમિશ્રિત-ઘણા મરેલા અને થોડા જીવતા જીવસમૂહને 'આ બધા અજીવ છે' કહેવું તે.

૬. જીવાજીવમિશ્રિત-તેવા સમૂહમાં નિશ્ચય વિના આટલી સંખ્યામાં જીવતા અને આટલી સંખ્યામાં મરેલા છે એમ આશરે કહેવું તે.

૭. અનંતમિશ્રિત–અનંતકાયમાં અન્ય વસ્તુ ભળેલી હોય કે અમુક અંશથી અનંતકાય ન હોય તેને અનંતકાય કહેવું તે.

૮. પ્રત્યેક મિશ્રિત–પ્રત્યેક વનસ્પતિ અને અનંતકાયથી મિશ્રિત છતાં પ્રત્યેક કહેવી તે.

૯. અદ્ધામિશ્રિત–શીઘ્રતાદિ કરવા–કરાવવા અરુણોદય વખતે 'દિવસ ઊગી ગયો' કે દિવસ છતાં 'રાત્રી થઈ' વગેરે બોલવું.

૧૦. અદ્ધાદ્ધા મિશ્રિત–દિવસે સવારને મધ્યાહ્‌ન કે રાત્રીએ–પરોઢ થયા વિના પરોઢ થઈ ગયું વગેરે બોલવું તે.

**ઉપર કહી તે ત્રણથી ભિન્ન સત્ય નહિ અને અસત્ય પણ નહિ છતાં સર્વ વ્યવહારોમાં ઉપયોગી ચોથી અસત્ય–અમૃષા (વ્યવહાર) ભાષા છે, તેના ૧૨ પ્રકારો આ પ્રમાણે છે :**

૧. આમંત્રણી–'હે દેવદત્ત ! હે પુત્ર ! હે પિતાજી' વગેરે આમંત્રણ માટે બોલાય તે.

૨. આતાપની–અમુક કાર્ય 'આ રીતે કરો, આ ન કરો વગેરે આજ્ઞા કરવી તે.

૩. યાચની-મને ભોજન આપો, ભણાવો, દુઃખમાંથી ઉગારો, વગેરે યાચના કરવી તે.

૪. પૃચ્છની-જાણવા કે સંદેહ ટાળવા 'આ કોણ છે ? ક્યાંથી આવ્યા ? હું શું કરું ?' વગેરે પૂછવું તે.

૫. પ્રજ્ઞાપની-પ્રશ્નનો ઉત્તર આપવો, કે 'અહિંસાથી આયુષ્ય પૂર્ણ ભોગવાય' ઈત્યાદિ સમજાવવું તે.

૬. પ્રત્યાખાની-નિષેધ માટે બોલવું (નકારો કરવો) તે.

૭. ઈચ્છાનુલોમા-સામા મનુષ્યની ઈચ્છા જાણી તેમાં સંમતિ આપવી તે.

૮. અનભિગ્રહિતા-કોઈ પૂછે શું કરું ? ત્યારે 'ઈચ્છા પ્રમાણે કરો !' વગેરે પ્રશ્નનું નિશ્ચિત સમાધાન ન મળે તેવું બોલવું તે.

૯. અભિગ્રહિતા-એથી વિરુદ્ધ નિશ્ચિત-સ્પષ્ટ કહેવું તે. (અથવા તો કોઈ પૂછે ત્યારે 'આ કંઈક છે, અમુકના જેવું લાગે છે' વગેરે અનિશ્ચિત બોલવું તે અનભિગ્રહતા અને 'અમુક વૃક્ષ છે, કે સુવર્ણ છે' વગેરે નિશ્ચિત બોલવું તે અભિગ્રહિતા.)

૧૦. સંશયકરણી–વિવિધ અર્થ સમજાય તેવો શબ્દપ્રયોગ કરી સાંભળનારને સંશય પ્રગટાવવો તે.

૧૧. વ્યાકૃતા–અર્થ સ્પષ્ટ સમજાય તેવા શબ્દોથી બોલવું તે અને

૧૨. અવ્યાકૃતા–ગૂઢાર્થ કે અસ્પષ્ટ ઉચ્ચાર કરીને સામાને ન સમજાય તેમ બોલવું તે.

ભાષાના આ ચાર મૂળ (તથા ૪૨ ઉત્તર) ભેદોને સમજીને તેમાંની પહેલી અને છેલ્લી ભાષાનો વિવેકપૂર્વક પ્રયોગ કરવો તેને વાક્યશુદ્ધિ કહેવાય છે. ગ્રન્થકારે આ અધ્યયનમાં ભિન્ન ભિન્ન રીતે એ જ હકીકત જણાવી છે. ૧

**સામાન્ય રીતે કયી ભાષા ન બોલવી તે કહે છે –**

**જા અ સચ્ચા અવત્તવ્વા, સચ્ચામોસા અ જા મુસા ।**
**જા અ બુદ્ધેહિ નાઇન્ના, ન તં ભાસિજ્જ પન્નવં ।।૨।।**

જા–(સાવદ્ય હોવાથી) જે ૧–સચ્ચા અવત્તવ્વા–સત્ય છતાં નહિ બોલવા યોગ્ય, ૨–સચ્ચામોસા–સત્યામૃષા (મિશ્ર), ૩–મુસા–મૃષા (સર્વથા અસત્ય) અને ૪–આમંત્રણી, આજ્ઞાપની, વગેરે વ્યવહાર ભાષા છતાં સાધુને બોલાવા યોગ્ય નહિ

હોવાથી) બુદ્ધેહિ નાઇન્ના-જ્ઞાનીઓએ નહિ આચરેલી, તં-તે ભાષાને પન્નવં-બુદ્ધિમાન સાધુ ન ભાસિજ્જ-બોલે નહિ.

**હવે કયી ભાષા કેવી રીતે બોલવી તે કહે છે -**

**અસચ્ચમોસં સચ્ચં ચ, અણવજ્જમકક્કસં ।**
**સમુપ્પેહમસંદિદ્ધં ગિરં ભાસિજ્જ પન્નવં ।।૩।।**

પન્નવં-બુદ્ધિમાન સાધુ અણવજ્જં-અનવદ્ય (નિષ્પાપ) અને અકક્કસં-અકર્કશ (મત્સર રહિત) એવી અસચ્ચમોસં-અસત્યામૃષા (વ્યવહાર) સચ્ચં ચ-અને સત્ય ગિરં-ભાષાને બુદ્ધિપૂર્વક સમુપ્પેહં-વિચારીને (ઉપકારક થાય તેમ) અસંદિદ્ધં-અસંદિગ્ધ (સંદેહ ન થાય તેમ) બોલે. (૩)

**અહિતકર સત્યનો અને મિશ્રનો નિષેધ કરે છે -**

**એઅં ચ અટ્ઠમન્નં વા, જં તુ નામેઇ સાસયં ।**
**સ ભાસં સચ્ચમોસંપિ, તં પિ ધીરો વિવજ્જએ ।।૪।।**

એઅં અટ્ઠં-ઉપર કહી તેવી સાવદ્ય-કર્કશને અને અન્નં-એવી બીજી (સત્ય) ભાષાને, વા-અથવા જં સાસયં-જે શાશ્વત ભાવને (મોક્ષને) નામેઇ-ગુણ ન કરે (પ્રતિકૂળ

હોય) તેવી સચ્ચામોસં-મિશ્રભાષાને અપિ-કે સત્ય ભાસં-ભાષાને ધીરો-બુદ્ધિમાન્ સ-તે સાધુ વર્જે. (૪)

સત્ય કે વ્યવહાર ભાષા પણ મોક્ષમાં બાધક (કર્મબંધનું કારણ) થાય તેમ ન બોલાય. આથી 'નગ્ન સત્ય' નામ આપીને બીજાના દોષોને પ્રગટ કરવા બોલવું એ અસત્ય-અહિતકર છે, એમ સમજવું.

શ્રોતાને સર્વ જીવો પ્રત્યે મૈત્રી, ગુણોનો રાગ, દ્રવ્ય ભાવ, દુઃખોથી પીડાતા જીવો ઉપર કરુણા અને અયોગ્ય જીવો પ્રત્યે ઉપેક્ષાભાવ-માધ્યસ્થગુણ પ્રગટે, દેવ-ગુરુ-ધર્મ કે ધર્મસામગ્રી પ્રત્યે પૂજ્યભાવ પ્રગટે, પોતાના દોષો પ્રત્યે જુગુપ્સા પ્રગટે, તેવું ગુણકારી વચન બોલવા-સાંભળવાથી લાભ થાય છે, માટે નિશ્ચયથી તેને સત્ય ભાષા કહેવાય છે.

સ્વરૂપે સત્ય છતાં દુર્ભાવથી બોલાય કે સાંભળનારને કર્મબંધના કારણભૂત રાગ-દ્વેષાદિ વધે, પૂજ્યભાવો પ્રત્યે અનાદર થાય, વિષય કષાયોનો પક્ષ થાય, વગેરે જેનાથી અહિત થાય તે સઘળું મૃષા એટલે અસત્ય કહેવાય છે.

'સત્ય' શબ્દનો અર્થ સંતોને હિતકર, કે સત્ (શ્રેય :) ભાવોને પ્રકાશક, એવો થાય છે. અહીં ગ્રન્થકારે સાધુને બદલે 'પ્રજ્ઞાવાન ધીર' શબ્દો કહ્યા છે, તેનું કારણ એ છે કે બુદ્ધિમાન-ધીર પુરુષને જ બોલવાનો અધિકાર છે. સર્વને બોલવું હિતકર નથી. ૪

**વિતહંપિ તહામુત્તિં જં ગિરં ભાસએ નરો ।**
**તમ્હા સો પુટ્ઠો પાવેણં, કિં પુણં જો મુસં વએ ? ।।૫।।**

તહામુત્તિં-કથંચિત્ તેવા રૂપમાં દેખાતી (અર્થાત્ 'પુરુષનો વેષ પહેરેલો હોય તેવી સ્ત્રીને સ્ત્રી કહેવી' વગેરે) પણ મનુષ્ય જં ગિરં-જે ભાષાને બોલે (અર્થાત્ 'આ સ્ત્રી આવે છે' વગેરે કહે) તો તમ્હા-તે કારણથી (બોલવાથી) સો પાવેણ-તે પાપ સાથે પુટ્ઠો-જોડાય (પાપથી લેપાય), તો જે મનુષ્ય મૃષાભાષાને બોલે તેને પુન: શું (ન થાય) અર્થાત્ તે અવશ્ય પાપકર્મથી બંધાય. (૫)

કૃત્રિમ જાણ્યા પછી કૃત્રિમને અકૃત્રિમ કહેવું, તે પણ અસત્યનો જ પ્રકાર છે. ૫

**હવે નિશ્ચયાત્મક વચનનો નિષેધ કરે છે –**

**તમ્હા ગચ્છામો વક્ખામો, અમુગં વા ણે ભવિસ્સઇ ।**
**અહં વા ણં કરિસ્સામિ, એસોવા ણં કરિસ્સઇ ।।૬।।**

**એવમાઈ ઉ જા ભાષા, એસકાલંમિ સંકિઆ ।**
***સંપયાઈઅમટ્ઠે વા, તં પિ ધીરો વિવજ્જએ ।।૭।।***

(કૃત્રિમ સત્યને પણ સત્ય કહેવાથી કર્મ બંધાય તો જેને એક ક્ષણ કે મુહૂર્ત જેટલું પણ ભૂત–ભવિષ્ય કાળનું જ્ઞાન નથી તે નિશ્ચયાત્મક બોલે તો કર્મ બંધાય જ.) તમ્હા–તે કારણે (અમે કાલે અન્યત્ર) ગચ્છામો–જઈશું જ, (તને કાલે અમુક) વક્ખામો–કહીશું જ, અથવા ણે–અમારું અમુગં–અમુક કાર્ય આમ ભવિસ્સઇ–થશે જ, (અમુક લોચ વગેરે કાર્ય નિયમા) અહં કરિસ્સામિ–હું કરીશ જ, અથવા એસો–આ (અમુક સાધુ અમારું અમુક કાર્ય) કરિસ્સઇ–કરશે જ. (૬)

એવમાઇ–એવી અને આદિ શબ્દથી બીજી પણ એસકાલંમિ–ભવિષ્યકાળ સંબંધી (તેવા જ્ઞાનના અભાવે સંકિયા–શંકાવાળી જા ભાષા–જે ભાષા અથવા સંપયાઈઅં–સંપ્રતિ અને અતીત

સંબંધી (વર્તમાન અને ભૂતકાળ સંબંધી) અટ્ઠે-ભાવમાં પણ જે જે શક્તિ હોય, તં પિ-તેને પણ ધીરો-બુદ્ધિમાન વર્જે. (ન બોલે) (૭)

ભવિષ્યકાળનું એક મુહૂર્ત પણ અનેક વિઘ્નોથી ભરપૂર છે, માટે ધારવા પ્રમાણે ન પણ થાય. વર્તમાનમાં 'નજરે જોએલી પણ વાત ખોટી પડે' એ કહેવતને અનુસરીને પ્રત્યક્ષ જોવા-સાંભળવા કે અનુભવવા છતાં અસત્ય ઠરે અને ભૂતકાળના ભાવો અંગે પણ એવું બનવું સંભવિત છે, માટે છદ્મસ્થ-સાધુ તથાવિધ વિશિષ્ટજ્ઞાન પ્રગટયા વિના ત્રણે કાળ સંબંધી શક્તિ ભાવોને અવધારણ (નિશ્ચય) પૂર્વક ન બોલે. કારણકે ભૂત-વર્તમાનભાવો અસત્ય ઠરે તો મૃષાવાદ થાય અને ભવિષ્યમાં કહેવા પ્રમાણે ન બને તો સાધુધર્મની, શાસનની અને પોતાની પણ લઘુતા થાય, માટે વિચારીને સઘળું અવસરોચિત બોલવું. ૭

**અઈઅંમિ અ કાલંમિ, પચ્ચુપ્પણ્ણમણાગએ ।**
**જમટ્ઠં તુ ન જાણિજ્જા, એવમેઅં તિ નો વએ ।।૮।।**

**અઈઅંમિ અ કાલંમિ, પચ્ચુપ્પણ્ણમણાગએ ।**
**જત્થ સંકા ભવે તં તુ, એવમેઅં તિ નો વએ ।।૯।।**

**અઈઅંમિ અ કાલંમિ, પચ્ચુપ્પણ્ણમણાગએ ।**
**નિસ્સંકિઅં ભવે જં તુ, એવમેઅં તુ નિદ્દિસે ।।૧૦।।**

અઈઅંમિ કાલંમિ–ભૂતકાળમાં, તથા પચ્ચુપ્પણ્ણં–વર્તમાનમાં અને અણાગએ–ભવિષ્યમાં (થયેલા, થતા અને થનારા) જં અટ્ઠં–જે અર્થને (જે જે ભાવોને) ન જાણિજ્જા–ન જાણતો હોય (તેને સાધુ) એણમેઅં–આ આમ હતું, છે, કે થશે, તિ–એ પ્રમાણે નો વએ–ન બોલે. (૮)

તથા ભૂતકાળમાં, વર્તમાનમાં અને ભવિષ્યમાં (થયેલા, થતા કે થનારા) જત્થ–જે અર્થમાં (ભાવમાં) સંકા ભવે–શંકા હોય તેને પણ 'આ આમ હતું, છે, કે થશે' એમ ન બોલે. (૯)

કિન્તુ ભૂતકાળમાં, વર્તમાનમાં અને ભવિષ્યમાં (થયેલા, થતા કે થનારા) જં–જે ભાવો નિસ્સંકિયં–નિ:શક્તિ હોય (જ્ઞાનથી નિશ્ચિત જાણતો હોય) તેને તુ–અસાવદ્ય (હિંસાદિ ન થાય તેમ) 'આમ હતું, છે, કે થશે' એમ પરિમિત શબ્દોમાં નિદ્દિસે–કહે. (૧૦)

**તહેવ ફરુસા ભાષા, ગુરુભૂઓવઘાઇણી ।**
**સચ્ચા વિ સા ન વત્તવ્વા, જઓ પાવસ્સ આગમો ।।૧૧।।**

**તહેવ કાણં કાણેત્તિ પંડગં પંડગેત્તિ વા ।**
**વાહિઅં વા વિ રોગિત્તિ, તેણં ચોરે ત્તિ નો વએ ।।૧૨।।**

તેવી રીતે ફરુસા-નિષ્ઠુર (સદ્ભાવ રહિત) જે ગુરૂભોઅવઘાઇણી-મોટી જીવહિંસાને કરનારી થાય, જઓ-જેનાથી, પાવસ્સ આગમો-પાપનું આગમન (દુષ્ટ કર્મબંધ) થાય સા-તે સચ્ચા-સત્ય ભાષા પણ ન વત્તવ્વા-બોલવી નહિ. (૧૧)

તે રીતે કાણાને કાણો, પંડગં-નપુંસકને નપુંસક, વાહિઅં-વ્યાધિવાળાને રોગી કે તેણં-સ્તેનને (ચોરને) ચોર, એવું પણ નો વએ-ન કહે. (૧૨)

કઠોર વચન સાંભળનારને અસદ્ભાવ થાય, વૈર થાય અને લાભ કે ઉપકાર થવાને બદલે સ્વ-પરને પાપકર્મનો બંધ થાય. સદ્ભાવ વિનાનું વચન હિતબુદ્ધિએ કહેલું પણ ગ્રાહ્ય થતું નથી. જેમ દેખાવમાં સુંદર પણ સ્વાદ વિનાનું કે ઘી સાકર રહિત ભોજન ભાવતું નથી, સ્વાદિષ્ટ કે મિષ્ટ દેખાવમાં સામાન્ય છતાં ભાવે છે, તેમ વચન પણ વિનય-બહુમાનરૂપી સ્વાદ કે સદ્ભાવ હિતબુદ્ધિરૂપી મીઠાશથી યુક્ત હોય તો સાંભળનારને ગમે છે, અન્યથા ભાવ વિનાના

ભોજનની જેમ દેખાવમાં સુંદર હોય તો પણ અવિનયાદિથી કે અસદ્ભાવથી બોલાય. તો ગ્રાહ્ય થતું નથી. માટે સત્ય પણ અસૂયાથી કઠોર રીતે નહિ બોલવું. કારણકે સાંભળનારમાં તેવી યોગ્યતાના અભાવે અહિતકર બને છે. રોગીને સ્વાદિષ્ટ અને પથ્ય એવું પણ ભોજન ગમતું નથી, તેમ કોઈ માની કે અજ્ઞ જીવને તેના તથાવિધ કર્મરોગને યોગે હિતકર અને કોમળ વચન પણ ગમતું નથી, અહિત કરે છે, માટે બોલનારે શ્રોતાની યોગ્યતાને વિચારવાની પણ જરૂર રહે છે. કોઈની ઈજ્જતને હાનિ પહોંચે તેવું બોલવાથી સાંભળનાર કદાચ સાંભળીને આપઘાત કરે, કે બીજી રીતે પણ અહિત થાય, માટે સત્ય છતાં બીજાની ઈજ્જતને હાનિ પહોંચે તેવું પણ ન બોલવું. ૧૨

**એએણડન્નેણ અટ્ઠેણં, પરો જેણુવહમ્મઇ ।**
**આયાર-ભાવદોસન્નૂ, ન ત ભાસિજ્જ પન્નવં ।।૧૩।।**

એએણ-આ (ઉપર કહેલા કઠોર વગેરે શબ્દોથી) અને અન્નેણ જેણ અટ્ઠેણં-બીજા પણ જે કોઈ ભાવથી (વિષયથી) પરો-બીજો (શ્રોતા) ઉવહમ્મઇ-દુ:ખી થાય તં-તેને આયાર

ભાવદોસન્નૂ-આચાર અને ભાવના દોષોનો જાણ બુદ્ધિમાન્ સાધુ ન બોલે. (૧૩)

જે જે બોલવાથી શ્રોતાને કર્મબંધ થાય તેવું કાંઈ પણ જ્ઞાની સાધુ ન બોલે. અહીં આચાર એટલે બાહ્ય આચરણરૂપ સમાચારી-સાધુના આચારો અને ભાવ એટલે અંત:કરણના અધ્યવસાયો, બેના ગુણ-દોષનો જાણ, અર્થાત્ દ્રવ્ય-ભાવ ઉભયથી ધર્મ-અધર્મને સમજનારો, એમ સમજવું. ૧૩

**તહેવ હોલે ગોલિત્તિ, સાણે વા વસુલિત્તિ અ ।**
**દમએ દુહએ વા વિ, નેવં ભાસિજ્જ પન્નવં ।।૧૪।।**

તહેવ-તથા પન્નવં-બુદ્ધિમાન્ સાધુ (અપ્રીતિકારક) હોલે-હે હોલા ! (મૂર્ખ), ગોલે-હે ગોલા ! (બે બાપના), સાણે - હે કુત્તા ! વસુલે-હે વ્યભિચારી ! દમએ-હે દ્રમ્મક ! (ભીખારી), કે દુહએ-હે દુર્ભગ ! (નિર્ભાગી) એવં ન ભાસિજ્જ-એવું ન બોલે. (૧૪)

મનુષ્યમાં પ્રાય: માન અધિક હોવાથી સાચું પણ અપમાનકારક સાંભળવા તે અસમર્થ હોય છે, તેથી અપમાનકારક બોલવાથી સ્વ-પર હાનિનો સંભવ છે. કૌંસમાં લખેલા પર્યાયશબ્દો અવચૂરિના આધારે લખ્યા છે. 'દમએ'ના સ્થાને 'દુમએ

દુમ્મએ’ એવા પાઠાંતરો છે પણ ટીકામાં દ્રમક પર્યાય કરેલો હોવાથી ‘દમએ’ શુદ્ધ જણાય છે. ૧૪

**ઉપર સામાન્ય નિષેધ કરીને હવે સ્ત્રી અંગે કહે છે કે -**

**અજ્જિએ પજ્જિએ વા વિ, અમ્મો માઉસિઅત્તિ અ ।**
**પિઉસ્સિએભાયણિજ્જત્તિ, ધૂએણત્તુણિઅત્તિ અ ।।૧૫।।**

**હલે હલેત્તિ અન્નિત્તિ, ભટ્ટે સામાણિ ગોમિણિ ।**
**હોલે ગોલે વસુલિત્તિ, ઇત્થિઅં નેવમાલવે ।।૧૬।।**

અજ્જિએ-હે આર્યા ! (દાદી), પજ્જિએ-હે પ્રાર્યિકા ! (પરદાદી) અમ્મો-હે અમ્બા ! (માતા) માઉસિઅ-હે માસી ! પિઉસ્સિએ-હે ફોઈ ! માયાણિજ્જ-હે ભાણજી ! ધૂએ-હે પુત્રી ! ણત્તુણિઅ-હે નપ્ત્રી ! (પુત્રની પુત્રી), અને ઉપલક્ષણથી હે દૌહિત્રી ! (પુત્રીની પુત્રી), (વગેરે સગાઈવાચક શબ્દોથી) કન્યા, વૃદ્ધા કે યુવતી વગેરે કોઈ સ્ત્રીને સાધુ ન બોલાવે. (૧૫)

ગૃહસ્થ જીવનના તે તે સંબંધવાળાને કે બીજાને પણ સગાઈવાચક શબ્દોથી બોલાવી શકાય નહિ, કારણ કે એથી સંબંધ અતૂટ રહે અને સંબંધ ચાલુ રહેવાથી તેઓ

પાપ કરે તેની અનુમોદના થવાથી સાધુ પણ કર્મથી બંધાય. ૧૫

વળી હલે હલે-હે હલા ! હે સખી ! વગેરે મૈત્રીવાચક શબ્દોથી કે અન્ને-બીજા ભટ્ટે-હે ભટ્ટિની ! સામિણિ-હે સ્વામિનિ, ગોમિણિ-હે ગોમિની ! વગેરે પૂજ્યભાવ વાચક શબ્દોથી અને હોલે-હે હોલા ! (મૂર્ખી), ગોલે-હે ગોલી (બે બાપની) ! વસુલે-હે છીનાળ ! એવા અપશબ્દોથી પણ કોઈ સ્ત્રીને ન બોલાવે ! (૧૬)

વિદ્યાગુરુની સ્ત્રી ભટ્ટિની, શેઠ-માલિકની સ્ત્રીને સ્વામિની અને બોદ્ધધર્મ પાળનારી ઉત્તમ સ્ત્રીને ગોમિણી સમજવી. ગોમિણીના બીજા પણ અનેક અર્થો થાય છે. સાધુને ગૃહસ્થો સાથે મૈત્રી હોય નહિ, પૂજ્ય શબ્દો બોલવાથી સાધુતાની હલકાઈ થાય અને અપશબ્દોથી અપ્રીતિ વગેરે વિવિધ હાનિ થાય, માટે એવું બોલે નહિ. ૧૬

**સ્ત્રીને કારણે કેવી રીતે બોલાવે છે ? તે કહે છે -**

**નામધિજ્જેણ ણં બૂઆ, ઇત્થીગુત્તેણ વા પુણો ।**
**જહારિહમભિગિજ્ઝ, આલવિજ્જ લવિજ્જ વા ।।૧૭।।**

કોઈ કારણે સ્ત્રીને બોલાવવી પડે તો તેના નામવિજ્જેણ-નામપૂર્વક (હે દેવદત્તા ! વગેરે) બૂઆ-બોલે. પુણો-પુનઃ (નામ ન આવડે તો) ઇત્થીગુત્તેણ-સ્ત્રીના ગોત્ર વડે (હે ક્ષત્રિયાણી ! હે કાશ્યપગોત્રી ! વગેરે) જહારિહં-યથાયોગ્ય (તેની વય, દેશ, ઐશ્વર્ય વગેરેને) અભિગિજ્ઝ-વિચારીને આલવિજ્જ-એકવાર કે અલ્પ બોલે, અથવા કારણે લવિજ્જ-અનેકવાર કે અધિક બોલે. (૧૭)

મધ્યદેશમાં વૃદ્ધાને ઈશ્વરા, કે ધર્માચારવાળી હોય તો ધર્મપ્રિયા કહે છે, એમ તે દેશમાં જેને જે રીતે બોલાવવાથી લોકોમાં ધર્મની અપભ્રાજના ન થાય તેમ બોલવું. ૧૭

**હવે પુરુષને ઉદ્દેશીને નિષેધ તથા વિધિ કહે છે -**

**અજ્જએ પજ્જએ વા વિ, બપ્પો ચુલ્લપિઉ ત્તિ અ ।**
**માઉલો ભાઇણિજ્જ ત્તિ, પુત્તે ણત્તુણિઅ ત્તિ અ ।।૧૮।।**

**હે હો હલિ ત્તિ અન્નિ ત્તિ, ભટ્ટે સામિઅ ગોમિઅ ।**
**હોલ ગોલ વસુલે ત્તિ, પુરિસં નેવમાલવે ।।૧૯।।**

**નામધિજ્જેણ ણં બૂઆ, પુરિસગુત્તેણ વા પુણો ।**
**જહારિહમભિગિજ્ઝ, આલવિજ્જલવિજ્જ વા ।।૨૦।।**

(૧૮-૧૯-૨૦ ગાથાનો શબ્દાર્થ-ભાવાર્થ ક્રમશ: ૧૫-૧૬-૧૭ ગાથાને અનુસરતો છે) હે દાદા ! હે મોટાદાદા ! હે બાપા ! ચુલ્લપિઅ-હે કાકા ! માઉલો-હે મામા ! હે ભાણેજ ! હે પુત્ર ! હે નપ્તર્ ! (પુત્રના પુત્ર), હે દૌહિત્ર !, વગેરે સગાઈવાચક શબ્દોથી સાધુ ન બોલાવે. (૧૮)

તથા 'હે મિત્ર !' વગેરે મૈત્રીવાચક શબ્દોથી, કે બીજા 'હે ભટ્ટજી ! હે સ્વામિન્ !' વગેરે માનાર્હ શબ્દોથી અને 'હે મૂર્ખ ! હે દુરાચારિણીપુત્ર ! હે દુરાચારી !' વગેરે અપશબ્દોથી પણ પુરુષને ન બોલાવે. (૧૯)

કિન્તુ કારણે તેના નામપૂર્વક બોલાવે અને નામ ન આવડે તો પુરુષના ગોત્રથી હે ક્ષત્રિય ! વગેરે કહીને યથાયોગ્ય વિચારીને એકવાર કે અનેકવાર બોલે. (૨૦)

**પંચેન્દ્રિય તિર્યંચોને આશ્રીને બોલવાનો વિધિ કહે છે -**

**પંચિંદિઆણ પાણાણં, એસ ઇત્થી અયં પુમં ।**
**જાવણં ન વિજાણિજ્જા, તાવ જાઇત્તિ આલવે ।।૨૧।।**

(કોઈ દૂર ઊંચે નીચે રહેલા ગાય બળદ વગેરે) પંચિંદિઆણં-પંચેન્દ્રિય પાણાણં-પશુઓને જાવ-જ્યાં સુધી એસઇત્થી-

આ સ્ત્રી (ગાય, ભેંસ વગેરે) કે અયં પુમં-આ નર (બળદ, ઘોડો વગેરે) છે એવું ન વિજાણિજ્જા-ન જાણે તાવ-ત્યાં સુધી (કોઈ પ્રયોજને બોલવું પડે તો) તેને જાઇત્તિ-જાતિથી (ઘોડું, ગધેડું, કૂતરું, વગેરે કહીને) જણાવે. (૨૧)

સત્ય છતાં નિશ્ચય વિના ઘોડો, ઘોડી, વગેરે બોલે ત્યારે પણ અસત્ય બોલવાનો ભય ન રહેવાથી, તથા અસત્ય હોય તો તેવું બોલવાથી મૃષાવાદ દોષ લાગે. અહીં એ પ્રશ્ન થાય કે - નપુંસકલિંગવાળા એકેન્દ્રિયાદિમાં પત્થર, માટી, કરો, જ્વાળા, વાત, આંબો, આંબલી, મંકોડો, માંકડ, કીડી, ભમરો, માખી વગેરે પુલ્લિંગ કે સ્ત્રીલિંગનો વ્યવહાર કેમ કરી શકાય ? તેનું સમાધાન એ છે કે લોકમાં તે તે દેશમાં એ રીતે બોલવાનો વ્યવહાર હોવાથી તે જનપદ સત્ય કે વ્યવહાર સત્ય ગણાતું હોવાથી દુષ્ટ નથી. પંચેન્દ્રિય માટે તો તેવો વ્યવહાર ન હોવાથી દોષ લાગે, એમ સમજવું. ૨૧

**તહેવ માણુસં પસું, પક્ખિં વા વિ સરિસવં ।**
**થૂલે પમેઇલે વજ્ઝે, પાયમિત્તિ અ નો વએ ।।૨૨।।**

**પરિવૂઢત્તિ ણં બૂઆ, બૂઆ ઉવચિઅ ત્તિ અ ।**
**સંજાએ પીણિએ વા વિ, મહાકાયત્તિ આલવે ।।૨૩।।**

તહેવ ગાઓ દુજ્ઝાઓ, દમ્મા ગોરહગત્તિ અ ।
વાહિમા રહજોગિતિ, નેવં ભાસિજ્જ પન્નવં ।।૨૪।।

જુવં ગવિત્તિ ણં બૂઆ, ઘેણું રસદય ત્તિ અ ।
રહસ્સે મહલ્લએ વા વિ, વએ સંવહણિ ત્તિ અ ।।૨૫।।

તેરીતે મનુષ્યને, પશુને, પક્ષીને, સરિસવં વા–કે સરિસૃપને (સર્પ–નોળીઆ વગેરે ઉર:સરિસર્પ–ભુજપરિસર્પને) વિ–પણ (તેવાં તેવાં જોઈને આ) થૂલે–સ્થૂલ (માંસથી પુષ્ટ), પમેઇલે–મેદવાળો વજ્જે–હણવાયોગ્ય પાયં–પકાવવા યોગ્ય (એનો કાળ પાકી ગયો) છે, ઇતિ–એવું નો વએ–ન બોલે. (૨૨)

કિન્તુ (માર્ગે જતાં માર્ગ ઓળખાવવા માટે ત્યાં રહેલા પશુ વગેરેની નિશાની આપવા વગેરે કારણે બોલવું પડે તો) સ્થૂલ મનુષ્યાદિને પરિવૂઢ–અતિવૃદ્ધ (વધેલો) કે ઉવચિઅ–ઉપચિત (પુષ્ટ) બૂઆ–કહે, સંજાએ–સંજાત, પીણિએ–પ્રીણિત, અથવા મહાકાય–મોટીકાયાવાળો, વગેરે કહીને આલવે–બોલે. (સમજાવે) (૨૩)

પશુને પણ અપમાનજનક શબ્દો સાંભળીને દુષ્ટ અસર થાય છે, માટે તે નારાજ થાય, વૈરી થાય, તથા સાંભળનારને

પણ તેવા શબ્દો સાંભળીને તેને હણવાની (માંસની) ઈચ્છા થાય તેવું ન બોલવું. અહીં સંજાત-યુવાન, પ્રીણિત-પ્રસન્ન, આનંદી, મહાકાય-ઊંચો-મોટો, વગેરે યથાયોગ્ય અર્થ સમજવા. ૨૩

એ રીતે ગાવો-ગાયોને દુજ્ઝાઓ-દોહવા યોગ્ય, ગોરહગ-વાછરડાઓને દમ્મા-દમવાયોગ્ય (વાહનમાં જોડવા યોગ્ય) અને વાહિમા-ઘોડાઓને રહજોગ-રથમાં જોડવા યોગ્ય છે ત્તિ-એવું બુદ્ધિમાન્ સાધુ ન બોલે. (૨૪)

એવાં વચનોથી સાવદ્ય પ્રવૃત્તિ વધે અને તે તે પ્રાણીઓને કષ્ટ સહવાં પડે, માટે કરુણાસમુદ્ર મુનિ કોઈને દુઃખ થાય કે પાપ વધે તેવું ન બોલે. ૨૪

કારણ પડે તો વાહને જોડવા યોગ્ય વૃષભને જુવં ગ-વિત્તિ બૂઆ-'યુવાન વૃષભ' એમ કહે, ધેણું-દૂઝણી ગાયને દસદા-રસદા (રસાળી) કહે, વાછરડો નાનો હોય તો રહસ્સે-હ્સ્વ(ન્હાનો) અનો મોટો હોય તો મહલ્લએ-મોટો વએ-કહે. એમ રથમાં જોડવા યોગ્ય ઘોડાને સંવહણં-સંવહનં (સમર્થ) કહે. (પણ સાવદ્ય ન બોલે.) (૨૫)

હવે વનસ્પતિને અંગે બોલવામાં વિવેક જણાવે છે કે -

તહેવ ગંતુમુજ્જાણં, પવ્વયાણિ વણાણિ અ ।
રુક્ખા મહલ્લ પેહાએ, નેવં ભાસિજ્જ પન્નવં ।।૨૬।।

અલં પાસાયખંભાણં, તોરણાણ ગિહાણ અ ।
ફલિહ-ડગ્ગલ-નાવાણં, અલં ઉદગદોણિણં ।।૨૭।।

પીઢએ ચંગબેરે (રા) અ, નંગલે મઇયં સિઆ ।
જંતલટ્ઠી વ ના ભી વા, ગંડિઆ વ અલં સિઆ ।।૨૮।।

આસણં સયણં જાણં, હુજ્જા વા કિંચુવસ્સએ ।
ભૂઓવઘાઇણિં ભાસં, નેવં ભાસિજ્જ પન્નવં ।।૨૯।।

તહેવ ગંતુમુજ્જાણં, પવ્વયાણિ વણાણિ અ ।
રુક્ખા મહલ્લ પેહાએ, નેવં ભાસિજ્જ પન્નવં ।।૩૦।।

જાઇમંતા ઇમે રુક્ખા, દીહવટ્ટા મહાલયા ।
પયાયશાલા વિડિમા, વએ દરિસણિત્તિ અ ।।૩૧।।

તહેવ-તે રીતે ઉજ્જાણં-ઉદ્યાનમાં, પવ્વયાણિ-પર્વતોમાં અથવા વણાણિ-વનોમાં ગન્તુ-જઈને (વિહાર કરતાં ગએલો) બુદ્ધિમાન્ સાધુ ત્યાં મહલ્લરુક્ખા-મોટાં વૃક્ષોને પેહાએ-

જોઈને નેવં ભાસિજ્જ–આવું ન બોલે. (૨૬) કેવું ન બોલે ? તે કહે છે –

(આ વૃક્ષો) પાસાયખંભાણં–પ્રાસાદ અને સ્તંભોને માટે, તોરણાણં–તોરણો માટે, (ન્હાનાં–મોટાં) ગિહાણ–ઘરો માટે અલં–સમર્થ (યોગ્ય) છે વળી ફલિહગ્ગલનાવાણં–પરિઘ, અર્ગલા અને નાવ માટે અને ઉદગદોણિણં–પાણીની દ્રોણીઓ માટે યોગ્ય છે, એવું ન બોલે. (૨૭)

પ્રાસાદ–એકસ્તંભી મહેલ, તોરણો–નગરના દરવાજાની કમાનો, પરિઘ–નગરદ્વારના કમાડનાં પાટિયાં, અર્ગલા–કમાડની પાછળનો આગળીઓ (આડું લાકડું), નાવ–નાવડીનાં પાટીયાં, અને પાણીની દ્રોણી–રેંટની પાણીની ઘડીયો (રેંટ) માટે, એમ યથાયોગ્ય સમજવું. ૨૭

વળી–માળ માટે, પીઢએ–પીઢ પાટડા, ચંગવેરા–કાષ્ઠની પાત્રી (ખાંડણી), નંગલ–લાઙ્ગલ (હળ) મઇયં–માયિક (ખેતરમાં બીજ વાવીને ઉપર ફેરવે છે તે સમાર), જંતલટ્ઠી–ઘાણાની લાઠી (લાઠી), નાભિ–ચક્રની નાભિ (પૈંડાની વચ્ચેનું કાષ્ઠ) ગંડિઆ–(સોનીની) એરણાનું કાષ્ઠ, ઈત્યાદિને માટે અલેસિયા–સમર્થ છે. એવું ન બોલે. (૨૮)

અથવા આસણં-આસન (પાટ વગેરે), સયણં-પલંગાદિ, જાણં-યાન (ગાડાં વગેરે) કિંચુવસ્સએ વા-અથવા ઉપાશ્રયમાં કંઇક (બારણું-કમાડ-વગેરે) હુજ્જા-થાય (તેવાં છે.) એમ બુદ્ધિમાન્ સાધુ ભૂઓવઘાઇણિં-જીવોને ઉપઘાતક (હિંસક) ભાષાને ન બોલે. (૨૯) બોલવું પડે તો કેવું બોલે ? તે કહે છે કે -

તે રીતે (વિહારાદિ પ્રસંગે) ઉદ્યાનમાં પર્વતોમાં, અને વનોમાં ગએલો બુદ્ધિમાન્ સાધુ ત્યાં મોટા વૃક્ષોને જોઇને (કારણ પડે તો) આ પ્રમાણે બોલે. (૩૦)

ઇમે રુક્ખા-આ વૃક્ષો (અશોક આમ્ર વગેરે ઉત્તમ) જાઇમંતા-જાતિવાળાં છે, દીહ-ઊંચા, વટ્ટા-ગોળ, મહાલયા-મોટાં પયાયસાલા-મોટી શાખાવાળાં, વિડિમા-પ્રશાખાવાળાં અને દરિસણી-દર્શનીય (સુંદર-સુશોભિત) છે, ત્તિ વએ-એમ બોલે. (૩૧)

'નાળીએરી' આદિ ઊંચાં, 'નંદીવૃક્ષ' વગેરે ગોળ અને 'વડ' વગેરે વૃક્ષો મોટાં હોય છે. અહીં કહ્યું તેમ 'ઉત્તમ જાતિના, સુંદર, શોભાવાળા' વગેરે કહેવાથી પ્રયોજન હોય તો પણ સાંભળનાર તેને કાપે નહિ તેથી જીવરક્ષા થાય,

માટે કારણે એવું બોલવું એમ કહ્યું છે. અર્થાત્ બોલવાનું વિધાન કર્યું નથી, પણ કારણે બોલવું પડે તો પણ એ પ્રમાણે બોલવું, એમ વિવેક જણાવ્યો છે. એ રીતે પછી પણ વિવેક સમજવો. કારણ કે વિના કારણે સારા પદાર્થની પણ રાગજનક પ્રશંસા કરવાનો સાધુનો આચાર નથી. પ્રત્યેક વસ્તુમાં અંશે સારા-નરસાપણું હોય છે, તેમાં સારાની અનુમોદના અને નરસાની ઉપેક્ષા કરવી, એ સાધુઆચાર છે. પ્રશંસા તો કારણે પણ તેની તે રીતે કરાય કે જેથી સાંભળનારને, જેની પ્રશંસા કરે તેને, કે બીજા કોઈને પણ હાનિ ન થાય, એમ અનુમોદના અને પ્રશંસાના વિષયમાં વિવેક સમજવો. પ્રશંસનીય વસ્તુ અનમોદનીય હોય, પણ અનુમોદનીય દરેક વસ્તુઓ પ્રશંસનીય હોય એવો નિયમ નથી, માટે વિવેક કરવો જોઈએ. ૩૧

**તહા ફલાઇં પક્કાઇં, પાયખજ્જાઇં નો વએ ।**
**વેલોઇયાઇં ટાલાઇં, વેહિમાઇં તિ નો વએ ।।૩૨।।**

**અસંથડા ઇમે અંબા, બહુનિવ્વડિમા ફલા ।**
**વઇજ્જ બહુસંભૂઆ, ભૂઅરુવત્તિ વા પુણો ।।૩૩।।**

તથા તે વૃક્ષો ફળોને જોઈને આ ફળો પક્કાઇં-પાકી ગયાં

છે, પાયખજ્જાઇં–પકાવીને ખાવા યોગ્ય છે, વેલોઇયાઇં–તુર્ત ઉતારી લેવા યોગ્ય છે, ટાલાઇં–કોમળ (ખાવા યોગ્ય) છે, વેહિમાઇં–ફાડવા યોગ્ય છે, ત્તિ નો વએ–એવું ન બોલે. (૩૨)

જેમ કે આંબા પાકી ગયા છે, પકવવા યોગ્ય છે શીઘ્ર નહિ ઉતારવાથી બગડી જાય તેવા છે, કોમળ (શાકને માટે યોગ્ય) છે, અને કાપવા (છોડિયાં કરવા) યોગ્ય છે, વગેરે ન બોલે. એમ બીજાં ફળો માટે યથાયોગ્ય સમજવું, અર્થાત્ સાંભળનારને તે ફળોને કાપવાની, ઉતારવાની, ખાવાની વગેરે ઈચ્છા થાય તેવું ન બોલે. ૩૩

(કારણે કેવું બોલે ? તે કહે છે કે –) ઇમે અંબા–આ આંબા ફળો પાકી જવાથી હવે ભાર ઝીલવા માટે અસંથડા–અસમર્થ છે, પકાવવા યોગ્ય હોય તેને બહુનિવ્વડિમા ફલા–ફળો પાકવા આવ્યાં છે (ગોટલી બંધાણી છે પણ પૂર્ણ પાક્યાં નથી), ફળો ઉતારવા યોગ્ય હોય તેને બહુસંભૂઆ–પ્રાયઃ પાકેલાં છે, અને ફળ કાચાં હોય તેને ભૂઅરુવ–ફળા આવેલાં છે. (એમ યથાયોગ્ય હિંસા ન થાય તેવું બોલે.) (૩૩)

**તહો (તહેવો) સહિઓ પક્કાઓ, ની લિઆઓ છવીઇ અ।**
**લાઇમા ભજ્જિમાઉ ત્તિ, પિહુખજ્જત્તિ નો વએ ।।૩૪।।**

**રુઢા બહુસંભૂઆ, થિરા ઓસઢા વિ અ ।**
**ગબ્ભિઆઓ પસૂઆઓ, સંસારાઉ ત્તિ આલવે ।।૩૫।।**

તે રીતે ત્યાં ઊગેલા ધાન્ય વગેરેને જોઈને પણ બુદ્ધિમા૦ સાધુ આ ઓસહિઓ-ઔષધિઓ પક્કાઓ-પાકી ગઈ છે વાલ-ચોળાદિની ફળીઓને નીલિઆઓ છવીઇ-છાલથી લીલ થઈ ગઈ છે (લીલીછમ હોવાથી કાચી ખાવા યોગ્ય છે) લાઇમા-લણાવા યોગ્ય છે, ભજ્જિમાઓ-શેકીને ખાવા યોગ્ર છે, અથવા એને પિહુખજ્જ-પોંખ રૂપે ખાવા યોગ્ય છે, તિ નો વએ-એમ ન બોલે. (૩૪)

કિન્તુ બોલવું પડે તો રુઢા-ઊગેલી, બહુસંભૂઆ-લગભગ પાકેલી, થિરા-પાકેલી, ઓસઢા-કણ બાઝેલી (દાણા થએલી), ગબ્ભિઆઓ-ડોડાં વિનાની, પસૂઆઓ-ડોડાં આવેલી, સંસરાઓ-સારવાળી (તંદુલાદિ થએલી) એમ (જે જેવા સ્વરૂપમાં હોય તેને તે રીતે) આલવે-કહે (જણાવે.) (૩૫)

તહેવ સંખડિં નચ્ચા, કિચ્ચં કજ્જં તિ નો વએ ।
તેણગં વા વિ વજ્ઝિત્તિ, સુતિત્થિત્તિ અ આવગા ।।૩૬।।

સંખડિં સંખડિં બૂઆ, પણિઅટ્ઠં તિ તેણગં ।
બહુસમાણિ તિત્થાણિ, આવગાણં વિઆગરે ।।૩૭।।

તે પ્રમાણે સંખડિં-સંખડીને નચ્ચા-જાણીને કિચ્ચં કજ્જં-'આવું કાર્ય કરવા યોગ્ય છે' એમ ન બોલે, તેણગં-ચોરને વજ્ઝ-વધ કરવા યોગ્ય છે એમ ન કહે, તથા કોઈએ પૂછવાથી આવગા-નદી સુતિત્થ-સારા તીર્થવાળી છે, અ-કે અસાર તીર્થવાળી છે, વગેરે ન બોલે. (અહીં તીર્થ એટલે પાણીમાં ઊતરવાનો માર્ગ સમજવો.) (૩૬)

જમણવાર આદિ જે ક્રિયામાં જીવોનાં આયુષ્ય ખંડાય (તૂટે) અર્થાત્ જીવો મરે તે ક્રિયાને 'સંખડી' કહેવાય છે. માટે લૌકિકશ્રાદ્ધ, બ્રહ્મભોજન, લગનનાં જમણ, મરણ પછીનાં જમણ, વગેરેને સંખડી કહે છે. સામાન્યતયા સાધુને ત્રીસથી અધિક મનુષ્યો જમનાર હોય તેવા લૌકિક કે ધાર્મિક જમણવારોમાં વહોરવા જવાનો વ્યવહારથી નિષેધ છે, કારણકે તેથી 'મિષ્ટાન્ન' લેવા જાય છે વગેરે લોકમાં સાધુધર્મની અપભ્રાજના, પ્રમાદ, લોલુપતા, ગૃહસ્થનો પ્રતિબંધ,

વગેરે દોષો થવા સંભવિત છે. એવાં કાર્ય 'કરવા યોગ્ય છે' એમ કહેવાથી આરંભ થાય, ચોરને મારવા યોગ્ય કહેવાથી શિક્ષા થાય. નદી વગેરે જળાશયો સારા ઉતારવાળાં છે એમ જાણીને બીજા ન્હાવા-ધોવા જાય. અહીં તીર્થ એટલે જળાશયમાં ઊતરવાનો માર્ગ, તેને પણ સારો-ખોટો કહેવાથી સાવદ્ય પ્રવૃત્ત થાય. ૩૬

કિન્તુ કારણે સાધુને જણાવવા માટે બોલવું પડે તો સંખડીને સંખડી અને ચોરને પણિઅટ્ઠં-પણિતાર્થ કહે, આવગાણં તિત્થાણિ-નદીઓના ઉતારને (પાણીમાં ઊતરવાનાં સ્થળોને) બહસમાણિ-પ્રાયઃસમ (અવિષમ) છે, એમ કહે. (૩૭)

ગૃહસ્થને તો સંખડી વગેરે ન કહે, સાધુને કહે તો સંખડીને સંખડી અર્થાત્ જમણવાર કહે, બાળ કે અન્ય સાધુઓને વૈરાગ્ય પ્રગટાવવા માટે પણિતાર્થ-ધન માટે પ્રાણોની પણ હોડ કરનાર (જુગારી) છે એમ કહે અને નદી સરળતાથી ઊતરાય તેવી-અવિષમ છે એમ કહે. ૩૭

**તહા નઈઓ પુણ્ણાઓ, કાયતિજ્જત્તિ નો વએ ।**
**નાવાહિં તારિમાઉત્તિ, પાણિપિજ્જત્તિ નો વએ ।।૩૮।।**

બહુબાહડા અગાહા, બહુસલિલુપ્પિલોદગા ।
બહુવિત્થડોદગા આવિ, એવં ભાસિજ્જ પન્નવં ।।૩૯।।

તથા નદીઓને પુણ્ણાઓ-પૂર્ણ (ભરેલી), કાયતિજ્જ-કાયાથી તરાય તેવી, નાવાદિથી તારિમાઉ-તરાય તેવી તથા કાંઠે બેસીને પાણિપિજ્જ-પ્રાણીઓ પી શકે તેવી છે, એમ ન બોલે. (૩૮)

પૂર્ણ કહેવાથી ભય પામીને સાંભળનાર પાછો ફરે, કાયાથી તરાય તેવી જાણીને તરવા માંડે, નાવડીની જરૂર જાણીને એવા સાધનનો પ્રયોગ કરે, કે પાછો ફરીને બીજી સાવદ્ય પ્રવૃત્તિ કરે અને પી શકાય તેવું જાણીને પશુ આદિને પાણી પાવા લઈ જાય, કે પોતે પાણી પીવા જાય, વગેરે સાવદ્ય પ્રવૃત્તિનો સંભવ છે. ૩૮

સાધુને માર્ગ ઓળખાવવા વગેરે કારણે બોલે તો (પૂર્ણ નદીને) બહુબાહડા-લગભગ ભરેલી કહે, (નાવાથી તરવા જેવીને) અગાહા-અગાધ (ઊંડી) કે બહુસલિલુપ્પિલોદગા-પ્રાય: પાણીથી ઊભરાઈને ઉન્માર્ગે વહેતી અને (કાયાથી તરાય તથા સરળતાથી પાણી પીવાય તેવીને) બહુવિત્થડોદગા-

બહુ વિસ્તારમાં વહેતી (પહોળી) છે, એમ બુદ્ધિમાન્ સાધુ બોલે. (૩૯)

પૂછવા છતાં ન બોલવાથી પ્રત્યક્ષ મૃષાવાદી ગણાય અને તેથી સામાને પણ દ્વેષ થાય, માટે સાંભળનારને સાવદ્ય વિચારો ન સૂઝે તેવા શબ્દોમાં જવાબ આપે. ૩૯

**તહેવ સાવજ્જં જોગં, પરસ્સટ્ઠાએ નિટ્ઠિઅં ।**
**કીરમાણં તિ વા નચ્ચા, સાવજ્જં ન લવે મુણી ।।૪૦।।**

તે રીતે પરસ્સટ્ઠાએ–પરના નિમિત્તે નિટ્ઠિઅં–થઈ ગએલા, (વર્તમાનમાં) કીરમાણં–કરાતા, વા–અથવા ભવિષ્યમાં થનારા સાવજ્જં જોગં–પાપવ્યાપારને નચ્ચા–જાણીને મુનિ સાવજ્જં- પાપજનક (નિંદાવચન) ન બોલે. (૪૦)

બીજાના પાપકાર્યની પણ નિંદા કરવાનો મુનિનો ધર્મ નથી, કારણકે તે પાપીની નિંદારૂપ હોવાથી સાંભળનારને સાધુ પ્રત્યે અસદ્ભાવ, દ્વેષ કે વૈર વગેરે પણ થાય. ૪૦

**સુકડિત્તિ સુપક્કિત્તિ, સુછિન્ને સુહડે મડે ।**
**સુનિટ્ઠિએ સુલટ્ઠિત્તિ, સાવજ્જં વજ્જએ મુણી ।।૪૧।।**

(કોઈ મકાન વગેરેને) સુકડં-સારું કર્યું છે, (રસોઈ તેલ, મિષ્ટાન્ન, ઈંટો, વગેરેને) સુપક્કં-સારું પકાવ્યું છે, (વનસ્પતિ આદિને) સુછિન્ને-સારું કાપ્યું છે, (કૃપણનું ધન વગેરે) સુહડે-ઠીક ચોરાયું, (શત્રુ આદિ) મડે-ઠીક મર્યો, (ધનનો અભિમાની) સુનિટ્ઠિએ-ઠીક ખાલી થયો (લુંટાયો) કોઈ વિવાહાદિ થયા હોય તો વર-કન્યાને, કે ઘર-નોકરી વગેરે મલ્યું હોય તેને સુલટ્ઠં-સારું (મલ્યું), ઇતિ-એવા સાવજ્જં-પાપવચનને (પાપની પ્રશંસાને) મુનિ વર્જે. (૪૧)

પાપની પ્રશંસાથી પાપ વધે, જેને હાનિ થઈ હોય તેને દ્વેષ, વૈર વગેરે થાય અને બોલનારને પાપની અનુમોદનાથી અશુભ કર્મોનો બંધ થાય. નિરવદ્ય વચન (પ્રશંસા) તો ન વર્જે પણ કરે, જેમ કે 'વૈયાવચ્ચ વગેરે સારું કર્યું, સાધુનું બ્રહ્મચર્ય પાકું છે, અમુક માણસે રાગને ઠીક છેદ્યો, વસ્ત્રાદિ ચોરાયું તો પણ ઉપસર્ગ પ્રસંગે સાધુ ન ડગ્યો તે ઠીક થયું, મરણ સારું (પંડિતમરણ) થયું, કર્મ ઠીક ઓછાં ઓછાં થયાં (નિર્જરા સારી થઈ), અમુકનાં તપ-ધ્યાન-ક્રિયા વગેરે સારાં છે' ઈત્યાદિ સત્કાર્યની પ્રશંસા તો વિવેકપૂર્વક કરે. ૪૧

**પયત્તક્કત્તિ વ પક્કમાલવે, પયત્તછિન્નત્તિ વ છિન્નમાલવે ।**
**પયત્તલટ્ઠિત્તિ વ કમ્મહેઉઅં, પહારગાઢત્તિ વ ગાઢમાલવે ।।૪૨।।**

કોઈ અપવાદે બોલવું પડે તો પક્કં-પાકેલાને પયત્ત પક્કં-પ્રયત્નથી (મુસીબતે) પકાવેલું આલવે-કહે. એ રીતે છેદેલાને પ્રયત્નથી છેદેલું, કન્યા વગેરેને પયત્તલટ્ઠ-પ્રયત્નથી સુંદર (દીક્ષા યોગ્ય) થઈ છે અને ગાઢં-સખ્ત પ્રહારને પહારગાઢં-પ્રહાર આકરો થયો છે, એમ કહે. અથવા સર્વત્ર કમ્મહેઉઅં-(શુભાશુભ) કર્મના ઉદયથી (પાક્યું, છેદાયું, સારું થયું, પ્રહાર થયો, વગેરે) કહે. કારણકે એવું બોલવાથી રાગ-દ્વેષ વગેરે ન થાય. (૪૨)

**સવ્વુક્કસં પરગ્ઘં વા, અઉલં નત્થિ એરિસં ।**
**અવિક્કિઅમવત્તવ્વં, અચિઅત્તં ચેવ નો વએ ।।૪૩।।**

વળી-બુદ્ધિમાન્ સાધુ ક્રય-વિક્રયના વિષયમાં ઘણી વસ્તુઓમાં આ અમુક સવ્વુક્કસં-સર્વોત્કૃષ્ટ (સ્વભાવે સુંદર) છે, કે આ અમુક પરગ્ઘં-શ્રેષ્ઠ મૂલ્યનું (મોંઘું છતાં સસ્તું મલ્યું) છે, અઉલં-અતુલ છે, અન્યત્ર નત્થિ એરિસં-આવું નથી, અથવા અવિક્કિઅં-સંસ્કાર રહિત (સર્વત્ર મળે તેવું) છે, અવત્તવ્વં-અવક્તવ્ય (ઘણા ગુણવાળું-વર્ણન કરી ન શકાય

તેવું), કે અચિઅત્તં-અપ્રીતિકર છે, એવું નો વએ-ન બોલે. (કારણકે એવું બોલવાથી હિંસક પ્રવૃત્તિ વધે, બીજાઓને એ વસ્તુ ન મળવાથી અંતરાય કર્મ બંધાય વગેરે દોષો સમજવા.) (૪૩)

**સવ્વમેઅં વઇસ્સામિ, સવ્વમેઅં તિ નો કએ ।**
**અણુવીઇ સવ્વં સવ્વત્થ, એવં ભાસિજ્જ પન્નવં ।।૪૪।।**

વળી કોઈ કંઈ સંદેશો લઈ જવા કહે, ત્યારે (તારું કહેલું) સવ્વનઅં-આ સર્વ વઇસ્સામિ-કહીશ, કે કોઈને સંદેશો પહોંચાડતા પોતે સવ્વમેઅં-આ સર્વ (કહું છું, કે તું કહેજે), તિ-એમ નો વએ-ન કહે. (કારણકે એકનું કહેલું સર્વ સ્વર-વ્યંજનાદિપૂર્વક તેવા જ શબ્દોમાં અને તેવા જ ભાવોમાં બીજાએ કહેવું અશક્ય બને અને અસંભવિત કહેવાથી મૃષાવાદ લાગે, માટે) સવ્વત્થ-સર્વ કાર્યોમાં સવ્વં-સઘળું અણુવીઇ-વિચારીને આ પ્રમાણે બુદ્ધિમાન્ સાધુ બોલે. (૪૪)

**સુક્કીઅં આ સુવિક્કીઅં, અકિજ્જં કીજ્જમેવ વા ।**
**ઇમં ગિણ્હ ઇમં મુંચ, પણીઅં નો વિઆગરે ।।૪૫।।**

**અપ્પગ્ઘે વા મહગ્ઘે વા, કએ વા વિકએવિ વા ।**
**પણિઅટ્ઠે સમુપ્પન્ને, અણવજ્જં વિઆગરે ।।૪૬।।**

વળી કોઈએ ખરીદેલું જાણીને તે પણીયં-કરીયાણાને સુક્કીઅં-સારું ખરીદ્યું, કે વેચ્યું જાણીને સુવિક્કીઅં-ઠીક વેચ્યું, અથવા કોઈએ પૂછવાથી આ અકિજ્જં-ખરીદવા યોગ્ય નથી, કે કિજ્જમેવ-ખરીદવા યોગ્ય છે જ, એમ ન કહે, વળી ભવિષ્યમાં મોંઘું થશે માટે ઇમં-આ અમુકને ગિણ્હ-ખરીદ કર, કે ભાવ ઘટશે માટે આને મુંચ-મૂકી દે (વેચી દે), એવું નો વિઆગારે-ન બોલે. (૪૫)

કિન્તુ પણિઅટ્ઠે-કરીયાણાને અંગે કોઈએ પૂછવાથી બોલવાનો પ્રસંગ સમુપ્પન્ને-ઉત્પન્ન થતાં અપ્પગ્ઘે-સોંઘી અથવા મહગ્ઘે-મોંઘી વસ્તુને કએ વિક્કએ વા વિ-ખરીદવામાં અથવા વેચવામાં પણ અણવજ્જં-નિર્દોષ વચન બોલે. જેમ કે 'સાધુઓએ વ્યાપાર છોડેલો હોવાથી તેઓને આવું કંઈ બોલવાનો અધિકાર નથી' વગેરે બોલે. (૪૬)

**તહેવાસંજયં ધીરો, આસ એહિ કરેહિ વા ।**
**સય ચિટ્ઠ વયાહિત્તિ, નેવં ભાસિજ્જ પન્નવં ।।૪૭।।**

તે રીતે પન્નવં-બુદ્ધિમાન્ ધીરો-સંયમ પાળવામાં ધીર એવો સાધુ અસંયતં-અસંયતને (ગૃહસ્થને) અહીં આસ-બેસ ! એહિ-આવ ! અથવા આ અમુક કરેહિ-કર ! સય-શયન

કર, ચિટ્ઠ-ઊભો રહે ! વયાહિ-જા ! એ પ્રમાણે (સાવદ્ય આદેશ) ન બોલે. (૪૭)

સાધુએ વિરતિવંતને (સાધુને) પણ મુખ્ય માર્ગે આદેશ વાક્ય કહેવું યોગ્ય નથી, તો ગૃહસ્થને તો આદેશ ન જ કરી શકાય એ સ્પષ્ટ છે. આવા આદેશાથી જયણાને નહિ સમજતો ગૃહસ્થ તે તે કાર્ય કરતાં જે હિંસાદિ કરે તેમાં સાધુ નિમિત્ત બને અને તેથી હિંસાદિ કરવામાં પાપનો ભાગી થાય. ૪૭

**બહવે ઇમે અસાહૂ, લોએ વુચ્ચંતિ સાહુણો ।**
**ન લવે અસાહું સાહુત્તિ, સાહું સાહુત્તિ આલવે ।।૪૮।।**

લોએ-લોકમાં ઇમે-આ (બૌદ્ધ, શાક્ય, સંન્યાસી વગેરે મોક્ષસાધક અનુષ્ઠાનના અભાવે) અસાહૂ-અસાધુઓ છતાં સામાન્ય રીતે સાહુઓ વુચ્ચંતિ-સાધુઓ કહેવાય છે. તેવા અસાહું-અસાધુને (બુદ્ધિમાન્ મુનિ) સાહુ-આ સાધુ છે એમ ન કહે, કિન્તુ મૌન રહે સાહું-સાધુ હોય તેને સાહુત્તિ-સાધુ છે, એમ કહે. (૪૮)

અસાધુને સાધુ કે સાધુને અસાધુ કહેવો તેને મિથ્યાત્વની સંજ્ઞા કહી છે. એવું બોલવાથી અસાધુઓ પૂજાય. સુસાધુઓનો

અનાદર થાય, અધર્મ વધે, ઈત્યાદિ અનર્થમાં નિમિત્ત બનવાથી મિથ્યાત્વ મોહનીય કર્મનો બંધ થાય. ૪૮

**નાણદંસણસંપન્નં, સંજમે અ તવે રયં ।**
**એવંગુણસમાઉત્તં, સંજયં સાહુમાલવે ।।૪૯।।**

કેવા સાધુને સાધુ કહે ? નાણદંસણસંપન્ન-જ્ઞાનદર્શનથી સમૃદ્ધને, તથા (યથાશક્તિ) સંજમમાં અને તપમાં રક્તને, એવંગુણસમાઉત્તં-એવા ગુણાથી યુક્ત સંજયં-સંયતને સાધુ કહે. (૪૯)

સાધુતા ગુણસ્વરૂપ હોવાથી નિશ્ચયનયથી ગુણવાનને જ સાધુ કહેવાય, વ્યવહારથી મૂળગુણ વિરાધના જેવા દોષો પણ ન જાણ્યા હોય ત્યાં સુધી સાધુવેષવાળાને સાધુ કહે. દોષો જાણ્યા પછી પણ સંઘમાન્ય હોય અને કોઈ સંઘનાં કાર્યોમાં તેની સહાય જરૂરી હોય તો બાહ્ય દેખાવ રૂપે પણ સાધુ કહે. એમ કહેવામાં સંઘનાં-શાસનનાં કાર્યો કરવાનું ધ્યેય હોવાથી દોષ નથી. તત્ત્વથી સાધુ માને તો દોષ લાગે. ૪૯

**દેવાણં મણુઆણં ચ, તિરિઆણં ચ વુગ્ગહે ।**
**અમુગાણં જઓ હોઉ, મા વા હોઉ ત્તિ નો વએ ।।૫૦।।**

વળી દેવોના મનુષ્યોના, કે તિર્યંચોના વુગ્ગહે–યુદ્ધમાં અમુકનો જય થાઓ ! અથવા અમુકનો જય મા હોઉ–ન થાઓ, એમ ન બોલે. (૫૦)

એવું બોલવાથી કષાય અને તેથી કર્મબંધ વગેરે થાય, તે પશુના સ્વામિને પણ દ્વેષાદિ થાય, વગેરે સમજવું. ૫૦

**વાઓ વુટ્ઠં ચ સીઉણ્હં, ખેમં ધાયં સિવં તિ વા ।**
**કયા ણુ હુજ્જ એઆણિ, મા વા હોઉત્તિ નો વએ ।।૫૧।।**

વળી મલય પર્વત વગેરે દિશાનો વાઓ–વાયુ, વુટ્ઠં–વરસાદ, સીઉણ્હં–ઠંડી–ગરમી, રાજ્યાદિ ઉપદ્રવના અભાવરૂપ ખેમં–ક્ષેમ, ધાયં–સુભિક્ષ (સુકાળ) તથા સિવં–ઉપદ્રવનો અભાવ, એઆણિ–એ કયા ણુ હુજ્જા–ક્યારે થશે ? અથવા મા હોઉ–ન થાઓ ! એવું પણ ન બોલે. (૫૧)

એવું બોલવાથી અધિકરણ (હિંસાદિ) થાય, વાયુ, ઠંડી, તાપ, વરસાદ, વગેરે થવાથી અનેક ક્ષુદ્ર જીવોને પીડા–મરણ થાય, કહેલું ન બને તો કહેનારને સાંભળનારને આર્ત્તધ્યાન થાય વગેરે દોષો સમજવા. ૫૧

**તહેવ મેહં વ નહં વ માણવં, ન દેવદેવત્તિ ગિરં વઇજ્જા ।**
**સમુચ્છિએ ઉન્નએ વા પઓએ,**
**વઇજ્જ વા વુટ્ઠ બલાહયત્તિ ।।૫૨।।**

**અંતલિક્ખત્તિ ણ બૂઆ, ગુજ્ઝાણુચરિઅત્તિ અ ।**
**રિદ્ધિમંતં નરં દિસ્સ, રિદ્ધિમંતં તિ આલવે ।।૫૩।।**

તે રીતે ઊંચે ચઢેલા મેહં-વાદળાંને નહં-આકાશને, અથવા રાજાદિ માનવં-મનુષ્યને, આ દેવદેવ-દેવના દેવ છે, એવી ગિરં-વાણીને ન બોલે. (એવું બોલવાથી મિથ્યાવાદ વધે અને સાધુની હલકાઈ વગેરે થાય, માટે આકાશમાં ચઢેલા વાદળના ઘેરાવાને) પઓએ-વાદળાં સમુચ્છિએ-ચઢી આવ્યાં છે, અથવા ઉન્નએ-ઉન્નત (ઘણાં) છે અથવા દલાહય-બલાહક (મેઘ) વુટ્ઠ-વરસ્યો ત્તિ વઇજ્જ-એમ બોલે. (૫૨)

(ઉપર મેઘને અંગે બોલવાનો વિધિ કહ્યો તેમ આકાશને પણ દેવદેવ નહિ કહેતાં) અંતલિક્ખં-અંતરિક્ષ (આકાશ), કે ગુજ્ઝાણુચરિઅ-ગુહ્યાનુચરિત (દેવોથી સેવાએલું સ્થળ) ત્તિ બૂઆ-એમ કહે. (આ બે શબ્દો વાદળને અંગે પણ કહે) તથા ઋદ્ધિમન્ત (રાજા, ધનાઢય વગેરે) નરં-મનુષ્યને

દિસ્સ-જોઈને આ 'ઋદ્ધિમાન છે' એમ કહે. અર્થાત્ મિથ્યા 'દેવદેવ' ન કહેતાં યથાર્થ શબ્દો બોલે. (૫૩)

**તહેવ સાવજ્જણુમોઅણી ગિરા,**
**ઓહારિણી જા ય પરોવઘાઇણી ।**
**સે કોહ લોહ ભય હાસ માણવો,**
**ન હાસમાણોડવિ ગિરં વઇજ્જા ।।૫૪।।**

તે રીતે ('ગામ ઠી લુંટયું' વગેરે) સાવજ્જણુમોઅણી-પાપનું અનુમોદન કરનારી, ('આ આમ જ છે' વગેરે) ઓહારિણી-નિશ્ચયાત્મક કે સંશય કરનારી, જા ય-અને જે ('માંસ ખાવામાં દોષ નથી' વગેરે) પરોવઘાઇણી-પરને ઉપઘાતક ગિરા-વાણી સે-તેને માણવ-મનુષ્ય-સાધુપુરુષ ક્રોધ, લોભ, ભય, હાસ્ય અને ઉપલક્ષણાથી માન, રાગ, વગેરેને વશ થઈને, કે હાસમાણો-હસતાં હસતાં પણ ન બોલે. (૫૪)

કોઈ કારણે કડવા-મીઠા વગેરે શબ્દોનો પ્રયોગ કરવો પડે, તો પણ હૃદયમાં તેવો દુષ્ટ ભાવ કરવાનો સાધુનો આચાર નથી. હિતબુદ્ધિએ કડવું પણ કહેવાથી નિર્જરા થાય માટે સારણા-વારણા, ચોયણા-પડિચોયણા કરવાનું વિધાન છે. તે ન કરે તો ગુરુ પોતાનો ધર્મ ચૂકીને શિષ્યને

ઉન્માર્ગે જવામાં નિમિત્ત બને. માટે કડવું કહેવું પડે તો પણ ક્રોધાદિ ભાવોને વશ ન થવું. હાસ્યાદિ કાઠીઆઓને વશ થઈને તો હિતકારી મીઠું પણ બોલવાથી મોહનીયાદિ કર્મોનો બંધ થાય છે, માટે તેવું કદી ન બોલવું. ૫૪

હવે ઉપદેશપૂર્વક અધ્યયનનો ઉપસંહાર કરે છે -

સુ(સ) વક્કસુદ્ધિં સમુપેહિઆ મુણી,
ગિરં ચ દુટ્ઠં પરિવજ્જએ સયા ।
મિઅં અદુટ્ઠં અણુવીઇ ભાસએ,
સયાણ મજ્ઝે લહઇ પસંસણં ।।૫૫।।

ભાસાઈ દોસે અ ગુણે અ જાણિઆ,
તીસે અ દુટ્ઠે પરિવજ્જએ સયા ।
છસુ સંજએ સામણિએ સયા જએ ।
વઇજ્જ બુદ્ધે હિઅમાણુલોમિઅં ।।૫૬।।

પરિક્ખભાસી સુસમાહિઇંદિએ,
ચઉક્કસાયાવગએ અણિસ્સિએ ।
સ નિદ્ધુણે ધુન્નમલં પુરેકડં,
આરાહએ લોગમિણં તહા પરં-ત્તિબેમિ ।।૫૭।।

સુવક્કસુદ્ધિં-સદ્વાક્યશુદ્ધિને (અથવા સ્વવાક્યશુદ્ધિને, કે સ-બોલનારો તે વાક્યશુદ્ધિને) સમુપેહીઆ-સમ્યગ્ જોઈને (જાણીને ઉપર કહી તેવી) દુષ્ટ ગિરં-ભાષાને સદા તજે અને ઉચ્ચારથી તથા પ્રમાણથી મિઅં-પ્રમાણોપેત અદુટ્ઠં-અદુષ્ટ (દેશ-કાળાદિથી અવિરુદ્ધ એવું) અણુવીઇ-વિચારીને બોલે, તેવું માસએ-બોલનારો મુણી-સાધુ સયાણ-સાધુઓમાં (સજ્જનોમાં) પ્રશંસાને પામે છે. (૫૫)

માટે બુદ્ધે-પંડિત સાધુ ભાષાના દોષોને અને ગુણોને (આ અધ્યયનના અભ્યાસ દ્વારા યથાયોગ્ય) જાણિઆ-જાણીને તીસે દુટ્ઠે-તેમાંની દુષ્ટભાષાને પરિવજ્જએ-પરિવર્જે (સર્વથા તજે) અને સદા છસુ-છ જીવનિકાયમાં (ત્રસસ્થાવર જીવોમાં) સંજય-સંયત (જયણાવાળો) અને સામણિએ-શ્રમણપણામાં સયા જએ-સદા યતનાવાન્ થઈને હિઅં-હિતકર અને અણુલોમં-મનોહર (પ્રિય) વઇજ્જા-બોલે. (૫૬)

દુષ્ટનો ત્યાગ કર્યા વિના સદ્વાક્ય બોલાય નહિ અને સદ્વાક્ય વિના અહિંસાદિનું કે સાધુતાનું રક્ષણ થાય નહિ, માટે દુષ્ટના ત્યાગપૂર્વક સદ્વાક્યના બળે સંયમની આરાધના કરવાનો ઉપદેશ છે. ૫૬

પરિક્ખભાસી-વિચારીને બોલતો, સુસમાહિઇંદિએ-સુસમાહિતેન્દ્રિય (જિતેંન્દ્રિય), ચઉક્કસાયાવગએ-અપગતકષાય (કષાય નિરોધક) અને અણિસ્સિએ-નિશ્રારહિત (દ્રવ્યભાવ પ્રતિબંધ રહિત), સે-એવો તે સાધુ પુરેકડં-પૂર્વકૃત ધુણ્ણમલે-પાપમળને (કર્મને) નિદ્ધુણે-નિર્ધૂનન (ક્ષય) કરીને ઇણં-આ તહા-તથા પરં-પર લોગં-લોકને (જન્મને) આરાહએ-આરાધે છે (અર્થાત્ આ જન્મમાં સદ્વાક્ય દ્વારા આરાધક બનીને યથાસંભવ અનંતર કે પરંપર જન્મમાં મોક્ષને સાધે છે) એમ કહું છું. (૫૭)

ભાષા ઔષધ તુલ્ય છે. ઔષધ-શરીરને હિત કરે, તેમ ભાષા આત્માનું હિત કરે છે માટે આત્મહિત થાય તે રીતે તેનો પ્રયોગ કરવો એ પુણ્યથી પ્રાપ્ત થયેલ વાગ્યોગની (વાણીની) સફળતા છે. અનંતકાળ પછી જીવને કર્મો હલકાં થવારૂપ પુણ્યના બળે બે ઈન્દ્રિયાદિક જાતિમાં ભાષાની (જીહ્વાની) પ્રાપ્તિ થાય છે, એના સદુપયોગ દ્વારા કર્મોને હલકાં કરીને ઉત્તરોત્તર આત્મવિકાસ સાધવો એ જીવનું કર્તવ્ય છે.

નિશ્ચયથી બીજાના લાભ માટે નહિ, પણ પોતાનાં કર્મો ખપાવવા બોલવાનું છે. માટે એ લક્ષ્યથી બોલાયેલા શબ્દો પરોપકારી પણ બને છે, જે ભાષકને પોતાને કર્મબંધ થવાનો ખ્યાલ કે ભય ન હોય તેના વચનથી પ્રાય : અન્યને ઉપકાર થતો નથી, ઊલટો અપકાર થવાનો સંભવ છે, માટે બોલેલું સ્વ-પર આત્મહિત કરે એ રીતે બોલવાનું શિક્ષણ મેળવવું ખૂબ અગત્યનું છે. જગતમાં દેખાતાં ઝેર-વેર પ્રાય: બોલવાની અનાવડતનું પરિણામ છે.

ઔષધ ગમે તેને, ગમે તે રીતે, ગમે તેટલું, ગમે તે, કે સૌ કોઈ આપી શકે નહિ, તે માટે વૈદ્યકશાસ્ત્રનો અભ્યાસ કરી ચિકિત્સામાં નિષ્ણાત બનવું પડે છે, ડોક્ટરોની કે વૈદ્યોની કિંમત ઔષધને નહિ પણ ઔષધયોજનાની આવડતને આભારી છે. લૌકિક વ્યવહારોમાં વકીલો-બેરિસ્ટરો કે અભ્યાસ કરાવતા શિક્ષકોનું સ્થાન બોલવાની આવડતને કારણે ઊંચું છે, તેમ લોકોત્તર ચિકિત્સક સાધુ પુરુષોનું સ્થાન પણ સદુપદેશ દેવાના કારણે ઊંચું છે, કોને-ક્યારે-કેટલું-કયું ઔષધ કેટલા પ્રમાણમાં, કયા પથ્યથી હિત કરશે એ સમજીને ડો.-વૈદ્યો ઔષધ આપે છે, તેમ સાધુઓએ

અને અધિકારી ગૃહસ્થોએ પણ પોતાનાં કર્મોની નિર્જરા સાથે શ્રોતાને હિત થાય તેવું-તેટલું-ત્યારે-તે વચન તેવા ભાવપૂર્વક બોલવું, એ શીખવાડવાનું જૈનદર્શનનું ધ્યેય છે.

આ અધ્યયનમાં ગ્રન્થકારે તે વાતને બાળક પણ સમજે તે રીતે સમજાવી છે, તેનો યથાયોગ્ય અભ્યાસ કરીને બોલતાં શીખવું અને તે પ્રમાણે જરૂર પડે ત્યારે, જેને જે વચનથી લાભ થાય તેને, તેટલું, ત્યારે, તેવા, ભાવપૂર્વક કહેવું. એ આખા પ્રકરણનો સાર છે. ૫૭

**સમત્તં સપ્તમં અજ્ઝયણામ્ ।**

# આઠમું 'આચારપ્રણિધિ' અધ્યયન

પૂર્વે ક્ષુલ્લકાચાર અને મહાચારકથા અધ્યયનોમાં કહ્યા તે આચારોનો પ્રણિધિ એટલે સંગ્રહ કેવી રીતે કરવો ? તે આ અધ્યયનમાં કહેલું હોવાથી એનું 'આચારપ્રણિધિ' નામ છે. આચારો ક્રિયારૂપ છે, તેનો સંગ્રહ થઈ શકે નહિ, માટે એના આલંબને આત્મધર્મનો સંગ્રહ કરવો તેને અહીં આચારપ્રણિધિ સમજવો. પ્રત્યેક આચારના બળે ધર્મધનને એટલે આત્મસ્વરૂપને પ્રગટાવવું જોઈએ.

વ્યાપારી નાના-મોટા પ્રમાણમાં ક્રય-વિક્રય કરવા છતાં ધનની કમાણી ન થાય તો પ્રસન્ન થતો નથી. તેનું લક્ષ્ય ધન મેળવવાનું હોય છે, એ રીતે સાધુએ તપ, જપ વગેરે નાનાં-મોટાં અનુષ્ઠાનોમાં જ સંતોષ નહિ માનતાં એના આલંબને સમ્યગ્જ્ઞાનાદિ આત્મગુણોને પ્રગટાવવાનું લક્ષ્ય નિશ્ચિત કરવું જોઈએ.

ક્રિયા કષ્ટ આપનારી છે, આનંદનો અનુભવ તો ગુણો જ કરાવી શકે છે. માટે સુખની ઈચ્છાવાળા આત્માએ ગુણોને પ્રગટાવવાનું લક્ષ્ય રાખવું જરૂરી છે. આ ગુણોના

પ્રગટીકરણમાં વિઘ્નકારક (અકુશળ) ઈન્દ્રિયોનો અને મનનો વિજય કરીને એ જ ઈન્દ્રિયો તથા મનને ગુણો પ્રગટાવવા માટે સાધનભૂત (કુશળ) બનાવવાં જોઈએ. ઈન્દ્રિયોનો અને મનનો આવો વિજય (સંયમ) તે તે આચારોના પાલન વિના શક્ય નથી, એથી જ્ઞાનાદિ ગુણોના જેટલી જ મહત્તા અને આવશ્યકતા આચારોની પણ છે.

પૂર્વનાં અધ્યયનોમાં કાયસંયમ અને વચનસંયમ દ્વારા કાયાને અને વચનને શુદ્ધ બનાવવાનો ઉપાય કહ્યો. અહીં એ વચનને આચારમાં ઉતારવું જોઈએ, અર્થાત્ વાણી અને વર્તન તુલ્ય બનાવવાં જોઈએ, એમ કહી એના બળે મનોસંયમ કરી મનની શુદ્ધિ કેવી રીતે કરી શકાય તે જણાવેલું છે. એ જ વાત હવે તેના ઉપાયભૂત આચારોના વર્ણન દ્વારા અહીં ક્રમશઃ જણાવે છે.

**આચારપ્પણિહિં લદ્ધું, જહા કાયવ્વં ભિક્ખુણા ।**
**તં ભે ! ઉદાહરિસ્સામિ, આણુપુવ્વિં સુણેહ મે ।।૧।।**

ભિક્ખુણા–ભિક્ષુકે આચારપ્પણિહિં–આચારના સંગ્રહને લદ્ધું–પામીને જહા–જેમ કાયવ્વં–કરવા યોગ્ય છે (વર્તવા યોગ્ય છે.) તં–તેને મે !–હે સાધુઓ !) તમને ઉદાહરિસ્સામિ–હું

કહીશ તે મે-મારું કથન આણુપુવ્વિં-ક્રમશઃ સુણેહ-તમે સાંભળો! (એમ શ્રી ગૌતમપ્રભુ આદિએ પોતાના શિષ્યોને કહેલું અહીં ગ્રન્થકાર કહે છે.) (૧)

**પુઢવિ-દગ-અગણિ-મારુઅ, તણરુક્ખસ્સબીઅગા ।**
**તસા અ પાણા જીવ ત્તિ, ઇઇ વુત્તં મહેસિણા ।।૨।।**

પૃથ્વી, ઉદક (પાણી), અગ્નિ, મારુત (વાયુ), તણરુક્ખસ્સ બીઅગા-તૃણ (ઘાસ) તથા બીજ સહિત વૃક્ષો અને તસા પાણા-ત્રસ પ્રાણીઓ, એ સર્વ જીવ ત્તિ-જીવો છે, એમ મહેસિણા-શ્રી વર્ધમાનપ્રભુએ વુત્તં-કહેલું છે. (૨)

**તેસિં અચ્છણજોએણ, નિચ્ચં હોઅવ્વયં સિઆ ।**
**મણસા કાયવક્કેણં, એવં હવઇ સંજએ ।।૩।।**

તે પૃથ્વી આદિ જીવોના અચ્છણજોએણ-અહિંસક યોગથી (હિંસા ન થાય તેવી પ્રવૃત્તિથી) નિત્ય મનથી કાયા અને વક્કેણં-વાક્યથી (વચનથી) હોઅવ્વયં સિઆ-વર્તવું જોઈએ. એ પ્રમાણે (વર્તતો-અહિંસક થયો થકો) જીવ સંજએ-સંયત (સંયમી) થાય. અન્યથા વેશ ધરવા માત્રથી કે બોલવા માત્રથી સંયમી ન થઈ શકાય. (૩)

**પુઢવિં ભિત્તિં સિલં લેલ્લું, નેવ ભિંદે ન સંલિહે ।**
**તિવિહેણ કરણ-જોએણં, સંજએ સુસમાહિએ ।।૪।।**

શુદ્ધપૃથ્વીને (માટીને), ભિત્તિને એટલે નદીના તટને અને શિલાને-પત્થરને, અથવા માટીના ઢેફા વગેરેને, ત્રણ પ્રકારના કરણ અને ત્રણ પ્રકારના યોગથી સુસમાહિએ-સમાધિવાળો (મન-ઈન્દ્રિયોથી ઉપશાન્ત) એવો સંયત (સાધુ) નેવ ભિંદે-ભેદે (તોડે) નહિ અને ન સંલિહે-ખોદે-ખોતરે નહિ. (૪)

ત્રણ કરણો એટલે કરવું, કરાવવું અને અનુમોદવું તથા ત્રણ યોગો એટલે મન, વચન અને કાયા એમ હવે પછી પણ યથાસ્થાન સમજી લેવું. ૪

**સુદ્ધપુઢવીએ ન નિસીએ, સસરક્ખંમિ અ આસણે ।**
**પમજ્જિત્તુ નિસીઇજ્જા જાઇત્તા જસ્સ ઉગ્ગહં ।।૫।।**

તથા સુદ્ધપુઢવીએ-સચિત્ત પૃથ્વી ઉપર અને સસરક્ખંમિ-રજયુક્ત આસણે-આસન ઉપર પણ ન નિસીએ-બેસે નહિ અચિત્ત પૃથ્વી કે રજરહિત આસન ઉપર પણ તે જસ્સ ઉગ્ગહં-જેના અધિકારમાં હોય તેને જોઇત્તા-યાચીને અને

પમજ્જિત્તુ-પ્રમાર્જીને બેસે, ઉપલક્ષણાથી ઊભા રહેવામાં અને શયન કરવામાં પણ એ વિધિ સમજવો. (૫)

**સીઓદગં ન સેવિજ્જા, સિલાવુટ્ઠં, હિમાણિ અ ।**
**ઉસિણોદગં તત્તફાસુઅં, પડિગાહિજ્જ સંજએ ।।૬।।**

**ઉદઉલ્લં અપ્પણો કાયં, નેવ પુંછે ન સંલિહે ।**
**સમુપ્પેહ તહાભૂઅં, નો ણં સંઘટ્ટએ મુણી ।।૭।।**

પૃથ્વીમાંથી નીકળેલા સીઓદગં-સચિત્ત પાણીને, વરસાદના સિલા-કરાને વુટ્ઠં-વરસેલા પાણીને અને હિમાણિ-(કૃત્રિમ અકૃત્રિમ) બરફને સંયત-સાધુ સેવે (વાપરે) નહિ કિન્તુ તત્તફાસુઅં-તપવાથી પ્રાસુક (ત્રણ ઉકાળાથી પૂર્ણ ઉકળીને અચિત્ત) થએલા ઉસિણાદગં-ઉકાળેલા પાણીને ગ્રહણ કરે. (વાપરે) (૬)

વળી નદી ઊતરવાથી કે ભિક્ષાદિ માટે નીકળ્યા પછી વર્ષાથી ઉદઉલ્લં-ભીંજાએલા અપ્પણો કાયં-પોતાના શરીરને (વસ્ત્રાદિ વડે) નેવ પુંછે-લુંછે નહિ અને હાથ વગેરેથી ન સંલિહે-ઘસે નહિ. કિન્તુ તહાભૂઅં-તેવા (ભીંજાએલા કે પાણી ગળતા) શરીરાદિને સમુપ્પેહ-જોઈને મુનિ લેશ સંઘટ્ટન પણ ન કરે. (૭)

કાયાની જેમ સચિત્તથી ભીંજાએલી અન્ય વસ્તુ માટે પણ આ નિયમ જાણવો. ૭

**ઇંગાલં અગણિં અચ્ચિં, અલાયં વા સજોઇઅં ।**
**ન ઉંજેજ્જા ન ઘટ્ટિજ્જા, નો ણ નિવ્વાવએ મુણી ।।૮।।**

મુનિ અંગારાને, શુદ્ધ અગ્નિને, જ્વાલાને અને સજોઇઅં-સળગતા ઉંબાડીઆને ઉંજન ન કરે, સંઘટ્ટન ન કરે અને ઓલવે પણ નહિ. (૮)

**તાલિઅંટેણ પત્તેણ, સાહાએ વિહુયણેણ વા ।**
**ન વીઇજ્જડપ્પણો કાયં, બાહિરં વા વિ પુગ્ગલં ।।૯।।**

(મુનિ) વીંઝણા વડે, (પદ્મિની આદિના) પાંદડા વડે, (વૃક્ષની) ડાળી વડે, કે પંખા વડે, પોતાની કાયાને અથવા બાહ્ય (બીજા) કોઈ પુદ્‌ગલને (પદાર્થને) વીંઝે (પવન નાખે) નહિ. (૯)

**તણરુક્ખં ન છિંદિજ્જા, ફલં મૂલં ચ કસ્સઇ ।**
**આમગં વિવિહં બીઅં, મણસા વિ ન પત્થએ ।।૧૦।।**

(મુનિ ધ્રો વગેરે) તૃણને, (આમ્રાદિ) વૃક્ષને અને અન્ય કસ્સઇ-કોઈ પણ વૃક્ષાદિના ફળને કે મૂળને છેદે નહિ

અને આમગં-સચિત્ત એવાં વિવિધ જાતનાં બીજને મનથી ન પત્થએ-ઈચ્છે પણ નહિ (પછી ખાવાનું તો હોય જ કેમ ? અર્થાત્ ન ખાય.) (૧૦)

**ગહણેસુ ન ચિટ્ઠિજ્જા, બીએસુ હરિએસુ વા ।**
**ઉદગંમિ તહા નિચ્ચં, ઉત્તિંગપણગેસુ વા ।।૧૧।।**

મુનિ ગહણેસુ-વનના નિકુંજોમાં (ગાઢ ઝાડીમાં), (સચિત્ત ડાંગર વગેરે) બીજોના ઉપર, (ધ્રો વગેરે) લીલાં તૃણ ઉપર, સચિત્ત પાણી ઉપર, તથા ઉત્તિંગ-સર્પછત્રાદિ (નાગદંતી આદિ) વનસ્પતિ અને પણગેસુ-લીલ (અનંતકાય) ઉપર નિચ્ચં-નિત્ય (કદાપિ) ઊભો ન રહે. (૧૧)

વનસ્પતિકાયનો અધિકાર હોવાથી અહીં સચિત્ત પાણીના નિર્દેશથી અનંતકાય નિગોદ સમજવી. કારણકે 'જ્યાં જ્યાં પાણી હોય ત્યાં ત્યાં નિશ્રાગત વનસ્પતિ હોય' એમ કહેલું છે. ઉત્તિંગ એટલે કીડીનગરો નહિ, પણ તે જાતિની વિવિધ વનસ્પતિ અને પનક એટલે લીલા રંગની લીલ (અનંતકાય વનસ્પતિ) સમજવી. તે દરેક ઉપર ઊભા રહેવાની જેમ બેસવાનો, સુવાનો, ચાલવાનો વગેરે નિષેધ પણ અધ્યાહારે સમજી લેવો. ૧૧

**તસે પાણે ન હિંસિજ્જા, વાયા અદુવ કમ્મુણા ।**
**ઉવરઓ સવ્વભુએસુ, પાસેજ્જ વિવિહ જગં ।।૧૨।।**

મુનિ વાયા અદુવ કમ્મુણા–વચનથી અથવા કાયાથી (ક્રિયાથી) બેઈન્દ્રિયાદિ ત્રસ પ્રાણીઓને પણ હિંસે નહિ. કિન્તુ (પાપકર્મથી) ઉવરઓ–ઉપરત થયેલો (અટકેલો) પોતે કર્મને વશ ભિન્ન ભિન્ન શરીરોને ધારણ કરી વિવિધ ચેષ્ટાઓને કરતા સવ્વભુએષુ–સ્વ પ્રાણીઓમાં જગં–જગતને (નરકાદિ ગતિના વિપાકોને) જુવે. (૧૨)

વચનમાં અને ક્રિયામાં મનનો સહકાર હોવાથી 'મનથી' ન હણે, એમ પણ સમજવું. જ્ઞાનિ મુનિ વિવિધ જીવોની વિવિધ ચેષ્ટાઓને–અજ્ઞાન–મોહજન્ય કષ્ટોને જોઈને કોઈ જીવને પીડા કરી શકતો નથી. કારણ કે ભૂતકાળમાં પોતાના આત્માએ પણ તે તે દુઃખો ભોગવ્યાં છે, તેવી તેવી ચેષ્ટાઓ કરી છે અને હવે 'જો જિનેશ્વરની આજ્ઞાનુસાર કર્મોને નહિ તોડું તો ભવિષ્યમાં મારે પણ આવા જન્મો લેવા પડશે' એમ સમજે છે, પોતાના ત્રણે કાળના જીવનને (પર્યાયોને) પ્રત્યક્ષ ઓળખાવતા જીવોને ઉપકારી માની તે તે પ્રત્યેક જીવોની દયા–રક્ષા (સુખી કરવાની ચિંતા) કરે છે અને

સંસારથી નિર્વેદ પામીને ચારિત્રના નિરતિચાર પાલન માટે સાવદ્ય બને છે. અર્થાત્ જગતને જોઈને 'તે સર્વ પોતાનું ભૂત-ભાવિસ્વરૂપ છે' એમ માનતો શબ્દાદિ વિષયોમાં કે કષાયોમાં લેપાતો નથી. ૧૨

છકાય જીવોની સ્થૂલયતના કહી, વિશેષયતના માટે આઠ સૂક્ષ્મ સ્થાનોને જણાવે છે.

**અટ્ઠ સુહુમાઇ પેહાએ, જાઇં જાણિસુ સંજએ ।**
**દયાહિગારી ભૂએસુ, આસ ચિટ્ઠ સએહિ વા ।।૧૩।।**

**કયરાઇં અટ્ઠ સુહુમાઇં ? જાઇં પુચ્છિજ્જ સંજએ ।**
**ઇમાઇં તાઇં મેહાવી, આઇક્ખિજ્જ વિઅક્ખણે ।।૧૪।।**

**સિણેહં પુપ્ફસુહુમં ચ, પાણુત્તિગં તહેવ ય ।**
**પણગં બીઅ હરિઅં ચ, અંડસુહુમં ચ અટ્ઠમં ।।૧૫।।**

જાઇં-જેને (જ્ઞાનથી) જાણિત્તુ-જાણીને સંયત ભુએસુ-પ્રાણીઓ પ્રત્યે (ક્રિયા દ્વારા) દયાહિગારી-દયાને અધિકારી (રક્ષક) થાય છે, તે અટ્ઠ-આઠ સુહુમાઇં-સૂક્ષ્મને (જીવસ્થાનોને પેહાઇ-જોઈને (તેવા જીવો જ્યાં ન હોય ત્યાં) આસ-બેસે, ચિટ્ઠ-ઊભો રહે અને સએહી-શયન કરે. (૧૩)

જીવોનાં સંભવવાળાં સ્થાનોને જાણ્યા વિના દયા કરી શકાય જ નહિ, માટે તેનું જ્ઞાન મુનિએ અવશ્ય મેળવવું જોઈએ. ૧૩

આઠ સૂક્ષ્મની વાત સાંભળીને, 'હું દયાળુ હોઈશ કે નહિ ?' એવા ભયથી સંયત પૂછે છે કે જાઇં-જે આઠ સૂક્ષ્મ (કહ્યાં) તે કયરાઇં-કેવાં (ક્યાં) છે ? ત્યારે બુદ્ધિમાન અને (સમજાવવામાં) વિચક્ષણ (ગુરુ) તાઇં ઇમાઇં આઇક્ખિજ્જા-તે આ પ્રમાણે કહે છે. (૧૪)

આવો પ્રશ્ન તેને જ થાય કે જે દયાળુ હોય. દયાળુ હોય તે પોતાનો દયાધર્મ સુરક્ષિત છે કે હણાય છે ? તે વિષયને જાણ્યા વિના ન રહી શકે. જીવાજીવાદિને ઓળખવાનો આદર આત્મામાં પ્રગટેલાં અહિંસકભાવનો અને અનાદર હિંસકભાવનો સાક્ષી છે. આવા ઉત્તમ આત્માને એ ઓળખવાનો ધર્મ હોવાથી ગુરુ કહે છે કે-

૧-સિણેહ-સ્નેહસૂક્ષ્મ (સૂક્ષ્મ અપ્કાય), ૨-પુપ્ફસુહુમં-સૂક્ષ્મ પુષ્પો, ૩-પાણ-સૂક્ષ્મ પ્રાણીઓ, ૪-ઉત્તિંગ-સૂક્ષ્મ કીડીનગારો (ત્રસ જીવોનાં સૂક્ષ્મ સ્થાનો), ૫-પણગં-સૂક્ષ્મ પનક (અનંતકાય લીલ-ફૂગ), ૬-બીઅ-સૂક્ષ્મ બીજો (કણીઆ

નખીઆં વગેરે), ૭-હરિઅં-સૂક્ષ્મ વનસ્પતિ અને ૮-અંડસુહુમં-સૂક્ષ્મ ઇંડાં (માખી, કીડી, ગરોળી વગેરેનાં), એ આઠ સૂક્ષ્મ છે. (૧૫)

**૧-સૂક્ષ્મ પાણી** પાંચ પ્રકારે છે : ૧-આકાશથી પડતો ઝીણો વરસાદ (ઝાકળ), ૨-હીમ (બરફ), ૩-ધુમ્મસ, ૪-વર્ષાના કરા (પથ્થર જેવા પાણીના કકડા) અને ૫-જમીનમાંથી ફૂટીને વનસ્પતિના છેડે નાનાં જળબિંદુઓ થાય છે તે.

**૧-સૂક્ષ્મ પુષ્પો** પાંચ પ્રકારના હો છે : ૧-કાળાં, ૨-નીલ વર્ણનાં, ૩-રાતાં, ૪-પીળાં અને ૫-શ્વેત. ઉપલક્ષણાથી બદામી, કેસરી વગેરે સર્વ મિશ્રણનાં પણ સમજી લેવાં. મૂળ રંગો પાંચ છે, માટે અહીં પાંચ વર્ણનાં કહ્યાં છે, તો પણ સર્વ વર્ણના પુષ્પો હોય છે અને તે એવાં બારીક અને તે તે વૃક્ષના વર્ણ જેવા વર્ણવાળાં હોય છે જે સૂક્ષ્મદષ્ટિથી જ ઓળખી શકાય.

**૩-સૂક્ષ્મ જીવો** પણ ઉપર કહ્યા તે મૂળ પાંચ વર્ણના, તે એક એક વર્ણમાં હજારો અવાન્તર વર્ણવાળા તથા ભિન્ન ભિન્ન જાતિ અને ભિન્ન ભિન્ન આકારવાળા હોય છે. કુંથુઆ વગેરે

એવા બારીક હોય છે કે જે હાલે-ચાલે તો જ ઓળખાય. અન્યથા 'આ જીવ છે' એમ ઓળખી પણ ન શકાય.

**૪-સૂક્ષ્મ કીડીનગારો** (જીવોનાં ઘરો) પણ પાંચ પ્રકારનાં હોય છે. ૧-ઉત્તિંગ જાતિના જમીન કોતરીને અંદર પોલાણ કરીને રહેનારા જીવો ગધૈયાના આકારવાળા હોય છે. ૨-પાણી સુકાઈ ગયા પછી જળાશયોની પૃથ્વીમાં ફાટો પડે છે તેને 'ભૃગુ' કહેવાય છે, તેમાં અનેક જાતિનાં જીવો રહે છે. ૩-સરળ બીલ, તે પૃથ્વીમાં ઊંડાં હોય છે, વિવિધ જાતિનાં જીવો પૃથ્વી ખોદીને તેવા દર કરીને અંદર રહે છે. ૪-તાલમૂળના આકાર જેવું બીલ, તે ઉપરથી બહુ નાનું હોવા છતાં અંદર મોટું પહોળું હોય. તેમાં પણ વિવિધ જીવો રહે છે.

**૭-સૂક્ષ્મ વનસ્પતિ** પણ પૃથ્વીના સમાન વર્ણવાળી હોય છે અને અવાન્તર અનેકાનેક વર્ણવાળી હોય છે. વર્ષાના પ્રારંભમાં એવા સૂક્ષ્મ અંકુરાઓ ઊગે છે કે જે સૂક્ષ્મ દૃષ્ટિએ જોવા છતાં કષ્ટથી જ દેખાય.

**૮-સૂક્ષ્મ ઈંડાનાં** પણ પાંચ પ્રકારો કહ્યા છે. ૧-મધમાખી, માંકડ વગેરેનાં ઉદ્દંશઅંડ, ૨-કરોળિયા વગેરેનાં

ઉત્કલિકાઅંડ, ૩-કીડીઓનાં ઈંડાંને પિપીલિકાઅંડ, ૪-ઘીરોલીનાં (બ્રાહ્મણીનાં) ઈંડાંને હલિકાઅંડ અને ૫-કાકિંડીનાં ઈંડાંને હલ્લોલિકા અંડ કહે છે. એના ઉપલક્ષણાથી બીજા પણ બેઈન્દ્રિયાદિ વિવિધ સંમૂર્છિમ જીવોનાં ઈંડાં સમજી લેવાં. ઈંડાં જીવને ઉત્પન્ન થવાની યોનિ રૂપે સચિત્ત હોય છે તે પ્રત્યેકને ગુરૂગમથી ઓળખવાં જોઈએ.

આ આઠે પ્રકારના જીવોનાં સૂક્ષ્મ સ્થાનોને જાણ્યા વિના યથાર્થ અહિંસા (દયા) થઈ શકે નહિ. એ માટે સર્વથા પ્રાણાતિપાતના ત્યાગી સાધુને એનું જ્ઞાન આવશ્યક છે. એ જ્ઞાન વિનાનો સાધુ, વિશિષ્ટ જ્ઞાનીની નિશ્રા વિના બેસવા-ઉઠવા કે જવા-આવવાનો અધિકારી ગણાય નહિ. કારણ કે પૂર્વે કહ્યું તેમ 'જે જીવને જાણે નહિ, અજીવને જાણે નહિ, કે જીવાજીવને જાણે નહિ તે કેવી રીતે સંયમને જાણી (પાળી) શકે ?' આ કારણે વિશિષ્ટજ્ઞાન મેળવ્યા વિના ગુરુથી અલગ રહેવાનો નિષેધ કરેલો છે. જિનાજ્ઞાનો અનાદર કરીને સંયમની રક્ષા કોઈ કદી કરી શક્યું નથી, ઊલટું ભવભ્રમણ વધે, માટે ઉપકારી જ્ઞાની પુરુષોએ તે તે જ્ઞાન પ્રાપ્ત કરવા ભારપૂર્વક જણાવ્યું છે. ૧૫

**એવમેઆણિ જાણિત્તા, સવ્વભાવેણ સંજએ ।**
**અપ્પમત્તો જએ નિચ્ચં, સવ્વિંદિઅસમાહિએ ।।૧૬।।**

એ પ્રકારે આઠ સૂક્ષ્મને જાણીને સર્વ ઈન્દ્રિયોથી ઉપશમવાળો (શબ્દાદિ તે તે વિષયોમાં રાગ-દ્વેષ નહિ કરતો) સંયત-સાધુ સવ્વભાવેણ-સર્વભાવથી (શક્તિને ગોપવ્યા વિના) અપ્પમત્તો-નિદ્રાદિ પ્રમાદ તજીને નિત્ય (મન, વચન, કાયાથી સર્વ જીવોની રક્ષામાં) જએ-પ્રયત્ન કરે. (૧૬)

વસતિમાં એ પ્રયત્ન કેવી રીતે કરે ? તે કહે છે કે -

**ધુવં ચ પડિલેહિજ્જા, જોગસા પાયકંબલં ।**
**સિજ્જમુચ્ચારભૂમિં ચ, સંથારં અદુવાસણં ।।૧૭।।**

સાધુ જોગસા-છતે યોગે (સામર્થ્ય હોય ત્યાં સુધી) ધુવં-ધ્રુવં (નિત્ય-અવશ્ય) પાયકંબલં-પાત્રને, કાંબળને, સિજ્જં-શય્યાને, ઉચ્ચારભૂમિં-લઘુ-વડીનીતિની ભૂમિને, સંથારં-સંથારાને, અદુવાસણં-અથવા આસનને પડિલેહે. (૧૭)

રોગાદિ કારણે કે સામર્થ્ય હણાયું હોય ત્યારે અન્ય સાધુઓને તેનાં વસ્ત્રાદિ પડિલેહવાનો અધિકાર હોવાથી અહીં 'સામર્થ્ય હોય ત્યાં સુધી' કહ્યું. એથી સાધુ છતે સામર્થ્યે બીજાની

પાસે કામ કરવવા ઈચ્છે નહિ, પણ બીજા વૈયાવચ્ચાદિ કરનાર નિર્જરાના અર્થે કરે તો નિષેધ ન કરે. પાત્રથી સર્વ પાત્રોનું અને કાંબળથી સર્વ વસ્ત્રોનું પ્રતિલેખન ઉભય ટાઈમ કરવાનું સમજવું. શય્યા એટલે વસતિ ઉપાશ્રયનું પડિલેહણ કાજો ઉદ્ધરીને જીવોનો ઉપદ્રવ ન હોય તો વિધિપૂર્વક ઋતુબદ્ધકાળે બે વખત અને વર્ષાકાળે ત્રણ વખત કરે. જીવોનો ઉપદ્રવ હોય તો વારંવાર કરે. લઘુ-વડિનીતિની ભૂમિ ૧-અનાપાત અસંલોક, ૨-અનુપઘાત, ૩-સમ, ૪-અશુષિર, ૫-અચિરકાલકૃત, ૬-વિસ્તીર્ણ, ૭-દૂરાવગાઢ, ૮-અનાસન્ન, ૯-બીલવર્જિત અને ૧૦-ત્રસ-પ્રાણ-બીજાદિ રહિત, એ દસ ગુણો અને તેના સંયોગી ભાંગાઓવાળી શુદ્ધ મેળવવી, તે તેનું પડિલેહણ સમજવું. આ ગુણો અને ભાંગાઓનું સ્વરૂપ ધર્મસંગ્રહ ભાષાન્તર ભાગ બીજાના પૃ-૧૬૪ થી છે, તે ઉપરાંત સ્થંડિલ માટે બીજો પણ વિધિ જાણવો યોગ્ય છે, તે ત્યાંથી જોઈ લેવો. સર્વ વસ્ત્રો કહેવા છતાં સંથારો જુદો કહ્યો તેથી સંથારાનું એટલે તૃણ કે પાટનું પડિલેહણ સમજવું અને આસનથી પાટલા વગેરે સમજવા.

'પ્રતિલેખના' સંસ્કૃત અને પડિલેહણા પ્રાકૃત ભાષાનો જૈનોનો પારિભાષિક શબ્દ છે, તે વસ્ત્ર-પાત્રાદિ વસ્તુને વારંવાર જોવાના અર્થમાં વપરાય છે. આ ક્રિયાનું મહત્ત્વ-રહસ્ય ઘણું છે. વર્તમાનમાં પ્રતિદિન પ્રતિલેખન કરનારા જૈનોમાં પણ તેને સમજનારા ઓછા થતા જાય છે. કેટલાક તો તેને માત્ર કાયકલેશ સમજવાથી કરવા છતાં ફળથી વંચિત રહે છે. પ્રતિલેખનામાં સામાન્ય હેતુઓ 'જીવરક્ષા અને જિનાજ્ઞાનું પાલન છે' અને મુખ્ય હેતુ 'મન-મર્કટને વશ કરવું' તે છે. મનને વશ કરવા માટે વસ્ત્રાદિની પ્રતિલેખના કરતી વેળા તે બોલો બોલવાનું વિધાન છે. તે ૫૦ બોલો કયા, કેવી રીતે, કયા સ્થાનને સ્પર્શીને બોલવા ? તેનું વર્ણન ધર્મસંગ્રહ વગેરે અન્ય ગ્રન્થોમાંથી જાણી લેવું. અહીં એનું રહસ્ય કંઈક માત્ર કહીએ છીએ.

'સૂત્ર-અર્થ તત્ત્વ કરી સદ્દહુ' વગેરે ૫૦ બોલનો સામાન્ય અર્થ વિચારતાં સમજાય તેવું છે કે - એ માત્ર બોલ નથી, પણ આત્મશુદ્ધિ કરવા ઉપરાંત આત્માને સંયમમાં સ્થિર કરનારા મહામંત્રો છે. પ્રતિલેખના માત્ર વસ્ત્ર-પાત્રને લાગેલી રજ વગેરે દૂર કરવા પૂરતી જ નથી. જિનેશ્વરોએ કહેલાં પ્રત્યેક અનુષ્ઠાનોમાં આત્મશુદ્ધિનો ઉદ્દેશ રહેલો છે. શ્રી જિનેશ્વરોએ

કહેલી અને ગણધરભગવંતોથી માંડીને આજ સુધીના મહાન્ ઋષિઓએ-જ્ઞાનીઓએ આચરેલી એ ક્રિયા કોઈ વિશિષ્ટ રહસ્યપૂર્ણ હોવી જોઈએ, એટલી શ્રદ્ધા તો અવશ્ય જોઈએ. પ્રતિલેખના કરતાં તે તે અંગોને વસ્ત્રનો સ્પર્શ કરવાપૂર્વક બોલાતા બોલો 'પરિહરું' શબ્દ તે તે દોષોનો નાશ અને 'આદરું' શબ્દ ગુણોનો પ્રાદુર્ભાવ કરનાર છે.

જીવને હાસ્ય, શોક, રતિ, અરતિ, ભય, દુર્ગંછા વગેરે ભાવો તે તે પ્રકારના નામવાળા મોહનીય કર્મના ઉદયથી થાય છે, આ કર્મોપુદ્ગલ-રજસ્વરૂપ છે. જેમ વસ્ત્રના છેડાથી રજ દૂર કરી શકાય છે તેમ પ્રતિલેખનથી કર્મરૂપી રજ દૂર થઈ શકે છે, જેમ શરીરનાં અમુક અંગોને સ્પર્શવાથી કામવાસના, હર્ષ, શોક, અભિમાન કે રોષ વગેરેની લાગણી પ્રગટે છે, તેમ પ્રતિલેખના કરતાં મુહપત્તિ આદિથી તે તે અંગોને સ્પર્શ કરવાથી તે તે દોષો દૂર થાય એ યુક્તિસંગત છે.

વર્તમાનમાં 'મસમેરિઝમ'ની પ્રક્રિયાથી પુરવાર થયેલું આ તત્ત્વ છે. તેને અનુસરીને રોગાદિની શાન્તિ માટે કેટલાક વ્યવહારો આજે લોક પણ કરે છે. જેમ કે નેત્રમાં લાગેલા

ઝોકા વગેરેની લાલાશ, સાપ-વીંછી આદિનાં ઝેર, ભૂત-પ્રેતાદિના વળગાડ, ગરમીથી લાગેલી લૂ, ઈત્યાદિને ઉતારવા વસ્ત્રના છેડાથી તે તે અંગોનો સ્પર્શ કરીને મંત્રોચ્ચાર કરાય છે, અને તેથી લાભ પણ થાય છે. માતા પુત્રના શરીરે કે માલિક પોતાના ઘોડા, બળદ, ગાય, ભેંસ, વગેરે પશુઓની ઉપર પ્રેમપૂર્વક હાથ ફેરવે છે તો તેઓના શોક, થાક વગેરે દૂર થાય છે અને પ્રસન્નતા પ્રગટે છે, વગેરે અનુભવસિદ્ધ છે.

ધાર્મિક અનુષ્ઠાનોમાં પણ આવો વ્યવહાર ચાલે છે. જેમ કે- બ્રાહ્મણો ગાયત્રીના જાપ વખતે હાથથી અંગોને સ્પર્શે છે. કોઈ ડાંભ નામની વનસ્પતિથી તો કોઈ શ્રુતિથી અંગોને સ્પર્શે છે. મુસલમાનો નમાજ પઢતાં પઢતાં જુદી જુદી રીતે અંગોને સ્પર્શે છે. જૈનો આત્મરક્ષાદિ સ્તોત્રોનો ઉચ્ચાર કરીને વિવિધ અંગોને સ્પર્શે છે, એમ ધર્મક્રિયાઓમાં પણ અંગસ્પર્શ કરાય છે અને તે દરેકથી લાભ પણ થાય છે. લાભ ન થાય તેને તે વિષયનું જ્ઞાન અથવા શ્રદ્ધાની ખામી કારણભૂત છે, આ હકીકત આબાલ-ગોપાલ-પ્રસિદ્ધ હોવા સાથે મોટા જ્ઞાનીઓએ આજ સુધી માનેલી અને આચરેલી છે.

પ્રતિલેખના કરતાં અંગસ્પર્શાદિ કરવા સાથે તે તે બોલોને (મંત્રોને) બોલવામાં પણ આ હેતુ છે. તે તે અંગોને મુખવસ્ત્રિકાદિથી સ્પર્શ કરવાપૂર્વક તે તે બોલને બોલવાથી તે તે દોષો ટળે છે અને ગુણો પ્રગટે છે. શ્રી જિનકથિત ભાવો કદાપિ મિથ્યા થયા નથી અને થવાના નથી. આજે પણ તે સફળ છે. માત્ર જ્ઞાન અને શ્રદ્ધાપૂર્વક આદરથી તે તે આચારોનું પાલન જોઈએ. જૈનશાસ્ત્રપ્રસિદ્ધ મહાત્મા વલ્કલચિરી જૈન દીક્ષા વિના પણ કેવળજ્ઞાન પામ્યા તે પૂર્વજન્મની પ્રતિલેખનાની ક્રિયાના ઉત્તમ સંસ્કારોનું ફળ હતું, એ વાત પ્રસિદ્ધ છે. એ કારણે શ્રાવકને પૌષધાદિમાં અને સાધુને પ્રતિદિન બે વાર પ્રતિલેખના કરવાનું વિધાન ઘણું ઉપકારક છે. મનોગુપ્તિ અને અહિંસાનું પાલન કરવા માટે પ્રતિલેખના અનન્ય આલંબન છે. એના રહસ્યને સમજીને બોલ બોલવાપૂર્વક યોગ્ય સમયે ઉપયોગ પૂર્વક-પ્રતિદિન પ્રતિલેખના કરવાથી ઘણી કર્મનિર્જરા થાય છે. વગેરે સ્વયં વિચારવા યોગ્ય છે. ૧૭

**ઉચ્ચારં પાસવણ, ખેલં સિંધાણજલ્લિઅં ।**
**ફાસુઅં પડિલેહિત્તા, પરિટ્ઠાવિજ્જ સંજએ ।।૧૮।।**

ઉચ્ચારં-વડીનીતિને, પાસવણં-લઘુનીતિને, ખેલં-શ્લેષ્મને (થૂંક-બળખા વગેરેને), સિંઘાણ-નાસિકાના મેલને (લીંટને) અને જલ્લિઅં-શરીરના મેલને, સંયત-સાધુ ફાસુઅં-પ્રાસુક (ત્રસ-સ્થાવરાદિ જીવ રહિત અચિત્ત) ભૂમિને પડિલેહિત્તા-જોઈને ત્યાં પરિટ્ઠાવિજ્જ-પરઠવે.

પરઠવવું એટલે યોગ્ય સ્થળે, તેના સ્વામિની અનુમતિપૂર્વક જીવહિંસા કે અન્યને અપ્રીતિ આદિ ન થાય તેમ, શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે નિરુપયોગી વસ્તુને તજી દેવી. આ ક્રિયાને કરતાં જ્ઞાની મુનિને સવિશેષ નિર્જરા થાય છે. ઢંઢણ મુનિ અકલ્પ્ય આહારને પરઠવતાં શુભધ્યાનારૂઢ થઈને કેવલજ્ઞાની બન્યા હતા, તેમ અન્ય સાધુને પણ પરઠવવાની ક્રિયાથી મોટો લાભ થાય છે. પરઠવવા માટે મુખ્યતયા ગીતાર્થ-જ્ઞાની અધિકારી છે. પરઠવવાની વસ્તુ સચિત્ત, અચિત્ત, તે પણ અન્યના ઉપયોગમાં આવે તેવી, કે અપ્રીતિ થાય તેવી, વિવિધ પ્રકારની હોવાથી તેને પરઠવવાનો વિધિ પણ ભિન્ન ભિન્ન છે, એને જે ગુરુગમથી અને શાસ્ત્રાભ્યાસથી જાણે તે પરઠવવાનો અધિકારી ગણાય છે. ૧૮

**હવે ગોચરી ગએલો કેવો પ્રયત્ન કરે તે કહે છે -**

**પવિસિત્તુ પરાગારં, પાણટ્ઠા ભોઅણસ્સ વા ।**
**જયં ચિટ્ઠે મિઅં ભાસે, ન ય રૂવેસુ મણં કરે ।।૧૯।।**

ભોઅણસ્સ-ભોજનના કે પાણટ્ઠા-પાણીના અર્થે પરાગારં-ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરીને (ઉત્તમ મુનિ) યતનાપૂર્વક ઊભો રહે, મિઅં-પ્રમાણોપેત (અલ્પ) બોલે, અને ગૃહસ્થની સ્ત્રી આદિના રૂવેસુ-રૂપમાં મણં ન કરે-મનને ન લગાડે. (૧૯)

ઊભો રહેલો સાધુ ગવાક્ષ, ઓરડા, હાટિયાં, કબાટ વગેરેને ન જુવે, જરૂર પડે તો વાક્યશુદ્ધિને અનુસારે થોડા શબ્દો બોલે અને દાત્રીનાં અંગોપાંગાદિને આસક્તિપૂર્વક ન જુવે. કિન્તુ તેના હાથ, વસ્ત્રાદિ સચિત્ત પાણી આદિથી ખરડાએલા ન હોય તે ઉદ્દેશાથી જુવે પણ રાગ ન કરે. ભોજન અને પાણી માટે કહ્યું, તેના ઉપલક્ષણથી ગ્લાનાદિના ઔષધ વગેરે માટે જાય. એ સિવાય ગૃહસ્થના ઘેર જવા-આવવાનો સાધુનો આચાર નથી. ૧૯

**બહું સુણેહિ કણ્ણેહિં, બહું અચ્છીહિં પિચ્છઇ ।**
**ન ય દિટ્ઠં સુઅં સવ્વં, ભિક્ખૂ અક્ખાઉમરહઇ ।।૨૦।।**

(ગોચરી ગએલા મુનિને કોઈ તેવું પૂછે તો તે કહે કે બહું- ઘણું (સારું-ખોટું અનેક પ્રકારનું) કણ્ણેહિં-કર્ણો વડે સુણેહિ- સાંભળે અને ઘણું (સારું-ખોટું) અચ્છીહિં-નેત્રોથી જુવે, તે જોએલું અને સાંભળેલું સર્વ અકખાઉં-કહેવા માટે ભિક્ષુ અરહઇ-અધિકારી નથી. (૨૦)

ગૃહસ્થને પણ જાણેલું સઘળું બોલવામાં લાભ ન થાય, તેનો ગૃહસ્થાશ્રમ કે વ્યાપાર-વણાજ ચાલે નહિ, માટે હિતકર હોય તે જ તેટલું બોલે, તો જેણે પોતાના સ્વાર્થ માટે પણ કોઈનું અહિત ન કરવાની પ્રતિજ્ઞા કરી હોય તે સાધુ તો સઘળું બોલે જ કેમ ? મનુષ્યને અધોવસ્ત્ર પહેર્યા વિના ચાલે જ નહિ અને વિના કારણ ઉપરનાં અંગો પણ ખુલ્લાં રખાય નહિ, તેમાં પણ આ રહસ્ય રહેલું છે. ગુહ્યભાગને સદૈવ છુપાવવો અને કારણે જ ઉપરનાં અંગો ખુલ્લાં રાખવાની જેમ અહિતકર બાબતોને જાણવા છતાં કદાપિ પ્રગટ ન કરવી અને હિતકર પણ દરેકને નહિ કહેતાં જેને હિત થાય તેને જ જણાવવી, એ સ્વ-પર હિતકારી વ્યવહાર છે. બીજાનાં દૂષણોને 'નગ્ન સત્ય'નો આરોપ કરીને બોલવાં તે સત્યને કલંકિત કરવા જેવી અજ્ઞાનમૂલક ચેષ્ટા છે. ૨૦

**સુઅં વા જઇ વા દિટ્ઠં, ન લવિજ્જોવઘાઇઅં ।**
**ન ય કેણ(ઇ) ઉવાએણં, ગિહિજોગં સમાયરે ।।૨૧।।**

(બીજાના મુખે) સાંભળ્યું હોય, કે સ્વયં દેખ્યું હોય તે (પણ ઉવઘાઇઅં-ઉપઘાતકારક (સ્વ-પર હાનિકારક 'તું ચોર છે' વગેરે વચન) ન લવિજ્જ-ન બોલે, જઇ વા-અથવા (કોઈપણ) ઉવાએણં-ઉપાયથી (કારણથી) ગિહિજોગં-ગૃહસ્થના સંબંધને (તેનાં બાળકોને રમાડવાં વગેરે) ન સમાયરે-ન કરે. (૨૧)

દુષ્ટભાવો વિષ્ટાની જેમ દુર્ગંધ ફેલાવીને સાંભળનારામાં રાગ-દ્વેષ વગેરે આત્માના રોગોને વધારે છે અને શુભભાવો પુષ્પોની જેમ સુવાસ ફેલાવી ક્ષમાદિ આરોગ્યને પ્રગટ કરે છે, માટે વિષ્ટાદિની જેમ અશુભ બાબતોને દાટવી-છૂપાવવી-ભૂલી જવી જોઈએ, અને આત્મહિત થાય તેવી શુભ બાબતોને પણ વિધિપૂર્વક કહેવી જોઈએ. બાળકને રમાડવાં વગેરેથી ગૃહસ્થોનો પરિચય અને રાગ વધવાથી પરિણામે સંયમનો ઘાત થાય માટે તે પણ નહિ કરવું. ૨૧

**હવે સરસ-નિરસ આહારાદિ પ્રાપ્તિને અંગે કહે છે -**

**નિટ્ઠાણં રસનિજ્જૂઢં, ભદ્દગં પાવગં તિ વા ।**
**પુટ્ઠો વા વિ અપુટ્ઠો વા, લાભાલાભં ન નિદ્દિસે ।।૨૨।।**

સાધુ નિટ્ઠાણં-(સર્વ ગુણ-સ્વાદ યુક્ત) શ્રેષ્ઠ અન્નને આ ભદ્દગં-સારું છે, કે રસનિજ્જૂઢં-(ગુણ-સ્વાદ રહિત) કનિષ્ઠ અન્નને આ પાવગં-પાપ છે (નિરસ-વિરસ છે), તિ-એમ બીજાથી પુટ્ઠો-પુછાએલો કે અપુટ્ઠો-નહિ પુછાએલો (સ્વયં) સારી-ખરાબ વસ્તુના લાભાલાભને ન નિદ્દિસે-ન જણાવે. (૨૨)

અન્નાદિ ભોગ્ય વસ્તુને પ્રત્યે રાગ-દ્વેષ કરવાથી પોતાને અને સારું ખોટું કહેવાથી સાંભળનારને રાગ-દ્વેષાદિ થાય. સારું મેળવવા કે મળેલું ખરાબ જાણી પરઠવવા વગેરેમાં જિનાજ્ઞા વિરુદ્ધ વર્તન થાય, નિન્દા-પ્રશંસા કરવાથી સાધુની હલકાઈ થાય, અને દાતારને પણ અપ્રીતિ આદિ થાય, વગેરે દોષો જાણવા. ૨૨

**ન ય ભોયણંમિ ગિદ્ધો, ચરે ઉંછં અયંપિરો ।**
**અફાસુઅં ન ભૂંજિજ્જા, કીઅમુદ્દેસિઆહડં ।।૨૩।।**

ભોજનમાં ગિદ્ધો-ગૃદ્ધ (આસક્ત) થઈને (સારી વસ્તુ મેળવવા ગૃહસ્થોને પ્રસન્ન કરતો ગોચરી માટે) ન ફરે, કિન્તુ ઉંછં-મૌનપણે માટે 'ધર્મલાભ' સિવાય બીજું અયંપિરો-નહિ બોલતો ફરે. કદાચિત્ અફાસુઅં-અપ્રાસુક (સચિત્ત કે મિશ્ર ભોજન આવી જાય, તો તેને) અને ક્રીત ઔદ્દેશિક તથા અભ્યાહૃતદોષવાળું અને વિશોધિકોટી દોષવાળું પણ ન ભુંજિજ્જા-ખાય નહિ. (૨૩)

મૌનપણે એટલે જ્ઞાત-અજ્ઞાત બીજી કોઈ વાતો નહિ કરતો ફરે. અપ્રાસુકાદિના ઉપલક્ષણાથી સર્વ અવિશોધિકોટી દોષવાળું અને વિશોધિકોટી દોષવાળું પણ ન ખાય. ગાઢ કારણે તો અવિશોધિકોટીનો તેટલો અંશ તજીને શેષ વાપરે, એમ સમજવું. ૨૩

**સંનિહિં ચ ન કુવ્વિજ્જા, અણુમાયં પિ સંજએ ।**
**મુહાજીવી અસંબદ્ધે, હવિજ્જ જગનિસ્સિએ ।।૨૪।।**

સંયત, મુધાજીવી અને ગૃહસ્થોની સાથે અસંબદ્ધે-સંબંધ વિનાનો સાધુ અણુમાત્ર પણ સંનિધિને કરે નહિ, કિન્તુ જગનિસ્સિએ-જગનિશ્રિત (ત્રસ-સ્થાવર-જીવોની રક્ષામાં દત્તચિત્ત) હવિજ્જ-બને. (૨૪)

સંયત-સમાધિવંત, અસંબદ્ધ-પદ્મિનીના પત્રમાં પાણીનો લેપ લાગે નહિ તેમ ગૃહસ્થના સંસર્ગમાં આવવા છતાં સંબંધ વિનાનો ધનિક કે સામાન્ય કુળોમાં રાગ-દ્વેષ વિના સમદૃષ્ટિએ વર્તે. મુધાજીવીનું સ્વરૂપ પૂર્વે પૃ.૧૨૧ માં કહ્યા પ્રમાણે સમજવું. ૨૪

**લૂહવિત્તી સુસંતુટ્ઠે, અપ્પિચ્છે સુહરે સિઆ ।**
**આસુરત્તં ન ગચ્છિજ્જા, સુચ્ચા ણં જિણસાસણં ।।૨૫।।**

લૂહવિત્તી-રૂક્ષવૃત્તિ (વાલ-ચણાદિ રૂક્ષ વસ્તુઓથી સુસંતુટ્ઠે-સુસંતોષી, ઊણોદરિતા કરવાના ધ્યેયથી અપ્પિચ્છે-અલ્પ ઈચ્છાવાળો (ઉણો રહેનારો) અને તેથી જ દુષ્કાળમાં કે આહારની દુર્લભતાના પ્રસંગે પણ સુહરે-સુભર (ધરાએલો) સિઆ-થાય વળી જિણસાસણં-જિનવચનોને (ક્રોધાદિના કટુક વિપાકોને) સાંભળીને આસુરત્તં-ક્રોધના પરિણામને ન કરે.

રૂક્ષવૃત્તિથી સંતોષ, સંતોષથી અલ્પ ઈચ્છાવાળો અને તેથી ધરાએલો (પ્રસન્ન), એમ ઉત્તરોત્તર લાભ થાય, એવો પણ અર્થ સમજવો. તથા ક્રોધના ઉપલક્ષણથી માનાદિ કષાયોને ન કરે એમ પણ સમજવું. વિના કારણે કોઈ આક્રોશ કરે

તો પણ પોતાનાં પૂર્વકૃત કર્મોનો ઉદય સમજી ઉપશાન્ત રહે. ૨૫

**કન્નસુક્ખેહિં સદ્દેહિં, પેમ્મં નાભિનિવેસએ ।**
**દારુણ કક્કસં ફાસં, કાએણ અહિઆસએ ।।૨૬।।**

વીણા-વાંસળી વગેરેના કે પ્રશંસાના કન્નસુક્ખેહિં-કાનને સુખ આપનાર શબ્દો સાંભળવાથી પેમ્મં-રાગને ન અભિનિવેસએ-વશ ન થાય (ન કરે) અને દારુણં-અનિષ્ટ તથા કક્કસં-કઠોર ફાસં-સ્પર્શને (કોઈ કરે, કે થાય તો પણ) કાયાથી અહિઆસએ-સહન કરે. (દ્વેષ ન કરે.) (૨૬)

અહીં શબ્દ અને સ્પર્શ એ પહેલા અને છેલ્લા બે વિષયોને કહેવાથી મધ્યના રૂપ-રસ-ગંધ પણ સમજી લેવા. અર્થાત્ પાંચે ઈન્દ્રિયોના ઈષ્ટ-અનિષ્ટ વિષયોમાં રાગ-દ્વેષ નહિ કરતો સામાયિકની (સમતાની) રક્ષા કરે. ૨૬

**ખુહં પિવાસં દુસ્સિજ્જં, સીઉણ્હં અરઇં ભયં ।**
**અહિઆસે અવ્વહિઓ, દેહદુક્ખં મહાફલં ।।૨૭।।**

ક્ષુધાને, તૃષાને, ખાડા–ટેકરા કે ઠંડી–ગરમીવાળા દુસ્સિજ્જં–દુઃખદ ઉપાશ્રયને, સીઉણ્હં–ઠંડીને અને ગરમીને (મોહનીયના ઉદયરૂપ) અરતિને, તથા (વ્યાઘ્ર વગેરેના) ભયને, અવ્વહિઓ–અવ્યથિત (દીન થયા વિના) સત્ત્વથી અહિઆસે–સહન કરે. એવું ચિંતવે કે દેહનું દુઃખ (સહવું તે) આત્માને મહાફળદાયી છે. (૨૭)

પરિષહો સહન કરવા એ જ સશક્ત અને નીરોગી શરીરનું તથા બુદ્ધિનું ફળ છે. શારીરિક સુખની ઈચ્છા મોહજન્ય છે, માટે સાધુએ વિવિધ પરિસહોને સહવા જોઈએ, એવું વિધાન છે. એને સહવાથી મોહનું જોર ઘટે છે, જીવને **સર્વથી અધિક રાગ શરીર ઉપર છે અને તેનો સર્વથી અધિક દ્રોહ શરીર કરે છે**, આ વિષમતામાંથી ઉગરવા માટે મહાવ્રતોના પાલન વગેરેની જેમ ઈરાદાપૂર્વક પરીષહો સહવા અને એ માટે વિવિધ અભિગ્રહો કરવા, એ સાધુનો આચાર છે. અહીં દેહના દુઃખને સહવું મહાફળદાયી કહ્યું, તેનું કારણ એ છે કે–શરીર આત્માનું સર્વાધિક અહિત કરે છે. ૨૭

**અત્થંગયંમિ આઇચ્ચે, પુરત્થા અ અણુગ્ગએ ।**
**આહારમઇઅં સવ્વં, મણસા વિ ન પત્થએ ।।૨૮।।**

આઇચ્ચે-સૂર્ય અત્થંગયંમિ-અસ્ત થયે છતે અને પુરત્થા-પૂર્વ દિશામાં અણુગ્ગએ-ઊગ્યા પૂર્વે આહારમઇઅં-આહારાત્મક (અશન-પાન-આદિમ-સ્વાદિમ) સવ્વં-સર્વ મણસા-મનથી પણ ન પત્થએ-ન ઈચ્છે. (૨૮)

**દિવસે પણ આહાર ન મળે તો શું કરવું ?**

**અતિંતિણે અચવલે, અપ્પભાસી મિઆસણે ।**
**હવિજ્જ ઉઅરે દંતે, થોવં લદ્ધું ન ખિંસએ ।।૨૯।।**

સાધુ અતિંતિણે-અંતતિલો (ન મળે તો પણ જેમ તેમ નહિ બોલનારો) અચવલે-સ્થિર (મનવાળો), (કારણે) અલ્પભાષી, તથા મિઆસણે-મિતભોજી (થોડું ભોજન લેનારો) હવિજ્જ-હોય વળી ઉઅરે દંતે-ઉદરને દમનારો (ઓછી વસ્તુથી નિર્વાહ કરનારો) હોવાથી થોડું (અલ્પ ભોજન) લદ્ધું-પામીને (પૂર્ણ ન મળે તો) પણ ભોજનને કે દાતારને ન ખિંસએ-નિન્દે નહિ. (૨૯)

ગાંભીર્ય અને સત્ત્વને કેળવ્યા વિના અજ્ઞાનથી પરિષહો

સહવા છતાં નિર્જરા થતી નથી. ધર્મઅનુષ્ઠાનો કષ્ટદાયી છે, માટે ધર્મપ્રાપ્તિની ભૂમિકારૂપ આ ગુણોની આવશ્યકતા છે. ૨૯

**હવે મદના ત્યાગ માટે કહે છે કે –**

**ન બાહિરં પરિભવે, અત્તાણં ન સમુક્કસે ।**
**સુઅલાભે ન મજ્જિજ્જા, જચ્ચા તવસ્સિબુદ્ધિએ ।।૩૦।।**

બાહિરં–બહારનાનો (પોતાના સિવાય બીજાનો) પરાભવ ન કરે, અત્તાણં–પોતાનો ('હું આવો છું' વગેરે) સમુત્કર્ષ (વડાઈ) ન કરે અને સુઅલાભં–શ્રુતજ્ઞાનની પ્રાપ્તિથી, જચ્ચા–ઉચ્ચ જાતિથી તવસ્સિ–તપસ્વિપણાથી કે વિશિષ્ટ બુદ્ધિએ–બુદ્ધિથી ન મજ્જિજ્જા–મદ ન કરે. (૩૦)

જે જે વિષયમાં મદ થાય તે તે ભાવો અન્ય જન્મમાં હીન મળે છે. કોઈપણ પુણ્યપ્રાપ્ત વસ્તુથી કે આત્મગુણોથી સ્વ-પર કલ્યાણ કરવું, એ જ તેની સફળતા છે. એથી વિરૂદ્ધ પ્રાપ્ત થએલા તે ગુણો કે ઋદ્ધિ વગેરેથી અન્યનો પરાભવ કરવો, મદ કરવો, વગેરે એનો દુરુપયોગ છે અને તેને કલંકિત કરવા તુલ્ય છે. ૩૦

હવે જાણતાં અજાણતાં થએલા દોષને અંગે ઓઘથી કહે છે-

**સે જાણમજાણં વા, કટ્ટુ આહમ્મિઅં પયં ।**
**સંવરે ખિપ્પમપ્પાણં, બીઅં તં ન સમાયરે ।।૩૧।।**

સે-તે સાધુ જાણતાં કે અજાણતાં આહમ્મિઅં-અધાર્મિક (ધર્મવિરુદ્ધ) પયં-સ્થાનને (કોઈ વર્તનને) કટ્ટુ-કરીને શીઘ્ર આત્માને સંવરી લે. (અર્થાત્ મૂલગુણ-ઉત્તરગુણ સંબંધી કોઈ દોષ સેવાય તો તુર્ત તે દુષ્ટભાવથી પાછો ફરીને આલોચનાદિ દ્વારા તેને રોકી દે) અને બીઅં-બીજા (બીજીવાર) તં-તેને ન આચરે-ન કરે. (૩૧)

કોઈપણ ગુણ કે દોષનું સેવન થયા પછી પશ્ચાતાપ, નિન્દા, કે અણગમો પ્રગટે તો તે સેવન નિષ્ફળ થાય છે અને પુન: પુન: સેવન થાય તો તેના સંસ્કારો દૃઢ થવાથી તે તે કર્મોનો અનુબંધ (પારંપારિક બંધ) થાય છે. અર્થાત્ ગુણોનું સેવન વારંવાર કરવાથી અન્ય જન્મોમાં તેના સંસ્કારથી ગુણોનો તીવ્ર પક્ષ થાય અને મરણાન્ત આપત્તિ આવે તો પણ ગુણોનું રક્ષણ કરી શકે છે. એથી વિપરીત દોષો માટે પણ એવું જ બને છે. એ કારણે જ્ઞાનીઓએ દોષો સેવન થતાં તરત જ પ્રાયશ્ચિત વગેરેથી શુદ્ધિ કરીને પુન: તેવા દોષો સેવન ન

કરવા જણાવ્યું છે. પ્રાયશ્ચિત કરવા છતાં વારંવાર એ દોષને સેવવાથી પ્રાયશ્ચિત નિષ્ફળ થાય છે અને પરિણામે નિ:શૂકતા પ્રગટે છે. વસ્તુત: તેટલા જ તીવ્ર પશ્ચાતાપ વિના સાચું પ્રાયશ્ચિત થતું જ નથી, માટે દોષનો પ્રતિપક્ષ અને ગુણનો પક્ષ પ્રગટાવવો જોઈએ. ૩૧

**હવે એ જ વાત ઉપદેશરૂપે કહે છે –**

**અણાચારં પરક્કમ્મ, નેવ ગૂહે ન નિહ્નવે ।**
**સુઈ સયા વિઅડભાવે, અસંસત્તે જિઇંદિએ ।।૩૨।।**

માટે સુઈ-શુદ્ધ (નિર્મળ) આશયવાળો, યથાર્થતયા વિઅડભાવે-ભાવને પ્રગટ કરતો, બાહ્ય પદાર્થોમાં અસંસત્તે-અપ્રતિબદ્ધ અને જિતેન્દ્રિય (એવો સાધુ પૂર્વવાસનાથી કે અનુપયોગાદિથી) કોઈ અનાચારને પરક્કમ્મ-સેવીને પણ (ગુરુથી) નેવ ગૂહે-ગોપવે નહિ અને ન નિહ્નવે-છુપાવે નહિ. (૩૨)

અધૂરું કે અયથાર્થ કહેવું ને ગોપવ્યું અને સર્વથા ન કહેવું તે છૂપાવ્યું કહેવાય, એમ ભેદ સમજવો. ઘરના ચોરનો શરમથી પક્ષ કરી છુપાવે તો ઘરની સંપત્તિનો નાશ થાય,

તેમ આત્માના ચોર-રૂપ દોષોનો પક્ષ કરી લજ્જાથી પણ છુપાવે તો આત્મધનનો નાશ થાય જ. કોઈ અકાર્ય કરતાં પહેલાં શરમાવું તે લજ્જા ગુણ કહેવાય છે. કરેલી ભૂલનું પ્રાયશ્ચિત કરતાં શરમાવું તે લજ્જાગુણ નહિ પણ અપયશના ભયરૂપ હોવાથી દોષ છે. ૩૨

**અમોહં વયણં કુજ્જા, આયરિઅસ્સ મહપ્પણો ।**
**તં પરિગિજ્ઝ વાયાએ, કમ્મુણા ઉવવાગએ ।।33।।**

ઉત્તમ શિષ્ય મહપ્પણો-મહાન્ આત્મા એવા આચાર્યના વચનને અમોહં-અમોઘ (સફળ) કરે. અર્થાત્ તેને વચનથી (તહત્તિ કહીને) પરિગિજ્ઝ-સ્વીકારીને કમ્મુણા-ક્રિયાથી પણ ઉવવાયએ-પૂર્ણ કરે. (33)

શ્રુત-ચારિત્રવંત ગુરુનું વચન (આદેશ કે ઉપદેશ) પ્રાયઃ અમોઘ હોય છે, નિષ્ફળ થતું નથી, માટે તેને સાંભળતાં જ 'તહત્તિ' કહીને સ્વીકારવું અને તે પ્રમાણે આચરણ કરીને સફળ કરવું જોઈએ. 'તહત્તિ' એ એવો મહામંત્ર છે કે તેને ઉચ્ચારતાં તુર્ત જ કર્મો તૂટે છે અને કાર્યમાં સફળતા મળે છે.

**'એવમેઅં, તહમેઅં, અવિતહમેઅં, અસંદિદ્ધમેઅં, ઇચ્છિયમેઅં, પડિચ્છિયમેઅં, ઇચ્છિઅં પડિચ્છિઅમેઅં, એસમટ્ઠે, સચ્ચેણં, સે જહેઅં તુબ્ભે વયહ ત્તિ.'**

અર્થાત્, 'આ એમ જ છે, તેમ જ છે, સત્ય છે, સંદેહ વિનાનું છે, હું એ જ ઈચ્છું છું, વારંવાર ઈચ્છું છું. ઈચ્છું છું અને વારંવાર ઈચ્છું છું, આ સાચું જ છે કે જે તમે કહો છો' વગેરે કલ્પસૂત્રાદિ મૂળ આગમોમાં શબ્દો વિનયરૂપ છે.

વિનયથી તુર્ત વિઘ્નભૂત અંતરાયો તૂટે છે અને કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થાય છે. ઉત્તમ ગુર્વાદિનં વચન ઉત્તમ છતાં તેનો સ્વીકાર કે અમલ કરવાની આવડત ન હોય તો તે નિષ્ફળ બને એટલું જ નહિ, અનાદરથી થતી આશાતના દ્વારા મોહનીયાદિ કર્મોનો બંધ પણ થાય છે. વ્યાખ્યાન સાંભળતાં શ્રાવકો ગુરુના વચનનો વિનયપૂર્વક સ્વીકાર કરવા માટે 'જી' 'જી જી' વગેરે બોલે છે. દશ પ્રકારની સામાચારીમાં 'તહકાર' સામાચારી પણ આ કારણે કહી છે. માટે ગુરુના વચનને નિષ્કપટભાવે આદરપૂર્વક સ્વીકારવું અને એ પ્રમાણે આચરવું, એ સાધુતાને સફળ કરવા માટે ઘણું જરૂરી છે. સંપૂર્ણ શ્રુતધર શ્રી ગૌતમસ્વામીજી પણ વારંવાર પ્રભુ

મહાવીરદેવને પૂછતા અને ઉત્તર સાંભળીને 'તહત્તિ' કહેતા, તો સામાન્ય આત્માએ તો અવશ્ય તેમ કરવું જોઈએ. ૩૩

**અધ્રુવં જીવિઅં નચ્ચા, સિદ્ધિમગ્ગં વિઆણિઆ ।**
**વિણિઅટ્ટિજ્જ ભોએસુ, આઉં પરિમિઅમપ્પણો ।।૩૪।।**

જીવિતને (જીવનને) અધ્રુવં-અનિત્ય જાણીને અને (એ અનિત્ય જીવનમાંથી મુક્ત થવા માટે જે જિનેશ્વરદેવોએ કહેલા સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ) સિદ્ધિના માર્ગને વિઆણિઆ-જાણીને (સમજીને કર્મબંધમાં હેતુભૂત) ભોગોથી વિણિઅટ્ટિજ્જ-નિવૃત્ત થવું (અનાસક્ત રહેવું) કારણ કે અપ્પણો-આપણું આયુષ્ય પરિમિત છે. (૩૪)

કાળની પાળ અતર્કિત ક્યારે આવશે, તે જ્ઞાની વિના જાણી શકાય તેમ નથી અને મરણ પછી આ પુનઃ ધર્મસામગ્રી મળવી સુલભ નથી. કારણ કે સારી આરાધના કરનારને પ્રાયઃ દેવનો ભવ મળે અને ન કરનારને તિર્યંચ વગેરે ગતિ મળે. અર્થાત્ મનુષ્યપણામાંથી મનુષ્ય થવું એ દેવભવ કરતાંય દુર્લભ છે. છતાં કદાચ મનુષ્યભવ મળે તો પણ આર્યદેશ, ઉત્તમકુળ, વગેરે ધર્મસામગ્રી તો એક કરતાં એક અધિકતર દુર્લભ છે. માટે મળેલી સામગ્રીને પ્રમાદ

તજી સફળ કરી લેવાની જ્ઞાનીઓએ ભલામણ કરેલી છે. ૩૪

**બલં થામં ચ પેહાએ, સદ્ધામારુગ્ગમપ્પણો ।**
**ખિત્તં કાલં ચ વિન્નાય, તહડપ્પાણ નિજુજએ ।।૩૫।।**

અપ્પણો-પોતાના બલં-મનોબળને, થામં-શરીરબળને, શ્રદ્ધાને તથા આરોગ્યને સમજીને અને વર્તમાનક્ષેત્ર-કાળને જાણીને (ઓળખીને) અપ્પાણં-આત્માને તહા-તે તે રીતે (આરાધનામાં) નિજુંજએ-જોડવો જોઈએ. (આ ગાથા ટીકામાં નથી, માટે પ્રક્ષપ્તિ સંભવે છે.) (૩૫)

મનોબળ અને શરીરબળ બે પરસ્પર બાધક ન થતાં સહાયક થાય તે રીતે આરાધના કરવી જોઈએ. અન્યથા મનની ઈચ્છાઓ તીવ્ર છતાં શરીરબળ ન પહોંચે તેવું કાર્ય કરવાથી શરીર થાકે કે રોગી થાય, શરીરબળ અધિક હોય છતાં મનને ગમતું ન હોય તેવું કરવાથી મન દુર્ધ્યાનથી તેને નિષ્ફળ કરે અને આક્રમણ કરીને પરિણામે આરાધના છોડાવી દે. માટે જ્ઞાનથી મનને સમજાવીને મનમાં ભાવના પ્રગટાવીને શરીર ન બગડે-ન થાકે તે રીતે પ્રત્યેક કાર્યો કરવાં. જો કે પ્રત્યેક વ્યક્તિ માટે આ માર્ગ નથી, તો પણ

બન્નેનાં બળને અનુસરવું તે રાજમાર્ગ છે. કોઈ વાર મન ન માને તેવું, કે શરીરબળ ન પહોંચે તેવું પણ કરવાથી લાભ થાય; છતાં એ રાજમાર્ગ નથી; અપવાદ માર્ગ છે. અહીં બળ અને થામ બન્નેને જોવાં તે રાજમાર્ગ બતાવ્યો છે.

શ્રદ્ધા અને આરોગ્ય માટે પણ એ જ કરવા યોગ્ય છે. માટે ચારેના બળાબળને વિચારવું. 'ક્ષેત્ર-કાળ' વિચારવાનું કારણ એ છે કે પ્રત્યેક ક્ષેત્ર કે પ્રત્યેક કાળમાં કર્તવ્ય એકસરખું હોતું નથી. કાળાદિ બદલાય ત્યારે કર્તવ્ય અકર્તવ્ય અને અકર્તવ્ય પણ કર્તવ્ય બની જાય છે. માટે પ્રત્યેક ક્ષેત્રમાં કે પ્રત્યેક કાળમાં દૃષ્ટિ આત્મહિત સામે રાખી આરાધના જેમ નિર્વિઘ્ને થઈ શકે તેમ વર્તવું. ભયના સમયે ઘરને કે તિજોરીને વધારે સંભાળવાં જરૂરી છે, તેમ કાળ વગેરે ભાવો જેમ જેમ હીન થતા જાય તેમ તેમ આત્મા લૂંટાય નહિ, આરાધના નિર્વિઘ્ને થઈ શકે અને મોહાદિનું આક્રમણ અટકાવી શકાય, તેવી મર્યાદાઓ મજબૂત કરવી જોઈએ, ઘણું કરવાના પણ ધ્યેયથી મર્યાદાઓને ઢીલી કરવાથી આખરે સર્વનાશ થાય છે અને મર્યાદાઓ મજબૂત કરતાં થોડું થાય તો પણ સંગીન-

જિનાજ્ઞાને અનુસરતું થવાથી વધારે ઉપકારક કરે છે. માટે માર્ગાનુસારિણી બુદ્ધિ વડે પરિણામદ્રષ્ટા બનીને વર્તમાન સુધારવું. ૩૫

**જરા જાવ ન પીડેઇ, વાહી જાવ ન વડ્ઢઇ ।**
**જાવિંદિયા ન હાયંતિ, તાવ ધમ્મં સમાયરે ।।૩૬।।**

(વૃદ્ધત્વ, વ્યાધિ અને ઈન્દ્રિયોની ક્ષીણતા ધર્મકાર્યમાં બાધાકારી છે, માટે વયની હાનિરૂપ) જરા જ્યાં સુધી પીડે નહી, (ક્રિયાના સામર્થ્યનો શત્રુ એવો) વ્યાધિ જ્યાં સુધી વધે નહિ અને (ક્રિયાના સામર્થ્યમાં ઉપકારક) ઈન્દ્રિયો જ્યાં સુધી ન હાયંતિ–ક્ષીણ થાય નહિ, ત્યાં સુધી (તે પહેલાં) (ચારિત્ર) ધર્મને સમ્યગ્ આચરવો જોઈએ.

મનના પરિણામ હોવા છતાં જરા, વ્યાધિ અને ઈન્દ્રિયોની ક્ષીણતા થતાં તે સફળ થતાં નથી. એ કારણે જ જ્ઞાનીઓ કહે છે કે 'શુભ મનોરથો લાંબા ટકતા નથી અને ટકે તો પણ સામગ્રી અનિત્ય હોવાથી ટકાવી દુઃશક્ય છે' માટે શુભકાર્યોમાં વિલંબ નહિ કરવો. ૩૬

**એનો ઉપાય કહે છે કે -**

**કોહં માણં ચ માયં ચ, લોભં ચ પાવવડ્ઢણં ।**
**વમે ચત્તારિ દોસે ઉ, ઇચ્છંતો હિઅમપ્પણો ।।૩૭।।**

પાવવડ્ઢણં-પાપને વધારનારા ક્રોધને, માનને, માયાને અને લોભને, એ ચાર દોષોને અપ્પણા-આત્માના હિતને ઈચ્છતો મુનિ વમે-તજે (તેના ઉદયને વશ ન થાય.) કારણ કે એ ચારને તજવાથી સર્વસંપદાઓ સ્વયંમેવ પ્રગટે છે. (૩૭)

**તેને ન તજે તો આ જન્મના વિપરીત ફળ જણાવે છે કે -**

**કોહો પીઇં પણાસેઇ, માણો વિણયનાસણો ।**
**માયા મિત્તાણિ નાસેઇ, લોભો સવ્વવિણાસણો ।।૩૮।।**

ક્રોધ પ્રીતિનો મૂળથી નાશ કરે છે, માન વિનયનો નાશ કરનાર છે, માયા મિત્રોનો નાશ કરે છે અને લોભ સર્વનો નાશ કરે છે. (૩૮)

ક્રોધને વશ થઈને બોલાએલું વચન કે કરેલું વર્તન પ્રીતિને તોડે છે, માનથી વિનય કરવા યોગ્ય ગુરુનો પણ અવિનય થાય છે, કારણ કે વંદન, વૈયાવચ્ચ વગેરે કરવા યોગ્ય પૂજ્યોથી પોતે અલ્પ છે એવું માનવું એ વિનયનું લક્ષણ છે,

માની પ્રાય: સર્વત્ર પોતાને અધિક માનતો હોવાથી 'બીજો પોતાનાથી અધિક છે' એવું સમજી પણ શકતો નથી, પછી માને તો શી રીતે ? એ કારણે માન વિનયઘાતક બને છે. મૈત્રીભાવનું મૂળ સહૃદયતા-નિખાલસપણું છે. માયાવી હૃદય સદાય ચોર હોય છે, તેથી તે મૈત્રી કરે તો પણ ટકી શકતી નથી અને લોભ તો પ્રાય: ક્રોધાદિ ત્રણેનો ઉત્પાદક હોવાથી પ્રીતિ, વિનય, મૈત્રી અને બીજા પણ સર્વગુણોનો ઘાત કરે, એ ઘટિત છે જ. ૩૮

**ઉવસમેણં હણે કોહં, માણં મદ્દવયા જિણે ।**
**માયં ચડજ્જવભાવેણ, લોભં સંતોસઓ જિણે ।।૩૯।।**

(માટે) ક્રોધને ઉપશમભાવથી હણવો, માનને માર્દવથી (નમ્રતાથી) જીતવું, માયાને આર્જવભાવથી (સરળતાથી) જીતવી અને લોભને સંતોષથી જીતવો. (૩૯)

ક્રોધાદિ ભાવો કર્મજન્ય હોવાથી જડ છે અને ઉપશમ વગેરે કર્મની મંદતાથી પ્રગટેલા આત્માના ચૈતન્યરૂપ છે. ઘાસની મોટી ગંજીને એક ચિનગારી બાળી મૂકે તેમ ચૈતન્યનો અંશ પણ જડભાવનો નાશ કરવા સમર્થ છે, માટે ઉદયમાં નહિ આવેલા ક્રોધાદિનો ઉદય રોકીને અને ઉદયમાં આવેલાને

નિષ્ફળ કરીને જીતવા. વસ્તુત: સામાના ક્રોધ-માન-માયા કે લોભ આપણામાં ક્રોધાદિ ભાવો હોય તો જ ખટકે છે. આપણા ક્રોધાદિ પરિણામો મંદ થયા હોય, ઉપશમાદિ ચૈતન્ય પ્રગટયું હોય, તો સામાના ક્રોધાદિથી ઊલટો અધિક લાભ થાય છે. સંગમ અને ચંડકૌશિક જેવા ક્રોધીઓના ક્રોધની સામે પ્રભુ મહાવીરદેવ નિરાકુળ રહી શક્યા, તેમાં તેમનું ઉપશમ બળ સહાયક હતું. ક્રોધની સામે ક્રોધ, કે માનની સામે માન, વગેરે દુર્ગુણની સામે દુર્ગુણને અથડાવવાથી બન્નેમાં દુર્ગુણ વધે અને દુર્ગુણી સામે ગુણનું શસ્ત્ર ધરવાથી પોતાનામાં રહેલા થોડા-નિર્બળ પણ દોષો મૂળમાંથી નાશ થાય અને સામાના પણ દુર્ગુણોને રક્ષણ નહિ મળવાથી ઉઘાડા પડી નાશ પામે. ચંડકૌશિક, સંગમ કે કમઠ જેવાનો જાજ્વલ્યમાન ક્રોધ, બાહુબલીનું પર્વત જેવું માન વગેરે નાશ પામ્યા તેનું કારણ એ હતું કે સામે ગુણોનું શસ્ત્ર ધરવામાં આવ્યું હતું. માટે સ્વ-પર કલ્યાણને ઈચ્છનારે દોષનો બદલો ગુણથી વાળવો એ જ શ્રેયસ્કર છે.

**ક્રોધાદિને નહિ જીતવાથી પરલોકના વિપરીત ફળ કહે છે-**

**કોહો અ માણો અ અણિગ્ગહિઆ,**
**માયા અ લોભો અ પ(વિ)વડ્ઢમાણા ।**
**ચત્તારિ એએ કસિઆ કસાયા,**
**સિંચંત્તિ મૂલાઇં પુણબ્ભવસ્સ ।।૪૦।।**

અણિગ્ગહિઆ-નહિ જીતેલા (નિરંકુશ) ક્રોધ અને માન, તથા પવડ્ઢમાણા-વૃદ્ધિ પામતા માયા અને લોભ, એ ચારે કસિણા-ક્લિષ્ટ (અથવા રૂઢ થએલા) કષાયો (અશુભભાવના રૂપ જળ વડે તે તે પ્રકારનો કર્મબંધ કરાવીને) પુનર્જન્મનાં મૂળિયાંને સીંચે છે. (૪૦)

સંસારનું બીજ કષાયો અને કષાયોનો આધાર વિષયો છે, માટે વિષયોના ત્યાગ દ્વારા કષાયોને નબળા કરી સંસારની પરંપરા રોકી શકાય છે, અર્થાત્ વિષયોના વિરાગથી કષાયોનો મૂળમાંથી નાશ કરીને જન્મમરણની પરંપરાનો પણ સંમૂલનાશ કરી શકાય છે. ૪૦

**કષાયોના નિગ્રહ માટે વિશેષ ઉપાયો કહે છે -**

**રાયણિએસુ વિણયં પઉંજે,**
**ધુવસીલયં સયયં ન હાવઇજ્જા ।**

**કુમ્મુવ્વ અલ્લીણપલીણગુત્તો,**
**પરક્કમિજ્જા તવસંજમંમિ ।।૪૧।।**

ચિરદીક્ષિતાદિ અન્ય રાયણિએસુ-રત્નાધિકોનો વિનય (અભ્યુત્થાનાદિ) પઉંજે-કરે, અઢાર હજાર શીલાંગના પાલનરૂપ ધ્રુવસીલયં-ધ્રુવશીલતાને (નિત્ય આચારને) શક્તિ ગોપવ્યા વિના સતત (પ્રતિદિન) ન હાવઇજ્જા-ઘટવા ન દે, (અખંડ પાળે) અને કુમ્મુવ્વ-કાચબાની જેમ અલ્લીણ-અંગોને ગોપવવા પલીણ-ઉપાંગોને ગોપવવા દ્વારા ગુત્તો-ગુપ્ત (એવો મુનિ) તવસંજમંમિ-તપપ્રધાન સંયમમાં પરક્કમિજ્જા-પરાક્રમ કરે. (૪૧)

સંયમમાં બાહ્ય-અભ્યંતર બાર પ્રકારના તપની મુખ્યતા છે, કારણ કે તેના વિના સંયમમાં વિકાસ થતો નથી. અભ્યંતર તપ સંયમના પ્રાણભૂત અને બાહ્યતપ સંયમના શરીરરૂપ છે, એમ બાહ્ય અભ્યંતર ઉભય તપની આરાધના એ સંયમની આરાધના છે. ૪૧

**નિદ્દં ચ ન બહુમન્નિજ્જા, સપ્પહાસં વિવજ્જએ ।**
**મિહોકહાહિં ન રમે, સજ્ઝાયંમિ રઓ સયા ।।૪૨।।**

નિંદ્રાને બહુમાને નહિ (નિષ્કામશાયી અને પ્રકામશાયી ન બનતાં વિશેષ આરાધનાના આશયથી શરીરની સહાય મેળવવા પૂરતો તેને આરામ આપે.) સપ્પહાસં-અતિ હાસ્યને વર્જે, મિહોકહાહિં-ગુપ્તવાતોમાં રમે નહિ (કોઈની ગુપ્ત વાતોનો રસ ન રાખે) અને સ્વાધ્યાયમાં સદા રક્ત રહે. (૪૨)

વિના કારણે નિદ્રા કરવાથી પ્રમાદનો પક્ષ વધે, અતિ હસવાથી ગાંભીર્યનો નાશ અને સાધુતાની લઘુતા થાય, બીજાની ગુપ્ત વાતોના રસથી કોઈને આપઘાત વગેરે કરવાનો કે પોતાને શિરે કલંક આવવાનો સંભવ રહે, માટે એ સઘળું તજીને સ્વાધ્યાયમાં સદા રક્ત રહે. સ્વાધ્યાય કરવાથી નવા નવા શુભ પરિણામો પ્રગટે છે અને ત્રણે યોગોની અકુશળ પ્રવૃત્તિ અટકે છે.

**જોગં ચ સમણધમ્મંમિ, જુંજે અનલસો ધુવં ।**
**જુત્તો અ સમણધમ્મંમિ, અટ્ઠ લહઇ અણુત્તરં ।।૪૩।।**

અનલસો-ઉત્સાહવાન્ ધુવં-ધ્રુવ (નિત્ય કાળાદિને અનુસરીને ગૌણ-મુખ્યભાવે મન વચન કાયાના વ્યાપારરૂપ) જોગં-ત્રણ યોગોને ક્ષમાદિ દશ પ્રકારના સમણધમ્મંમિ-શ્રમણધર્મમાં

જુંજે-જોડે. (એ રીતે) શ્રમણધર્મમાં જુત્તો-જોડાએલો (મુનિ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ) અણુત્તરં-શ્રેષ્ઠ અટ્ઠં-અર્થને (સંપત્તિને) પામે. (૪૩)

ઉત્સાહ વિના પ્રવૃત્તિ કરવા છતાંય યથાર્થ ફળ મળતું નથી, માટે 'ઉત્સાહપૂર્વક' કહ્યું છે. 'યોગોનો મુખ્ય-ગૌણભાવ કરવો' અનુપ્રેક્ષાસ્વાધ્યાયમાં મનોયોગને, શેષ સ્વાધ્યાયમાં વચનયોગને, પ્રતિલેખનાદિમાં કાયયોગને, મુખ્ય રાખવો અને અન્યયોગને ગૌણ કરવા. જે કાળે જેનું મહત્ત્વ હોય તે કાર્યમાં તે યોગોને જોડવા. અર્થાત્ ભોજનકાળે અધ્યયન કે અધ્યયનકાળે ભોજન વગેરે ન કરતાં પ્રત્યેક કાર્યો યથાકાળ કરવાં. તે પણ એક બે દિવસ પૂરતાં નહિ પણ નિત્ય-જીવતાં સુધી, એમ 'ધ્રુવનો' અર્થ સમજવો. એ રીતે વર્તતો સાધુ જ્ઞાનાદિ સંપત્તિને અવશ્ય પામે. ૪૩

**ઇહલોગપારત્તહિઅં, જેણં ગચ્છઇ સુગ્ગઇં ।**
**બહુસ્સુઅં પજ્જુવાસિજ્જા, પુચ્છિજ્જત્થવિણિચ્છયં ।।૪૪।।**

જેણં-જે જ્ઞાનાદિ સંપત્તિ વડે ઇહલોગ-પારત્તહિઅં-આલોક અને પરલોકના હિતને અને પરંપરાએ સુગ્ગઇ-સિદ્ધિગતિને પામે, (તે જ્ઞાનાદિ પ્રાપ્તિ માટે) બહુસ્સુઅં-આગમવૃદ્ધને

(આગમના જાણ ગુર્વાદિને) સેવે (વિનયાદિપૂર્વક તેઓની આજ્ઞાનું પાલન કરી પ્રસન્ન કરે) અને તેઓને અત્થવિણિચ્છયં-અર્થના નિશ્ચયને (તે તે હિતકર-અહિતકર ભાવોનો નિશ્ચય કરવા) પુચ્છિજ્જ-પૂછે. (૪૪)

તથાવિધ વિનયાદિદ્વારા પ્રસન્ન થએલા ગુરુ શિષ્યને પાત્ર જાણીને શાસ્ત્રોની રહસ્યભૂત વાતો સમજાવે. માટે નિર્મળ જ્ઞાનના અર્થીએ ગુર્વાદિ જ્ઞાનીઓનો વિનય કરી તેઓને પ્રસન્ન કરવા જોઈએ. વિનય કરવાથી પાત્રતા પ્રગટે છે અને આવરણોરૂપ કર્મોનો ક્ષયોપશમ થાય છે, એથી આત્મામાં જ્ઞાનનો પ્રકાશ થાય છે. સ્વયં પુસ્તકો વાંચીને મેળવેલું જ્ઞાન મોહનો ઘાત કરી શકતું નથી, વિનયથી જ્ઞાનાવરણીયાદિ કર્મો ખપવાથી પ્રગટ થયેલો જ્ઞાન પ્રકાશ મોહના અંધકારને નાશ કરે છે, માટે અહીં ભણવાને બદલે બહુશ્રુતની ઉપાસના કરવાનું કહ્યું છે. વિનયથી જેટલું કે જેવું જ્ઞાન પ્રગટે છે, તેટલું કે તેવું જ્ઞાન સ્વયં કે વિનય વિના અયોગ્ય પાસે ભણવાથી પણ કદી મળતું નથી. ૪૪

**હત્થં પાયં ચ કાયં ચ, પણિહાય જિઇંદિએ ।**
**અલ્લીણગુત્તો નિસિએ, સગાસે ગુરુણો મુણી ।।૪૫।।**

(ગુરુનો પર્યુપાસક મુનિ કાયસંયમ માટે) ગુરુની સગાસે-પાસે હાથને, પગાને અને શરીરને પણિહાય-સંયત કરીને (ઈન્દ્રિયોનો વિજય કરીને) અલ્લીણગુત્તો-કંઈક લીન-ગુપ્ત (શરીર સંકોચીને) બેસે. (૪૫)

વિનીત સાધુ શક્યતા મુજબ ગુરુની દૃષ્ટિએ દેખાય તેમ, શરીરને, હાથ-પગાને સંકોચીને, નેત્રોને જ્યાં ત્યાં ફેરવ્યા વિના અને કાનથી બીજાનું સાંભળવાનું લક્ષ્ય છોડીને, ઈત્યાદિ ઈન્દ્રિયોનો અંકુશ કરીને અવયવોને ગોપવીને (સ્થિર આસનથી) એકાગ્ર થઈને બેસે. ૪૫

**ન પક્ખઓ ન પુરઓ, નેવ કિચ્ચાણ પિટ્ઠઓ ।**
**ન ય ઉરું સમાસિજ્જ, ચિટ્ઠિજ્જા ગુરુણંતિએ ।।૪૬।।**

કિચ્ચાણ-ગુરુની બરાબર પક્ખઓ-પડખે, બરાબર પુરઓ-સામે, પિટ્ઠઓ-પાછળ, કે ઉરં-સાથળને સમાસિજ્જ-દાબીને (સાથળ ઉપર સાથળ મૂકીને) ગુરુણંતિએ-ગુરુની નજીક ન ચિટ્ઠિજ્જા-બેસે નહિ. (૪૬)

'ન' સર્વત્ર નિષેધ માટે છે. બરાબર પડખે બેસવાથી તુલ્ય દેખાવાથી અવિનય અને આગળ બેસવાથી ગુરુ જોઈ ન

શકે, અંગને સ્પર્શીને બેસવાથી અવિનય-આશાતના થાય અને બહુ દૂર બેસવાથી ગુરુનું પ્રયોજન (કાર્ય) ન કરી શકે, વગેરે દોષો સમજવા. ૪૬

**હવે ઉપાસના માટે વાણીનો સંયમ કરવા કહે છે -**

**અપુચ્છિઓ ન ભાસિજ્જા, ભાસમાણસ્સ અંતરા ।**
**પિટ્ઠિમંસ ન ખાઇજ્જા, માયામોસં વિવજ્જએ ।।૪૭।।**

ગુર્વાદિએ પૂછયા વિના (વિના કારણે) બોલે નહિ, તે બોલતા હોય તેમાં પણ વચ્ચે ('આ આમ નહિ પણ આમ છે' વગેરે) બોલે નહિ, પિટ્ઠિમંસં-પરોક્ષમાં દોષોને ન ખાઇજ્જા-ન બોલે અને માયાપૂર્વક મૃષા બોલવાનું વર્જે. (૪૭)

**અપ્પત્તિઅં જેણ સિઆ, આસુ કુપ્પિજ્જ વા પરો ।**
**સવ્વસો તં ન ભાસિજ્જા, માસં અહિઅગામિણિં ।।૪૮।।**

વળી જેનાથી માત્ર અપ્રીતિ થાય તેવી, કે પરો-બીજો આસુ-તુર્ત કોપ કરે તં-તેવી અહિઅગામિણિં-(ઉભય લોકમાં) અહિત કરનારી ભાષાને સવ્વસો-સર્વ અવસ્થામાં (કદી પણ) ન બોલે. (૪૮)

જ્ઞાનગંભીર ગુર્વાદિને અપ્રીતિ ન થાય, તો પણ તેઓના

ભક્ત અન્ય સાધુ આદિને તો અપ્રીતિ થાય કે રોષ પ્રગટે, માટે તેવી ભાષા ઉભય લોકનું અહિત કરે. કારણ કે અતુલ ઉપકારી વિનયના પાત્રભૂત ગુરુનો પણ અવિનય કરનાર અન્ય કોઈનો વિનય કરી શકે નહિ. સાધુનો ક્રોધ કરવાનો આચાર નથી, તો પણ ગુર્વાદિ પૂજ્યોનો અનાદર કે અપમાનાદિ કરનાર પ્રત્યે રોષ પ્રગટે, કારણ કે તે ગુરુ ભક્તિરૂપ હોવાથી પ્રશસ્ત છે. કરણીય નથી છતાં યોગ્ય શિષ્યને તે થયા વિના ન રહે, એવો રોષ કૃતજ્ઞતા અને ગુણાનુરાગથી થાય માટે તે ગુણરૂપ છે. સદ્ગતિનું કારણ છે. આ વિષયમાં ગોશાળકે કરેલું અપમાન સહન નહિ કરનારા પ્રભુ મહાવીરદેવના શિષ્યો દૃષ્ટાન્તભૂત છે. ૪૮

**દિટ્ઠં મિઅં અસંદિદ્ધં, પડિપુન્નં વિઅં જિઅં ।**
**અયંપિરમણુવ્વિગ્ગં, ભાસં નિસિર અત્તવ ।।૪૯।।**

(કિન્તુ) દિટ્ઠં-જોએલું-જાણેલું, મિઅં-મિત, અસંદિદ્ધં-સંદેહરહિત, પડિપુન્નં-પૂર્ણ, વિઅં-વ્યક્ત (સ્પષ્ટ), જિઅં-પરિચિત શબ્દોમાં, અયંપિરં-ઊંચું નીચું નહિ અને અણુવ્વિગ્ગં-ઉદ્વેગ ન થાય તેવું ભાસં-વચન અત્તવં-આત્મવાન્ (જ્ઞાની) નિસિર-બોલે. (૪૯)

ચોક્કસ જાણતો હોય તેવું, મિત અલ્પશબ્દોમાં-ખાસ પ્રયોજને, પૂર્ણ-સ્વરાદિ, પૂર્ણ ઉચ્ચારવાળું, સ્પષ્ટ સમજાય તેવું બહુ મોટેથી કે ધીમેથી નહિ પણ મધ્યમ અવાજથી અને સાંભળતાં પ્રસન્નતા થાય તેવા પ્રસન્ન ચિત્તથી બોલવું, તે વાણીનો વિનય છે. ૪૯

**આયારપન્નત્તિધરં, દિટ્ઠિવાયમહિજ્જગં ।**
**વાયવિક્ખલિઅં નચ્ચા, ન તં ઉવહસે મુણી ।।૫૦।।**

આયાર-આચારાંગ તથા પન્નત્તિધરં-પ્રજ્ઞપ્તિ (ભગવતી) સૂત્રને ભણેલા અને દિટ્ઠિવાયં-દૃષ્ટિવાદને અહિજ્જગં-ભણતા એવા જ્ઞાનીની પણ વાયવિક્ખલિઅં-વચનની વિવિધ સ્ખલનાઓને જાણીને મુનિ તં-તેને ન ઉવહસે-હસે નહિ. (ઉપહાસ-મશ્કરી કરે નહીં) (૫૦)

આચારાંગ ભણવાથી શબ્દોના લિંગો વગેરેનું સામાન્ય અને ભગવતીથી એ જ લિંગ વગેરેનું વિશેષ જ્ઞાન થાય છે. દૃષ્ટિવાદથી પ્રકૃતિ, પ્રત્યય, લોપ, આગમ, વર્ણ વિકાર (ભેદ), કાળ, વિભક્તિ આદિ વ્યાકરણ સંબંધી સમ્પૂર્ણ બોધ થાય, છતાં છદ્મસ્થ હોવાથી જ્ઞાનીની પણ ભૂલ થાય માટે ઉત્તમ મુનિ સ્ખલના સાંભળી મશ્કરી ન કરે. પછી

સામાન્ય બોધવાળાની સ્ખલનાની તો હાંસી થાય જ કેમ ? અર્થાત્ કોઈની ભૂલ જાણીને મુનિ હસે-મશ્કરી કરે નહિ. દૃષ્ટિવાદને 'ભણેલો' નહિ કહેતાં 'ભણતો' કહ્યો, તેમાં એ હેતુ છે કે દૃષ્ટિવાદને ભણ્યા પછી વિશિષ્ટ જ્ઞાનને કારણે પ્રાય: તેની સ્ખલના ન થાય. ૫૦

**નક્ખતં સુમિણં જોગં, નિમિત્તં મંતભેસજં ।**
**ગિહિણો તં ન આઇક્ખે, ભૂઆહિગરણં પયં ।।૫૧।।**

પૂછવા છતાં ગિહિણો-ગૃહસ્થને (શુભાશુભ) નક્ખતં-નક્ષત્રને, સ્વપ્નને, (વશીકરણાદિ) જોગં-યોગને (ચૂર્ણાદિને) (અતીત અનાગત વિષયક) નિમિત્તોને, મંતં-કોઈ મંત્રને અને (અતિસાર વગેરે રોગોના) ભેસજં-ઔષધને વગેરે તં-તે તે ભૂઆહિગરણં પયં-જીવોને ઉપદ્રવ કરનારા અધિકરણ સ્થાનને ન આઇક્ખે-ન કહે. (૫૧)

એકને ઉપકાર કરતાં બીજાને અપકાર થાય તે વાસ્તવિક ઉપકાર નથી, માટે મુનિ કોઈ જીવને ઉપદ્રવ થાય તેવી વાત ઉપકાર માટે પણ ન કહે, કિન્તુ સ્વકર્મોદયરૂપ દુ:ખને સમતાથી ભોગવી લેવા ઉપદેશ કરે. દુ:ખમાંથી છૂટવાનો ઉપાય દુ:ખના નિમિત્તોથી દૂર થવું તે નથી, પણ સમતાથી

ભોગવી લેવાં તે છે. દુઃખથી કંટાળીને તેનાં નિમિત્તોને દૂર કરવા ઈચ્છા કરવી તે આર્તધ્યાન છે, એમ સમજતો મુનિ નિમિત્તાદિનો કે મંત્ર તંત્રાદિનો ઉપદેશ ન કરે. ૫૧

**અન્નટ્ઠં પગડં વયણં, ભઇજ્જ સયણાસણં ।**
**ઉચ્ચારભૂમિસંપન્નં, ઇત્થીપસુવિવજ્જિઅં ।।૫૨।।**

અન્નટ્ઠં-બીજાના માટે પગડં-બનેલું (બનાવેલું), ઉચ્ચારભૂમિસંપન્નં-વડી-લઘુનીતિ માટેની ભૂમિથી યુક્ત, તથા ઇત્થીપસુવિજાજ્જિઅં-સ્ત્રીપશુપંડકવર્જિત એવા વયણં-સ્થાનને (ઉપાશ્રયને) તથા સયણાસણં-શયન-આસનને મુનિ ભઇજ્જ-ભોગવે.

વસતિ ઉચ્ચાર-પ્રસ્ત્રવણની સગવડ વિનાની હોય તો આગાઢ પ્રસંગે, હાજત રોકવા વગેરેથી અસંયમ થાય. શયન-આસન વગેરે પણ પોતાના નિમિત્તે કરેલાં-ખરીદેલાં વગેરે દૌષિત ન વાપરે. ૫૨

**વિવિત્તા અ ભવે સિજ્જા, નારીણં ન લવે કહં ।**
**ગિહિસંથવં ન કુજ્જા, કુજ્જા સાહૂહિં સંથવં ।।૫૩।।**

જો સિજ્જા-વસતિ (કોઈ કારણે) વિવિત્તા-અન્ય સાધુ

વગરની (પોતે એકલો હોય, અથવા અનાચારી કોઈ બીજો) હોય તો ત્યાં નારીણં-સ્ત્રીઓને કહં-ધર્મકથા ન લવે-ન સંભળાવે. ગિહિસંથવં-ગૃહસ્થોનો પરિચય ન કરે, સાધુઓની સાથે પરિચય કરે. (૫૩)

એકલો હોય છતાં સ્ત્રીઓને ધર્મકથા કહે, તો તેના બ્રહ્મચર્યમાં શંકા વગેરે થાય, માટે ઔચિત્ય સમજીને પુરુષોને અને અન્ય સાધુઓ સાથે હોય તો સ્ત્રીઓને પણ સંભળાવે. ગૃહસ્થના પરિચયથી સ્નેહ-પ્રતિબંધ-લઘુતાદિ દોષો થાય માટે તે વર્જવો અને સાધુનો પરિચય કલ્યાણમિત્રના યોગતુલ્ય હોવાથી સંયમમાં વૃદ્ધિ થાય માટે કરવો. ૫૩

**જહા કુક્કુડપોઅસ્સ, નિચ્ચં કુલલઓ ભયં ।**
**એવં ખુ બંભયારિસ્સ, ઇત્થીવિગ્ગહઓ ભયં ।।૫૪।।**

જેમ કુક્કુડપોઅસ્સ-કૂકડાના બચ્ચાને નિત્ય કુલલઓ-બિલાડાથી ભય રહે, એ પ્રમાણે બ્રહ્મચારીને ખુ-નિશ્ચે સ્ત્રીના શરીરથી ભય રહે. (૫૪)

'શરીરથી' ભય કહેવાનું કારણ એ છે કે સ્ત્રીનો મૃતદેહ જોવાથી પણ રાગ થવાનો સંભવ છે. ૫૪

**ચિત્તભિત્તિં ન નિજ્ઝાએ, ના રિં વા સુઅલંકિઅં ।**
**ભક્ખરં પિવ દટ્ઠુણં, દિટ્ઠિં પડિસમાહરે ।।૫૫।।**

ચિત્તભિત્તિં-માત્ર ચિત્રેલી, અથવા (સચેતન) સુઅલંકિઅં-અલંકારયુક્ત કે ઉપલક્ષણાથી અલંકારરહિત પણ નારીને ન નિજ્ઝાએ-જોવી નહિ. (કદાચ) દૃષ્ટિ પડી જાય તો દટ્ઠુણં-જોઈને ભક્ખરં પિવ-ભાસ્કરની (સૂર્યની) જેમ (તુર્ત) દૃષ્ટિને પડિસમાહરે-પાછી ખેંચી લેવી. (૫૫)

સૂર્યની સામે દૃષ્ટિ જોડવાથી નેત્રનું તેજ હણાય, તેમ સ્ત્રીની સાથે દૃષ્ટિ જોડતાં આત્મતેજ (જ્ઞાનાદિ ગુણોની શક્તિ) હણાય છે અને મોહનો (વિકારનો) અંધકાર છવાઈ જતાં પોતાના કર્તવ્યનું-જાતિનું-કુળનું ભાન કે ભવિષ્યના સંકટોના ભય, કંઈ દેખાતું નથી. ૫૫

**હત્થપાયપડિચ્છિન્નં, કણ્ણનાસવિગપ્પિઅં ।**
**અવિ વાસસયં નારિં, બંભચારી વિવજ્જએ ।।૫૬।।**

અધિક શું કહેવું ? હાથ-પગથી પલિચ્છિન્નં-છેદાએલી, કાન-નાકથી વિગપ્પિઅં-કપાએલી, અને વાસસયં-સો વર્ષની વૃદ્ધા પણ નારીને બ્રહ્મચારી વિવજ્જએ-વર્જે, (તેના

પરિચયથી દૂર રહે, પછી રૂપવતી યુવતી માટે તો કહેવું જ શું ? અર્થાત્ તેનો પરિચય તો અવશ્ય વર્જે.) (૫૬)

ધનિક જેમ ચોરોથી દૂર અને ચોકી-રક્ષણપૂર્વક રહે, તેમ ચારિત્રરૂપી ધનવાળો મુનિ સ્ત્રીથી દૂર રહે અને સદા નવવાડોરૂપી ચોકી-રક્ષણમાં રહે. એક વાડનો પણ ભંગ ન કરે. ૫૬

**વિભૂસા ઇત્થિસંસગ્ગો, પણીઅં રસભોઅણં ।**
**નરસ્સડત્તગવેસિસ્સ, વિસં તાલઉડં જહા ।।૫૭।।**

જહા-જેમ તાલઉડં-તાલપુટ વિસં-ઝેર (શરીરને) હાનિ કરે તેમ અત્તગવેસિરસ-આત્મહિતના ગવેષક (અર્થી) નરસ્સ-પુરુષને (વસ્ત્રાદિથી કરાતી) વિભૂષા-શરીરશોભા, સ્ત્રીનો સંસર્ગ અને પણીઅં રસભોઅણં-ઘી આદિ રસોવાળું અને સ્વાદિષ્ટ ભોજન (બ્રહ્મચર્યની) હાનિ કરે છે. (૫૭)

ઉપલક્ષણાથી 'વસતિ' આદિ એક પણ વાડની ઉપેક્ષા બ્રહ્મચર્યનો ઘાત કરે છે. સ્ત્રીના સંભોગથી બ્રહ્મચર્યનો ઘાત થાય, તેમ વિકારી વિચાર માત્રથી પણ બ્રહ્મચર્ય ઘવાય છે. વિભૂષા વગેરે પણ વિકારનાં ઉત્તેજક છે, માટે આત્માર્થીએ

તેને વિશેષતયા વર્જવાં જોઈએ. જેમ ઘરનો માલિક ઘરના બારણાથી ઘરમાં પ્રવેશ કરે છે અને ઠગારાઓ પણ એ જ બારી બારણાંથી ઘરમાં પેસી ઠગે-લૂંટે છે, તેમ જે જે નિમિત્તો શરીરને સુખ આપવાની બુદ્ધિએ સેવાય તે જ નિમિત્તોથી વિકારો પણ આત્મામાં પ્રગટ થઈને ચારિત્રધનને લૂંટે છે. ૫૭

**અંગપચ્ચંગસંઠાણં, ચારુલ્લવિઅપેહિઅં ।**
**ઇત્થીણં તં ન નિજ્ઝાએ, કામરાગવિવડ્ઢણં ।।૫૮।।**

ઇત્થીણં-સ્ત્રીનાં તં-તે કામરાગવિવડ્ઢણં-કામરાગને વધારનારાં મસ્તકાદિ અંગં-અંગોને નેત્રાદિ પચ્ચંગં-પ્રત્યંગોને (ઉપાંગાદિને) સંઠાણં-આકારને ચારુલ્લવિઅપેહિઅં-સુંદર આલાપને (શબ્દોને) તથા પ્રેક્ષણાને (કટાક્ષોને), ન નિજ્ઝાએ-ન જુએ. (૫૮)

મોહનો ઉદય હોવાથી આત્માને એ જોતાં મૈથુનની અભિલાષા થાય, માટે અહીં સ્ત્રીને જોવાનો નિષેધ કરવા છતાં પુનઃ અંગ-ઉપાંગ-આકાર-શબ્દો કે કટાક્ષો જુદા જુદા નિષેધ્યા. કારણ કે એ એકમાં પણ એવું સામર્થ્ય છે કે બ્રહ્મચર્યનો સર્વથા નાશ કરે.

અહીં પુરુષપ્રધાન ઉપદેશ હોવાથી પુરુષને અંગે કહ્યું છે, તો પણ એના ઉપલક્ષણાથી સ્ત્રીને પણ પુરુષનો પરિચય વિભૂષા પ્રણીત-આહાર વગેરે સઘળું તજવાનું સમજવું. ૫૮

**વિસએસુ મણુન્નેસુ, પેમં નાભિનિવેસએ ।**
**અણિચ્ચં તેસિં વિન્નાય, પરિણામં પુગ્ગલાણ઼ ઉ ।।૫૯।।**

તેસિં-તે તે પુગ્ગલાણં-પુદ્ગલોના અને ઉ-શબ્દાદિ વિષયોના પરિણામં-વિવિધ રૂપાન્તરોને અણિચ્ચં-અનિત્ય વિન્નાય-જાણીને મણુન્નેસુ-મનોજ્ઞ (ઈન્દ્રિયોને અનુકૂળ) શબ્દાદિ વિષયોમાં પેમં-રાગને ન અભિનિવેસએ-ન કરે (પ્રતિકૂળ શબ્દાદિમાં દ્વેષને પણ ન કરે.) (૫૯)

શબ્દાદિ વિષયોના પુદ્ગલોનાં ક્ષણિક રૂપાંતરો (મનોજ્ઞ હોય તે અમનોજ્ઞ અને અમનોજ્ઞ હોય તે મનોજ્ઞ રૂપે થતાં) પ્રત્યક્ષ દેખાય છે. એથી તેની અનિત્યતા-ક્ષણવિનશ્વરતાનો જાણ મુનિ મનોજ્ઞામાં રાગ કે અમનોજ્ઞમાં દ્વેષ ન કરે. જ્ઞાનીના જ્ઞાનનું આ જ ફળ છે. એ વિના ગમે તેટલું જ્ઞાન પણ ભારભૂત છે. આત્માને ઉપકાર કરી શકતું નથી. ૫૯

**પોગ્ગલાણં પરિણામં, તેસિં નચ્ચા જહા તહા ।**
**વિણીઅતણ્હો વિહરે, સીઈભૂએણ અપ્પણા ।।૬૦।।**

(તે તે શબ્દાદિ વિષયોના) પુદ્ગલોના પરિણામો (રૂપાન્તરો) જહા-જે જે રીતે બદલાય છે તહા-તે તે રીતે જાણીને (એ જાણવાથી) વિણીઅતણ્હો-તૃષ્ણાથી રહિત (બનેલો મુનિ) સંતાપરૂપ અગ્નિના અભાવે સીઈભૂએણ-ઉપશાન્ત થએલા પોતાના અપ્પણા-આત્મા સાથે વિહરે-વિચરે-રમે. (૬૦)

દાહરોગવાળાને ક્યાંય શાન્તિ મળતી નથી તેમ સંતાપથી (ક્લેશ-સંતાપ-ચિંતા-ખેદ વગેરેથી) બળતા આત્માને, બાહ્ય વિષયાદિની કે અભ્યંતર જ્ઞાનાદિ સમ્પત્તિ હોવા છતાં, ક્યાંય ચેન પડતું નથી. સતત દુ:ખનો અનુભવ થાય છે. આ સંતાપ વિષયોમાં મિથ્યા-રાગદ્વેષ થવાથી થાય છે. પુદ્ગલોના સારા-ખોટાપણાનું યથાર્થ જ્ઞાન થતાં વિષયોની અભિલાષા તૂટે છે અને તેથી કષાયો ઉપશાંત થાય છે. વિષયોના રાગથી ઉદ્ભવતી વિવિધ ઈચ્છાઓનો નાશ થયા પછી દેહના આરોગ્યની જેમ ઉપશમભાવરૂપ આત્માના આરોગ્યનો અનુપમ (સાંસારિક સર્વ સુખોના આનંદથી પણ અધિકતર) આનંદ અનુભવતો આત્મા સર્વ સંગ (ઈચ્છાઓથી) રહિત થઈ આત્મામાં (ગુણોમાં) રમે છે. ૬૦

**જાઇ સદ્ધાઇ નિક્ખંતો, પરિઆયટ્ઠાણમુત્તમં ।**
**તમેવ અણુપાલિજ્જા, ગુણે આયરિઅસંમએ ।।૬૧।।**

ઉત્તમ ગુણોને પ્રાપ્ત કરવા માટે જાઇ સદ્ધાઇ-જે શ્રદ્ધા વડે (અવિરતિરૂપ કાદવમાંથી) નિક્ખંતો-નીકળ્યો અને ઉત્તમં-શ્રેષ્ઠ પરિઆયટ્ઠાણં-પ્રવ્રજ્યારૂપ અન્ય પર્યાય-સ્થાનને (વિરતિ ગુણસ્થાનને) પામ્યો, તમેવ-તે જ શ્રદ્ધાને પ્રયત્નપૂર્વક અણુપાલિજ્જા-પાલન કરે. કયા વિષયમાં શ્રદ્ધાનું પાલન કરે ? તે કહે છે આયરિઅસંભએ-તીર્થંકરાદિને સંમત એવા ચારિત્રના મૂળ અને ઉત્તર ગુણે-ગુણોમાં, (એ શ્રદ્ધાને સ્થિર કરે) અર્થાત્ ગુણવૃદ્ધિ માટે સતત પ્રયત્ન કરે. (૬૧)

ચારિત્રગુણ જ સંયમનું સાધ્ય છે. એનાથી જ સંસારનાં સર્વ દુ:ખોનો નાશ કરી શકાય છે. વગેરે ચિંતન દ્વારા શ્રદ્ધાને અખંડ બનાવે અને વિષયાદિ જડભાવોમાં સુખની શ્રદ્ધા ન કરે. ૬૧

**હવે આચારપ્રણિધિનું ફળ કહે છે -**

**તવં ચિમં સંજમજોગયં ચ,**
**સજ્ઝાયજોગં ચ(સ) સયા અહિટ્ઠિએ ।**
**સુરે વ સેણાઇ સમત્તમાઉહે,**
**અલમપ્પણો હોઇ અલં પરેસિં ।।૬૨।।**

બાર પ્રકારના ઇમં તવં-આ તપને તથા (પૃથ્વીકાયાદિ જીવોની રક્ષારૂપ) સંયમ યોગોને અને (વાચનાદિ) સ્વાધ્યાય-યોગને સયા-સદા અહિટ્ઠિએ-આચરતો (તે તે તપ વગેરેમાં સ્થિર બનેલો) સ-તે મુનિ સેણાઇ-ચતુરંગી સેના વડે સુરેવ-શૂરવીરભટ સમર્થ બને તેમ (ઈન્દ્રિયોના વિષયોથી અને કષાયોથી ઘેરાએલો પણ) તપ વગેરે ભાવશસ્ત્રોથી સમત્તમાઉહે-સમસ્ત શસ્ત્રોવાળો તે અપ્પણો-પોતાના (રક્ષણ) માટે અલં-સમર્થ અને પરેસિં-બીજાઓને માટે પણ અલં-સમર્થ હોઇ-થાય છે. (૬૨)

અહીં તપમાં સ્વાધ્યાય અંતર્ગત છતાં બાર પ્રકારના તપમાં તેનું પ્રધાનપણું જણાવવા માટે પુનઃ જુદો કહ્યો છે. આ તપ, સંયમ અને સ્વાધ્યાયરૂપ શસ્ત્રોથી આત્મા અનાદિ વિષય-કષાયોની વાસનાનો ચૂરો કરી પોતાનું (ગુણોનું) રક્ષણ અને પોતાનું રક્ષણ કરવામાં સમર્થ થવાથી બીજાઓનું પણ રક્ષણ કરી શકે છે. એથી એમ સૂચવ્યું કે જે પોતાના સંયમમાં અસમર્થ હોય, તે બીજાઓના સંયમની રક્ષા માટે પ્રાયઃ અસમર્થ નીવડે છે, માટે પરોપકારની વૃત્તિવાળાએ પણ સ્વઉપકારનું લક્ષ્ય મુખ્ય રાખવું જોઈએ. સ્વઉપકારથી જ સાચો પરોપકાર થાય છે. ૬૧

**સજ્ઝાયસજ્ઝાણરયસ્સ તાઇણો,**
**અપાવભાવસ્સ તવે રયસ્સ ।**
**વિસુજ્ઝઈ જંસિ મલં પુરેકડં,**
**સમીરિઅં રુપ્પમલં વ જોઇણા ।।૬૩।।**

જં સિ-કારણ કે સ્વાધ્યાયરૂપ ઉત્તમધ્યાનમાં રક્ત, તાઇમો-સ્વપર રક્ષક, (લબ્ધિઆદિ કોઈ બાહ્ય ઈચ્છાઓના અભાવે) અપાવભાવસ્સ-શુદ્ધ ચિત્તવાળા અને બાર પ્રકારના તપમાં યથાશક્તિ રયસ્ય-રક્ત આત્માનો પુરેકડં-પૂર્વકૃત મલં-કર્મરૂપ મેલ જોઇણા-અગ્નિ વડે સમીરિઅં-પ્રેરિત (હટાવેલા) રુપ્પમલં વ-રૂપાના મેલની જેમ વિસુજ્ઝઈ-દૂર થાય છે. (૬૩)

સ્વાધ્યાય શુભ ધ્યાનનું પ્રબળ કારણ હોવાથી અહીં ઉપચારથી સ્વાધ્યાયને ધ્યાન કહ્યું છે. કારણ કે સ્વાધ્યાયથી મન વચન કાયાની અકુશળ વૃત્તિઓને રોધ થવા સાથે નવા નવા સંવેગરૂપ કુશળ પ્રવૃત્તિઓ પ્રગટે છે. ૬૩

**સે તારિસે દુક્ખસહે જિઇંદિએ,**
**સુએણ જુત્તે અમમે અકિંચણે ।**
**વિરાયઈ કમ્મઘણંમિ અવગએ,**
**કસિણબ્ભપુડાવગમે વ ચંદિમિ ત્તિબેમિ ।।૬૪।।**

ને (ઉપર કહ્યા પ્રમાણે આરાધના કરતો) દુઃખને સહન કરનારો, જિતેન્દ્રિય, સુએણ જુત્તે-શ્રુતજ્ઞાનથી યુક્ત, અમમે-નિર્મમ (મોહ રહિત) અને અકિંચણે-દ્રવ્યભાવ કિંચન રહિત તારિસે-તેવો આત્મા તેનાં કમ્મઘણંમિ-કર્મરૂપ પડળો (વાદળો) અવગએ-દૂર થતાં (આકાશનાં વાદળો દૂર થવાથી) ચંદિમે વ-ચંદ્ર શોભે તેમ વિરાયઈ-શોભે છે. તિબેમિ-એમ હું કહું છું. (૬૪)

દ્રવ્યથી ધનધાન્યાદિ નવવિધ પરિગ્રહથી અને ભાવથી કષાયાદિ અભ્યંતર ગ્રન્થથી રહિત તે દ્રવ્યભાવ અકિંચન સમજવો. ૬૪

આ અધ્યયનમાં આત્મવિશુદ્ધિ માટે બતાવેલા ક્રમિક ઉપાયોરૂપ આચારોથી ઉત્કટ પણ રાગ-દ્વેષાદિ અંતરંગ શત્રુઓનો નાશ થઈ શકે છે, એમ આત્માર્થીને સમજાય અને રુચે તેવું સ્પષ્ટ વર્ણન સ્વ-સ્વ ક્ષયોપશમાનુસાર સમજાય એવું હોવા છતાં સૂક્ષ્મ ચિંતનથી વિશિષ્ટ બોધ થાય તેવું છે.

**સમત્તમટ્ઠમમજ્ઝયણમ્ ।**

**આઠમું અધ્યયન સમાપ્ત**

# જ્ઞાનનાં ખમાસમણના પાંચ દુહા

**: મતિ જ્ઞાનનો દુહો :**

સમકિત શ્રદ્ધાવંતને, ઉપન્યો જ્ઞાન પ્રકાશ,
પ્રણમું પદકજ તેહના, ભાવ ધરી ઉલ્લાસ

**: શ્રુત જ્ઞાનનો દુહો :**

પવયણ શ્રુત સિદ્ધાંત તે આગમ સમય વખાણ,
પૂજો બહુવિધ રાગથી, ચરણ કમલ ચિત્ત આણ

**: અવધિ જ્ઞાનનો દુહો :**

ઉપન્યો અવધિજ્ઞાનનો, ગુણ જેહને અવિકાર,
વંદના તેહને માહરી, શ્વાસ માહે સો વાર

**: મન :પર્યવ જ્ઞાનનો દુહો :**

એ ગુણ જેહને ઉપન્યો, સર્વ વિરતિ ગુણઠાણ,
પ્રણમું હિતથી તેહના, ચરણ કમલ ચિત્ત આણ

**: કેવલ જ્ઞાનનો દુહો :**

કેવળ દંસણ નાણનો, ચિદાનંદ ઘન તેજ,
જ્ઞાન પંચમી દિન પૂજીએ, વિજયલક્ષ્મી શુભ તેજ

# ફટાકડા ફોડવાથી અષ્ટ કર્મબંધ

| | |
|---|---|
| કાગળ બળે તથા<br>પગ નીચે આવે તેથી | - જ્ઞાનાવરણીય કર્મ |
| જીવોની હિંસા,<br>અંગોપાંગ છેદાય તેથી | - દર્શનાવરણીય કર્મ |
| જીવોને ભય લાગે,<br>વેદના થાય તેથી | - વેદનીય કર્મ |
| ફટાકડા ફૂટવાથી આનંદ થાય,<br>ઉત્સાહ વધે તેથી | - મોહનીય કર્મ |
| ફટાકડા ફોડવાના અંત<br>સમયે આયુષ્ય બંધાવાથી | - અશુભ-આયુષ્ય કર્મ |
| બળીને મૃત્યુ પામવાથી | - નામ કર્મ |
| ફટાકડા ફોડવામાં પ્રોત્સાહન<br>દેવાથી નિમિત્તરૂપ થવાથી | - ગોત્ર કર્મ |
| નિદ્રામાં, અભ્યાસમાં, શાંતિમાં<br>બીજાને વિઘ્ન થવાથી | - અંતરાય કર્મ |

# ફટાકડા ફોડવાથી અષ્ટ કર્મબંધ

| | |
|---|---|
| કાગળ બળે તથા<br>પગ નીચે આવે તેથી | - જ્ઞાનાવરણીય કર્મ |
| જીવોની હિંસા,<br>અંગોપાંગ છેદાય તેથી | - દર્શનાવરણીય કર્મ |
| જીવોને ભય લાગે,<br>વેદના થાય તેથી | - વેદનીય કર્મ |
| ફટાકડા ફૂટવાથી આનંદ થાય,<br>ઉત્સાહ વધે તેથી | - મોહનીય કર્મ |
| ફટાકડા ફોડવાના અંત<br>સમયે આયુષ્ય બંધાવાથી | - અશુભ-આયુષ્ય કર્મ |
| બળીને મૃત્યુ પામવાથી | - નામ કર્મ |
| ફટાકડા ફોડવામાં પ્રોત્સાહન<br>દેવાથી નિમિત્તરૂપ થવાથી | - ગોત્ર કર્મ |
| નિદ્રામાં, અભ્યાસમાં, શાંતિમાં<br>બીજાને વિઘ્ન થવાથી | - અંતરાય કર્મ |